ISSN-0971-8397

# યોજના

એપ્રિલ-૨૦૧૫ વિકાસને સમર્પિત માસિક ₹ ૧૦


## ઉત્પાદન ક્ષેત્ર : વિકાસ અને પડકારો

ભારતમાં ઉત્પાદન ક્ષેત્ર : નવો દૃષ્ટિકોણ અને અનિવાર્ય આવશ્યકતાઓ

ઉત્પાદનક્ષેત્ર સંચાલિત વૃદ્ધિ, સ્પર્ધા અને પડકારો

શ્રમ કાયદાઓ અને ભારતનું ઉત્પાદનક્ષેત્ર
સુધારાઓની જરૂરિયાત


રાષ્ટ્ર નિર્માણની નવતર પહેલ
મેક ઇન ઇન્ડિયા












## Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :

**Business Manager (Journals)**
Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

### આગામી આકર્ષણ

**મે ૨૦૧૫**
**પ્રવાસન ક્ષેત્ર**

**જૂન ૨૦૧૫**
**વૈકલ્પિક દવાઓ**
**(Alternative Medicine)**

# યોજના

YR. XLIII VOL. I

નિયામક અને મુખ્યતંત્રી
**દીપિકા કચ્છલ**

નાયબ નિયામક : **અમિતા મારુ**
તંત્રી : **અજય ઇન્દ્રેકર**


આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.


**છૂટક નકલ : રૂ. ૧૦-૦૦**
**વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦-૦૦**
**બે વર્ષ : રૂ. ૧૮૦-૦૦**
**ત્રણ વર્ષ : રૂ. ૨૫૦-૦૦**

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)"ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**
લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ,
યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦


## આયોજન અને વિકાસને સમર્પિત


**વર્ષ : ૪૩ અંક : ૧ એપ્રિલ-૨૦૧૫ સળંગ અંક : ૭૭૨**


## વિષયસૂચિ


| | | |
|---|---|---|
| ભારતમાં ઉત્પાદન : નવો દૃષ્ટિકોણ અને અનિવાર્ય આવશ્યકતાઓ | પી. એમ. મેથ્યૂ | ૫ |
| ઉત્પાદન ક્ષેત્ર સંચાલિત વૃદ્ધિ, સ્પર્ધા અને પડકારો | અરુપ મિત્રા | ૧૨ |
| શ્રમ કાયદાઓ અને ભારતનું ઉત્પાદન ક્ષેત્ર - સુધારાઓની જરૂરિયાત | દેવાશિષ મિત્રા | ૧૭ |
| રાષ્ટ્રનિર્માણની નવતર પહેલ... મેક ઇન ઇન્ડિયા ભારતનું વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ કેન્દ્રમાં રૂપાંતર | અમિતાભ કાન્ત | ૨૩ |
| ભારતમાં ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ | સુરભિ અરોરા | ૨૯ |
| સમૃદ્ધ ભારત માટે ત્રણ કદમ : ઉત્પાદન - ઉદ્યોગ સાહસિકતા - રોજગારી | હરેશ પંડ્યા | ૩૩ |
| રોજગારી સર્જનમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું મહત્ત્વ | ડૉ. મહેશ આર. સોનારા | ૪૦ |
| કેન્દ્રીય અંદાજપત્ર : કરવેરામાં થયેલા ફેરફારોની અસરો | પ્રો. આત્મન શાહ | ૪૩ |
| મહાપથિક ડૉ. બાબાસાહેબ આંબેડકરનું શબ્દચિત્ર | નટવર ગોહેલ | ૪૬ |
| ઔદ્યોગિક ઉત્પાદનોના વધારા માટે ઉદ્યોગ સાહસિકતા અને વ્યાપક રોજગારી સર્જન જરૂરી | હરસુખ શાહ | ૫૦ |
| માનવ વિકાસના તત્ત્વો | ડૉ. કે. ડી. સોલંકી | ૫૩ |


## ટાઇટલ


- આવરણ ડિઝાઇન : – ૧
- યોજના જાહેરાત : – ૨
- નારાયણભાઈ દેસાઈ : રાજેન્દ્ર ખીમાણી ૩
- પ્રકાશન વિભાગનાં પુસ્તકો : – ૪



**Website : www.yojana.gov.in**
**E-mail Address : yojanagujarati@gmail.com**

# તંત્રીલેખ

## ઉત્પાદન ક્ષેત્રની વૃદ્ધિ માટે મોટી સંભવિતતા

**કો**ઈ પણ દેશના અર્થતંત્રના વિકાસમાં ઉત્પાદન ઉદ્યોગ નોંધપાત્ર મહત્ત્વ ધરાવે છે. ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્ર વૃદ્ધિ અને રોજગારી માટે ઉત્પાદન ઉદ્યોગ પર મોટા પાયે નિર્ભર હોય છે.

પરંપરાગત રીતે કૃષિ આધારિત ભારતીય અર્થતંત્ર ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા મોટી હરણફાળ ભરી રહ્યું છે. ભારતની કુલ રાષ્ટ્રીય ઉત્પાદન – જીડીપીમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો અત્યારે ૧૬ ટકા છે, પણ રોજગારી ક્ષેત્ર અને વૃદ્ધિમાં તેનું પ્રદાન તેની સાચી સંભવિતતાથી ઓછું છે. નિયંત્રિત અને કડક શ્રમ કાયદાઓ, કુશળ કાર્યબળની સરખામણીમાં અકુશળ કામદારોની વધારે સંખ્યા, ટેકનોલોજીમાં નવીનીકરણનો અભાવ વગેરે કેટલાંક પરિબળો છે, જે આ માટે જવાબદાર છે.

સંસાધનોની વિવિધતા અને ઉપલબ્ધ શ્રમિકોના કૌશલ્યમાં ફરક અને લાયકાત જેવાં પરિબળોને સમજવા લઘુ અને મોટા કદના ઉદ્યોગો એમ બંને માટે જરૂરી છે. લઘુ ઉદ્યોગ મોટાભાગે આપણા પરંપરાગત કૌશલ્યો અને જાણકારી પર આધારિત છે અને કૃષિ પછી સૌથી વધારે રોજગારીનું સર્જન કરે છે. તે ગરીબી નાબૂદ કરવામાં અને આવક અને સંપત્તિની સમાન વહેંચણીમાં પણ મદદ કરે છે. સાથે સાથે મોટા કદના ઉદ્યોગ રોજગારીની તક પ્રદાન કરવા ઉપરાંત નિકાસને સંવર્ધન આપીને વિદેશી ચલણની આવક વધારવામાં અને સ્થાનિક ઉત્પાદનો માટે માગનો આધાર વધારીને સર્વસમાવેશક વૃદ્ધિને અગ્રેસર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

રાષ્ટ્રીય ઉત્પાદન નીતિનો હેતુ આગામી દાયકામાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદન – જીડીપીમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો વધારીને ૨૫ ટકા કરવાનો અને ૧૦ કરોડ રોજગારીનું સર્જન કરવાનો છે. તેમજ ગ્રામીણ યુવાનોને રોજગારીક્ષમ કૌશલ્યો પ્રદાન કરીને તેમનું સશક્તિકરણ કરવા પણ ઇચ્છે છે. તાજેતરમાં સરકારના બજેટમાં પ્રક્રિયાઓનું સરળીકરણ કરી, તર્કસંગત બનાવી અને ડિજિટાઈઝેશન કરી સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય ઉદ્યોગને સંવર્ધન આપવા અનુકૂળ વાતાવરણ અને સુવિધાઓ પ્રદાન કરવા પ્રયાસ કરવામાં આવ્યા છે. "મેક ઈન ઈન્ડિયા", "સ્કિલ ઈન્ડિયા", "મુદ્રા" વગેરે જેવી પહેલોનો હેતુ ઉદ્યોગ-સાહસિકતાને પ્રોત્સાહન આપવાનો અને ભારતને દુનિયામાં ઉત્પાદનનું કેન્દ્ર બનાવવાનો છે. બજેટમાં મજબૂત માળખાગત સુવિધાનો અભાવ, ઊર્જાના પુરવઠાની ખેંચ, નવીનીકરણ અને ટેકનોલોજી વગેરેના મહત્ત્વ જેવા મુદ્દાઓ ઉકેલવાનો પ્રયાસ પણ થયો છે.

અહીં પ્રસ્તુત લેખો અત્યાર સુધી શું કરવામાં આવ્યું છે અને ઉત્પાદન ક્ષેત્રને આગળ વધારવા શું કરવાની ખરેખર જરૂર છે તેના પર પ્રકાશ ફેંકે છે.

અંતમાં એટલું જ કહેવાનું છે, કોઈ પણ વ્યક્તિ કહી શકે કે દુનિયામાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બનવાના લક્ષ્યાંકને હાંસલ કરવા ભારત માટે ઉત્પાદન ક્ષેત્ર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની સંભવિતતા ધરાવે છે. સરકાર અને ઉદ્યોગની મજબૂત પ્રતિબદ્ધતા તેને વાસ્તવિક સ્વરૂપ આપી શકે છે.

# ભારતમાં ઉત્પાદન : નવો દૃષ્ટિકોણ અને અનિવાર્ય આવશ્યકતાઓ

• પી. એમ. મેથ્યૂ •

**પૃષ્ઠભૂમિ**

ઉત્પાદન ક્ષેત્રમાં અપૂરતી વૃદ્ધિથી ભારતમાં રોજગારીના સર્જન પર નકારાત્મક કે નુકસાનકારક અસર થઈ છે. અત્યારે કાર્યબળની વહેંચણી અને કૃષિમાં મૂલ્ય સંવર્ધન વચ્ચે જે કમેળ જોવા મળે છે, તે આપણા દેશમાં ગરીબોની મોટી સંખ્યા માટે જવાબદાર મુખ્ય કારણોમાંનું એક કારણ છે. આ સમસ્યાને દૂર કરવા તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. ઉત્પાદન એવું ક્ષેત્ર છે, જે વધારે આવકની શોધમાં કૃષિ ક્ષેત્રમાંથી બહાર નીકળતા લોકોને સમાવી લે છે.

આપણે જાણીએ છીએ કે અત્યંત વૈશ્વિકૃત અર્થતંત્રમાં સ્પર્ધાત્મક નિકાસમાં વૃદ્ધિ જરૂરી હોય છે. ઓછી મજૂરી અને મૂલ્ય સંવર્ધિત કૌશલ્યો જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને ભારતે ઉત્પાદન ક્ષેત્રમાં ચીન જેટલી વૃદ્ધિ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવો જોઈએ. ભારતમાં કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)માં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો ૧૭ ટકા છે, જ્યારે ચીનમાં આ હિસ્સો ૩૩ ટકા, કોરિયામાં ૨૯ ટકા, બ્રાઝિલમાં ૨૫ ટકા અને થાઈલેન્ડમાં ૨૭ ટકા છે. જો કે આપણી પાસે અન્ય સંસાધનો અને માળખાગત સુવિધાની ઊણપ છે, જેને રોકાણકારો ઝંખે છે. આ નબળાઈને કારણે કૌશલ્યની જરૂર હોય તેવા ઉત્પાદનમાં રોકાણનો પ્રવાહ જોઈએ તેટલો આવતો નથી. જો કે ઓટો અને ઓટો કમ્પોનેન્ટ, વિશેષ રસાયણો, જેનેરિક દવાઓ અને ઈજનેરી જેવા કેટલાંક ક્ષેત્રોમાં તાજેતરના પ્રવાહો અહીં વૈશ્વિક ઉત્પાદકો માટે મોટી તક હોવાનું સૂચવે છે. વડાપ્રધાને બે મુખ્ય કાર્યક્રમો 'મેક ઇન ઇન્ડિયા' અને 'સ્કિલિંગ ઈન્ડિયા' પર નીતિગત ભાર મૂક્યો છે, જે ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે તે સમજવું જોઈએ.

ચિંતાજનક બાબત એ છે કે ભારતની જીડીપીમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો ઘટી રહ્યો છે. ચીનની જીડીપી ભારત કરતા ૩.૮ ગણી છે, ત્યારે તેના મશીન ટૂલ્સનું ઉત્પાદન ભારત કરતા ૫૫ ગણું વધારે છે. ભારતે આગામી ૧૫ વર્ષમાં ૧૦ કરોડ રોજગારીનું સર્જન કરવા દર વર્ષે ઉત્પાદન ક્ષેત્રમાં ૧૨થી ૧૪ ટકાની વૃદ્ધિની વ્યૂહરચના બનાવવાની જરૂર છે તેમજ મૂડીગત ચીજવસ્તુઓના ઉદ્યોગો અને તેના ઉત્પાદન ક્ષેત્રને સ્પર્ધાત્મક અને ટકાઉ બનાવવા નવીનીકરણમાં વધુ ઊંડાણ રચવાની જરૂર છે. નવીનીકરણની વ્યૂહરચના સંકલિત ઉત્પાદનની વ્યૂહરચના સાથે સંલગ્ન હોવી જોઈએ. આ માટે અત્યારે આપણે જે વ્યૂહરચના અપનાવી છે તેનાથી સંપૂર્ણપણે અલગ વ્યૂહરચના અપનાવવાની જરૂરિયાત દર્શાવે છે.

**ઉત્પાદન સ્પર્ધાત્મકતા : અર્થ અને વ્યાપ**

સ્પર્ધાત્મક અર્થતંત્રોએ ઉત્પાદકતા વધારવા જરૂરી પરિબળો વિકસાવ્યા છે, જેના પર તેમની વર્તમાન અને ભવિષ્યની સમૃદ્ધિનો આધાર છે. સ્પર્ધાત્મકતાને સમર્થન કરતું આર્થિક વાતાવરણ મંદીના ચક્રમાં રાષ્ટ્રીય અર્થતંત્રોને મદદ કરી શકે છે અને ભવિષ્યમાં મજબૂત સામાજિક આર્થિક કામગીરીને સક્ષમ બનાવતી વ્યવસ્થા ઊભી કરે છે.

વિશ્વ આર્થિક મંચ (ડબલ્યુઇએફ) સ્પર્ધાત્મકતાને સંસ્થાઓ, નીતિઓ અને દેશની ઉત્પાદકતાના સ્તરને નક્કી કરતા પરિબળોનો સમૂહ તરીકે વ્યાખ્યાયિત કરે છે. તેના બદલામાં ઉત્પાદકતાનું સ્તર સમૃદ્ધિનું ટકાઉ સ્તર સ્થાપિત કરે છે, જેને અર્થતંત્ર દ્વારા મેળવી શકાશે. બીજા શબ્દોમાં કહીએ તો વધુ સ્પર્ધાત્મક અર્થતંત્રો તેમના નાગરિકો માટે વધુ આવક કરવા માટે સક્ષમ બનાવે છે.

**ઉદ્યોગસાહસનું કદ અને સ્પર્ધાત્મકતા**

અત્યાર સુધી ઉત્પાદન પર મુખ્ય ચર્ચા આધુનિક ટેકનોલોજી, વ્યવસાયો અને મોટા ઉદ્યોગસાહસો પર કેન્દ્રિત હતી. સ્વાભાવિક રીતે ઉત્પાદન પર શૈક્ષણિક ચર્ચાઓનું પ્રભુત્વ હતું, જેમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસોની ભૂમિકા ગૌણ હતી. પણ વિકાસશીલ અર્થતંત્રોનો ઉદય થવાથી લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસોના વિકાસ પરત્વે લોકોનું ધ્યાન ખેંચવામાં મદદ મળી છે.

આંતરરાષ્ટ્રીય આંકડાઓ મુજબ, ૫૦ ટકાથી વધારે લઘુ વ્યવસાયો પ્રથમ વર્ષની અંદર નિષ્ફળ નિવડે છે, જ્યારે ૯૫ ટકા પ્રથમ પાંચ વર્ષની અંદર જ તૂટી જાય છે. બિનઅનુભવી ઉદ્યોગસાહસિકો, નબળું સ્થળ અને વૃદ્ધિ માટે મૂડીનો અભાવ જેવા નિષ્ફળતા માટેના સામાન્ય

કારણો ઉપરાંત રચનાત્મકતાના અભાવ પણ જવાબદાર છે, જેની ઘણી વખત અવગણના કરવામાં આવે છે. ઘણી વખત વ્યવસાયોનો વિકાસ મધ્યમ સ્તરની સફળતા હાંસલ કર્યા પછી થંભી જાય છે, ઉત્પાદકતા અને સ્પર્ધાત્મકતામાં વધારો થતો નથી, જે છેવટે વેચાણ કે વ્યવસાયમાં ઘટાડા તરફ દોરી જાય છે. એટલે ઉદ્યોગના વિકાસ માટે ઉત્પાદકતા અને ગુણવત્તામાં વધારા માટે નોંધપાત્ર પ્રદાન કરવા ટકાઉ પ્રયાસો કરવા જરૂરી છે.

આધુનિક જગતમાં ઉત્પાદન સ્પર્ધાત્મકતાની ચર્ચા વૈશ્વિકરણની પ્રક્રિયા અને અર્થતંત્રના ઉદારીકરણના સંબંધમાં કરવી પડશે. 'અનુકૂળ વિશેષતા'ના યુગનો ઉદય થવાથી ઉત્પાદન સ્પર્ધાત્મકતાએ નવું પરિણામ હાંસલ કર્યું છે. ઉત્પાદન ક્ષેત્રમાં હવે સ્થાન કે સ્થળની હકારાત્મક અને નકારાત્મક એમ બંને પ્રકારની અસર વધી રહી છે. ઉત્પાદનની વિવિધ પ્રક્રિયાઓ જુદી જુદી જગ્યાએ આકાર લે છે, ખર્ચના સંબંધમાં સ્થાનના ફાયદા મેળવવા નોંધપાત્ર તકો ઓફર કરે છે. એટલે ઉત્પાદન સ્પર્ધાત્મકતા માટે બજારનો વ્યાપ અને સ્થાન અને કામગીરીનું કદ મહત્ત્વપૂર્ણ પરિબળો બની ગયા છે.

ઉત્પાદન સ્પર્ધાત્મકતા હાંસલ કરવા સતત નવીનીકરણની જરૂર છે. જો કે નવીનીકરણ આગળ જતા વૃદ્ધિના અન્ય પાસાંઓને પણ ધ્યાન લે તે જરૂરી છે. કંપની વિસ્તરણ પામેલા બજાર માટે નજર દોડાવે છે ? અથવા તેને રોજગારીની તકોનું સંરક્ષણ કરવા જેવા ટૂંકા ગાળાના લક્ષ્યાંકો હાંસલ કરવામાં વધારે રસ છે? આ પ્રશ્નોના જવાબો ઉત્પાદન સ્પર્ધાત્મકતા પરની કોઈ પણ ચર્ચાઓમાં મહત્ત્વપૂર્ણ છે. વૈશ્વિક સ્પર્ધા બજારની વ્યાપક પહોંચ, ટેક્નોલોજીકલ નવીનીકરણ અને કૌશલ્ય સંવર્ધનની ઘણી તકો લાવે છે.

**ઉત્પાદન સ્પર્ધાત્મકતા સાથે સંબંધિત મુદ્દાઓ**

લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (MSMEs) ફક્ત ભારતમાં જ ઉત્પાદન ક્ષેત્રની કરોડરજ્જુ નથી, પણ વિકસિત દેશોમાં પણ તેઓ મહત્ત્વપૂર્ણ પ્રદાન આપે છે. એટલે એમએસએમઈની સ્પર્ધાત્મકતા સુનિશ્ચિત કરવી જરૂરી છે, કારણ કે તેનાથી ઉત્પાદન ક્ષેત્ર અને રાષ્ટ્રીય અર્થતંત્ર એમ બંનેની વૃદ્ધિમાં મદદ મળશે. 'સંયુક્ત કાર્યદક્ષતા'ના મોડેલ્સમાં દાયકાના અનુભવો સૂચવે છે કે જ્યારે આ મોડેલ્સ સમૂહ કે જૂથ હેઠળ કંપનીઓની સંપૂર્ણ ઉત્પાદકતાની વૃદ્ધિમાં પ્રદાન કરે છે, ત્યારે દેશની ઉત્પાદન ક્ષમતાઓને નુકસાન થયું છે. આ સંદર્ભમાં એનએમસીપી લોંચ થઈ હતી.

સ્વતંત્ર ધોરણે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા એસએમઈને સ્પર્ધાત્મક દુનિયામાં તેમની સ્થિતિની આકારણી કરવાની જરૂર છે અને તે મુજબ તેમની કંપનીનું પુનર્ગઠન કરવા કાર્ય કરવું પડશે. આ પ્રકારના એકમો સાથે સંબંધિત સમસ્યાનું સંચાલન કરવા વૈશ્વિકૃત વિશ્વમાં અતિ મુશ્કેલ છે. તેમણે સ્પર્ધાત્મક બનવા અને તેનો અમલ કરવા કાયાકલ્પ અને પુનર્ગઠન કરવાની જરૂર છે. એસએમઈ નવીનીકરણની શ્રેણીબદ્ધ અસરને આગળ ધપાવી શકે છે. તેઓ નવીનીકરણ અને ટેક્નોલોજીના વિકાસ માટે પ્રોત્સાહક છે, જ્યાં તે મોટી કંપનીઓ માટે ટેક્નોલોજીનો સ્રોત બને છે. એટલે આ ઉદ્યોગસાહસોને ટેક્નોલોજી વિકાસ અને સંવર્ધિત સ્પર્ધાત્મકતા માટે પ્રોત્સાહક બનવું પડશે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્મોલ એન્ટરપ્રાઈઝીસ એન્ડ ડેવલપમેન્ટ (આઈએસઈડી)ના અભ્યાસો દર્શાવે છે કે શ્રેણીબદ્ધ સરકારી કાર્યક્રમો શરૂ કરવા છતાં અને સંબંધિત મંત્રાલયોએ યોજનાઓ રજૂ કરવા છતાં તેઓ આ સમસ્યાઓનો પૂરતી રીતે ઉકેલવા ખરેખર સક્ષમ છે. આ માટે ક્રાંતિકારી ફેરફારોની જરૂર છે.

ટેકનોલોજી, મેનેજમેન્ટ અને ડિઝાઇનનું સાર્વત્રિક રૂપાંતરણ સંવર્ધિત સ્પર્ધાત્મકતા હાંસલ કરવા જરૂરી રહેશે. જો કે એમએસએમઈની અંદર આ હંમેશા શક્ય ન પણ બને. વિચારથી બજારને લઘુતમ કરવાનો સમય અને તેના જોખમો આજના બજારમાં સ્પર્ધાત્મક બનવા માટે અતિ મહત્ત્વપૂર્ણ છે, જે માટે કન્સલ્ટન્ટ કે ડિઝાઇનરે વ્યવસ્થિત અને પદ્ધતિસરનો અભિગમ દાખવવાની જરૂર પડશે,જે માટે એસએમઈને માર્ગદર્શન આપવાની અને તેનો અમલ કરાવવાની જરૂર છે.

**ટેકનોલોજી અને નવીનીકરણ સંવર્ધન**

આ બંને નવી સદીમાં ઉદ્યોગસાહસના વિકાસ માટે બે આવશ્યક પરિમાણો છે. વિકસિત રાષ્ટ્રોમાં સરકારોએ સંવર્ધન અને વિકાસના ક્ષેત્રમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. જો કે મોટા ભાગના ઔદ્યોગિક રાષ્ટ્રોના સંદર્ભમાં નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જીડીપીની ટકાવારી સ્વરૂપે સંશોધન અને વિકાસના ખર્ચનો ઉપયોગ ઘણી વખત નવીનીકરણની સ્થિતિના સૂચકાંક તરીકે થાય છે. ભારતીય સંદર્ભમાં સ્થિતિની વિસ્તૃત ચર્ચા થઈ છે. ભારતની સંશોધન અને ખર્ચની ક્ષમતામાં સમય સાથે નોંધપાત્ર વધારો થયો છે તેવી દલીલો થાય છે. જો કે તેમાં રજૂ કરવામાં આવતા આંકડા સંપૂર્ણ ચિત્ર તરફ દોરી

જતા નથી. નવીનીકરણ અને સંશોધન અને વિકાસ માટે ખર્ચ કરવાની દૃષ્ટિએ ભારત હજુ ઘણુ પાછળ છે. સંશોધન અને વિકાસના ખર્ચમાં અગ્રણી દુનિયાની ટોચની ૧,૦૦૦ કંપનીઓમાં ભારતની ફક્ત ચાર કંપનીઓ સામેલ છે. જ્યારે સંપૂર્ણ સ્થિતિ ઉપર મુજબ છે, ત્યારે એસએમઇ સાથે સંબંધિત સ્થિતિ બહુ પ્રોત્સાહક નથી. જ્યારે એસએમઇ ક્ષેત્રને તેના ઉત્પાદનોની વિવિધતા દ્વારા ઓળખવામાં આવે છે, ત્યારે સંશોધન અને વિકાસની સ્થિતિ અત્યંત નિરાશાજનક છે. તેને આઇપીઆર પર આઇએસઇડીના અભ્યાસ દ્વારા અત્યંત નોંધપાત્ર રીતે સૂચવવામાં આવે છે. (આઇએસઇડી, ૨૦૦૯)

ટેકનોલોજીકલ ક્રાંતિના પરિણામે દરરોજ દુનિયામાં નવા ઉત્પાદનો અને પ્રક્રિયાઓ આકાર લે છે. જો કે આ પ્રક્રિયાઓ અને ઉત્પાદનોને અન્ય કંપનીઓ દ્વારા સ્વીકારવામાં આવે છે કેમ, એ મોટો પ્રશ્ન છે અને તેનો જવાબ અન્ય કેટલાંક મહત્ત્વપૂર્ણ પરિબળો પર આધારિત છે, જેને બે ભાગમાં વહેંચી શકાય છે : (ક) અનિવાર્ય પરિસ્થિતિ અને (ખ) વૈકલ્પિક પરિસ્થિતિ.

**કૌશલ્ય સંવર્ધન પર વિવિધ પહેલ**

કેન્દ્ર અને રાજ્ય સરકારોનું દરેક મંત્રાલય સમયે સમયે વિવિધ પ્રકારના કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમોમાં સંકળાયેલા હોય છે. જો કે આ કાર્યક્રમો ઘણી વખત ક્ષેત્ર કે પેટા-ક્ષેત્રના સ્તરો પર કૌશલ્ય જરૂરિયાતોની સમજણ પર આધારિત છે. અર્થતંત્ર કૌશલ્ય ધરાવતી વધારે માનવીય સંભવિતતા મારફતે વધારે ઉત્પાદકીય, નવીનતાસભર અને સ્પર્ધાત્મક બને છે. રોજગારીનું સ્તર, તેના ઘટક અને રોજગારીની તકોમાં વૃદ્ધિ કોઈ પણ અર્થતંત્રમાં વિકાસની પ્રક્રિયાનો મહત્ત્વપૂર્ણ સૂચકાંક છે. વૈશ્વિકરણ અને ટેકનોલોજીકલ ફેરફારોની વધતી ઝડપ આર્થિક વિસ્તરણ અને રોજગારીના સર્જન માટે પડકારો અને વૃદ્ધિની તકો એમ બંને પ્રદાન કરે છે. આ તકોનો ફાયદો મેળવવા તેમજ સામાજિક ખર્ચ અને સ્થળાંતરને લઘુતમ કરવા કૌશલ્યનું સ્તર અને તેની ગુણવત્તા મહત્ત્વપૂર્ણ પરિબળો છે. ઊંચી અને ગુણવત્તાયુક્ત કૌશલ્યો ધરાવતા દેશોએ વૈશ્વિકરણના પડકારો અને તકોને વધુ સારી રીતે સંચાલિત કરી છે.

ભારતમાં રોજગારી-કૌશલ્યના કમેળની મોટી સમસ્યા છે. જો લોકો રોજગારલક્ષી તાલીમ મેળવે અને પછી રોજગારી મેળવે તેમને વધારે મદદ મળશે. એક વર્ષ રજૂ થયેલી યોજના ભારતના ૯૩ ટકા અર્ધકુશળ અને કૌશલ્ય ધરાવતા પણ અસંગઠિત કામદારોને લક્ષ્યાંક બનાવતી હતી. દેશમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં ૨૫ લાખ રોજગારલક્ષી તાલીમ બેઠકો ઉપલબ્ધ છે, દર વર્ષે બજારમાં ૧.૨૮ કરોડ લોકો બજારમાં પ્રવેશે છે.

એક અંદાજ મુજબ વિશ્વમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં અતિ કુશળ અને કુશળ તેમજ અર્ધકુશળ એમ બંને પ્રકારના ૫૪ કરોડ લોકોની જરૂર પડશે, જેમાં ડૉક્ટર્સ, ઈજનેરો, મેનેજર્સ વગેરે સામેલ છે. તેમાંથી આશરે ૫૦ ટકા લોકો ભારતમાંથી હશે તેવો અંદાજ છે. દેશમાંથી થઈ રહેલા સ્થળાંતરના દર મુજબ જોઈએ તો દરેક સ્તરે કુશળતાનો ફરક ઓછો થવાની શક્યતા છે. જોકે તેની નુકસાનકારક અસર એમએસએમઈ ક્ષેત્રને થશે. એક તરફ બહાર સ્થળાંતર થવાથી દેશની અંદર સામાન્ય કુશળતાની ખેંચ છે, ત્યારે તેના ફળ એમએસએમઈને જ ભોગવવા પડશે, કારણ કે આ ક્ષેત્ર માટે જરૂરી લોકો બહારના દેશોમાં ખેંચાઈ જશે. આ ઉપરાંત તેનાથી એમએસએમઇ ક્ષેત્રમાં પગારના દરમાં પણ વધારો કરવાની ફરજ પડશે, જે આ પ્રકારના એકમોને નાણાકીય રીતે અવ્યવહારિક બનાવશે. એટલે કુશળતા ધરાવતા કામદારોની ખેંચની સમસ્યા દૂર કરવા એમએસએમઇ કાયમી મંચ બનાવે તે જરૂરી છે.

કૌશલ્ય વિકાસ માટે સંકલિત અભિગમ નોંધપાત્ર પગલું છે, જેનો વડાપ્રધાને તેમના સ્વતંત્રતા દિવસના ભાષણમાં ઉલ્લેખ કર્યો હતો તેમજ કેન્દ્રિય બજેટ ૨૦૧૪માં 'સ્કિલ ઇન્ડિયા' તરીકે ઓળખાતા નેશનલ મલ્ટિ-સ્કિલિંગ પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો હેતુ રોજગારક્ષમતા અને સિદ્ધિના પ્રેરકબળ પર ભાર મૂકવાની સાથે યુવાનોમાં કૌશલ્યનું સંવર્ધન કરવાનો છે. તે વેલ્ડર્સ, લુહારો, કડિયાઓ, વણકરો જેવા પરંપરાગત વ્યવસાયો માટે તાલીમ અને સહકાર પણ પ્રદાન કરશે. આ હેતુ પાર પાડવા વિવિધ યોજનાઓને ભેગી કરવાની દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે. 'સ્કિલ ઇન્ડિયા' સહકારી નીતિ દ્વારા શ્રમ બજારના હસ્તક્ષેપમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર છે. શ્રમ બજારમાં સરકારી નીતિનું મુખ્ય કાર્ય તકો સુનિશ્ચિત કરવાનું છે. જ્યારે વિકાસશીલ અર્થતંત્રમાં તકો પુષ્કળ હોય છે, ત્યારે સરકારી નીતિ ક્ષમતાઓનો યોગ્ય દિશામાં વાળવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રકારની ક્ષમતાઓ મોડ્યુલર અને પ્રેરક કૌશલ્યોના મિશ્રણમાંથી જન્મે છે, જેને સુનિશ્ચિત કરવાનો પ્રસ્તાવિત

કાર્યક્રમનો ઉદ્દેશ છે.

કેન્દ્રિય બજેટ ૨૦૧૫માં આ ક્ષેત્રમાં વિવિધ પહેલોને વેગ આપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આ બજેટમાંથી કૌશલ્ય વિકાસની શિક્ષણના ક્ષેત્રમાં સૌથી મોટી અસર છે. તે અર્થતંત્રમાં સૌથી નીચેના સ્તરે રોજગારીનું સર્જન કરશે તેવી અપેક્ષા છે. બજેટમાં માળખાગત સુવિધા, ઊર્જા અને ઉત્પાદન, સ્વચ્છ ભારત, ક્લીન ગંગા અને ડિજિટલ ઈન્ડિયા જેવા ક્ષેત્રોમાં મોટા પાયે રોકાણ કરવાની દરખાસ્ત રજૂ કરે છે. તેનો અર્થ એ થયો કે ઉદ્યોગ અને કામ માટે તૈયાર પ્રતિભાઓ વિકસાવવા કૌશલ્ય-આધારિત તાલીમ જરૂરી છે. સ્કિલ ઈન્ડિયા અને નેશનલ સ્કિમ મિશન ૩૧ ક્ષેત્રોમાં કૌશલ્યોને મજબૂત કરવાની દરખાસ્ત રજૂ કરે છે.

કંપનીના પુનર્ગઠનમાં બદલાતા વ્યવસ્થાપન અને સંગઠનાત્મક માળખાઓ સાથે માહિતીનું હસ્તાંતરણ અને સંકલન, તેમજ નીતિગત વાતાવરણને વધુ અર્થસભર, નવીનતાસભર અને આઈપીઆર કરવાની જરૂર છે. ભારતમાં માહિતી આધારિત ઉદ્યોગોએ સંશોધન સંસ્થાઓ, વિશ્વવિદ્યાલયો અને અન્ય હરિફો સાથે નવીનીકરણ અને સંશોધન અને વિકાસના નેટવર્ક મોડેલને વધારવાનો પ્રયાસ કરવો જોઈએ. ઉત્પાદન ક્ષેત્રમાં આ પ્રકારના પ્રયાસોને પ્રોત્સાહન મળવું જોઈએ. વ્યવસાયો, ખાસ કરીને એમએસએમઇ વચ્ચે આઇપીઆરની જાગૃતિમાં વધારો કરવો એટલે તેમને તેમના વિચારોના સંરક્ષણ માટે તેમની વ્યૂહરચનાઓ વિશે માહિતીપ્રદ નિર્ણયો લેવા સક્ષમ બનાવવા.

જ્યારે આઇપીઆરનું મહત્ત્વ સુસ્થાપિત છે, ત્યારે એસએમઇના સંદર્ભમાં તેની પ્રસ્તુતતા પર પર્યાપ્ત ધ્યાન આપવામાં આવ્યું નથી. તેનું મુખ્ય કારણ વિષયની જટિલતા છે, જેને સાધારણ ઉદ્યોગસાહસિકો સમજી શકતા નથી. કંપનીનું કદ નાનું હોવાથી ઉદ્યોગસાહસિકો આઇપીઆરના મુદ્દાઓ પર અત્યંત ઓછું ધ્યાન આપે છે. આઇપીઆરના સંરક્ષણ માટેની જરૂરિયાત એટલે મહત્ત્વપૂર્ણ છે, એસએમઇના અનેક પરંપરાગત ક્ષેત્રોમાં બહુરાષ્ટ્રીય કે કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા પ્રવેશ કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં આઇપીઆરના કેટલાંક નવા ક્ષેત્રો વધુ મહત્ત્વપૂર્ણ બને છે.

**ઉદ્યોગસાહસિકતાની નીતિ**

ભારતમાં રોજગારી સર્જન સંબંધિત નીતિઓ સ્વરોજગારીની અનેક યોજનાઓ ધરાવે છે, જેને એસએમઈ નીતિઓ તરીકે વ્યાપક રીતે જોડી શકાય છે. હકીકતમાં આ નીતિઓ લઘુ ઉદ્યોગોના ગેરફાયદા તેમજ તેમના મોટા હરિફોની આક્રમક સ્પર્ધાથી બચાવવા નાણાકીય પગલાંને જોડવાનું પ્રતિનિધિત્વ કરે છે. એસએમઇ નીતિઓ મુખ્યત્વે નાના વ્યવસાયો ઊભા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, નહીં કે મોટા ઉદ્યોગસાહસો. બજારમાં યોગ્ય સંકેતો મળવાથી ઉદ્યોગસાહસિકો ટેકનોલોજીકલ ફેરફાર અને સામાજિક-રાજકીય વાતાવરણના કારણે ઊંચી અનિશ્ચિતતાના સમયમાં તેમના વ્યવસાયને વૃદ્ધિના માર્ગે દોરી શકે છે. સમગ્ર દુનિયામાં એવી માન્યતા વધી રહી છે કે સ્વરોજગાર યોજનાઓમાં પ્રચંડ ફાળવણી અને લઘુ ઉદ્યોગો માટે સારું વાતાવરણ ઊભું કરવું પૂરતું નથી, પણ વધુ રોજગારી અને ટકાઉ સ્પર્ધાત્મક ફાયદા મેળવવા વૃદ્ધિલક્ષી ઉદ્યોગસાહસિક વ્યવસાયોની સુનિશ્ચિતતા કરવી જરૂરી છે.

પ્રગતિના માપ અને નિરીક્ષણના સંબંધમાં ભારતીય અર્થતંત્રનું ઉદ્યોગસાહસિકતાની પદ્ધતિમાં સ્થળાંતર મહત્ત્વપૂર્ણ છે. આ માટે પદ્ધતિ ઊભી કરવાની જરૂર છે. રાષ્ટ્રીય ઉદ્યોગસાહસિકતા નીતિની જવાબદારી કોઈ એક મંત્રાલયને સુપરત ન કરી શકાય.ઉદ્યોગસાહસિકતાના વિકાસને પ્રાથમિકતા આપવા વિવિધ મંત્રાલયો ભેગા થઈને સંયુક્તપણે કામ કરે તે જરૂરી છે. સ્થાનિક સ્તરે સરકારી તેમજ ખાનગી ક્ષેત્રો એમ બંનેમાં તેને વિવિધ શૈક્ષણિક, નાણાંકીય અને સામાજિક-સાંસ્કૃતિક સંગઠનો વચ્ચે સહકાર અને ભાગીદારીમાં પરિવર્તિત કરવી જોઈએ. સ્થાનિક સ્તરે મજબૂત રાજકીય નેતૃત્વ વિના આ અશક્ય છે, જેની પાસે વિવિધ ક્ષેત્રોના વ્યાવસાયિકો અને સામાજિક કાર્યકર્તાઓને એક તાંતણે જોડવાની ક્ષમતા છે. ઉદ્યોગસાહસિકતાના અર્થતંત્રને વધુ સારી રીતે સમજતું યુવા નેતૃત્વ ઉત્તમ છે, જે રાષ્ટ્રના ઉદ્યોગસાહસિકતાના પરિવર્તનની પ્રક્રિયાને દોરવા વધુ યોગ્ય છે. ઉત્પાદન સ્પર્ધાત્મકતાની કામગીરીનો અમલ કરવાનો અને રાષ્ટ્રીય ઉદ્યોગસાહસિકતા નીતિ શરૂ કરવાનો અત્યારે યોગ્ય સમય છે.

વૈશ્વિકરણના ઝડપી પ્રસારે સ્થાનિક એસએમઈને આંતરરાષ્ટ્રીય અર્થતંત્ર સાથે સંકલિત કરવાની પ્રક્રિયાને વેગ આપ્યો છે. આ ગતિશીલ બજારમાં વ્યૂહરચના કોઈ પણ વ્યવસાય માટે મહત્ત્વપૂર્ણ છે. એટલે સ્થાનિક ઉદ્યોગસાહસિકોએ તેમની પોતાની બ્રાન્ડ બનાવવા કે સ્પર્ધા સામે વધુ સારી રીતે બાથ ભીડવા આંતરરાષ્ટ્રીય

ઉદ્યોગસાહસિકો સાથે જોડાણ કરવું જોઈએ. જૂની શૈલીમાં કાર્યરત સ્થાનિક એસએમઈએ તેમની વ્યૂહરચના બદલવી જોઈએ અને તેમની સ્પર્ધાત્મકતા અને વ્યાવસાયિક વાતાવરણ સુધારવા દરેક તક ઝડપી લેવી જોઈએ, જેથી વેપારવાણિજ્યનું વાતાવરણ સુધરે, અલગ બ્રાન્ડ ઊભી થાય, અને છેવટે સ્પર્ધામાં ઉત્કૃષ્ટતા હાંસલ થાય.

**માહિતી વ્યવસ્થાનો વિકાસ**

સામાન્ય રીતે ઉદ્યોગસાહસિકતાના વિકાસ અને ખાસ કરીને એસએમઈ વિકાસ પર કેટલાંક અભ્યાસો ઉદ્યોગસાહસિકતાના વિકાસમાં માહિતીના ઈનપુટની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ધ્યાન દોરે છે. જ્યારે વર્તમાન માહિતી સંચાલિત અર્થતંત્રમાં આ પ્રકારના ઈનપુટ મહત્ત્વપૂર્ણ છે, ત્યારે વર્ગીકરણ મૂલ્ય સંવર્ધન કરે છે. માહિતી કે જ્ઞાન વિકાસના સંસાધનોનું એક સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ તરીકે બહાર આવ્યાં છે અને માહિતીનો સંપૂર્ણ ઉપયોગ કરવાથી ભારતના વિકાસને નાટ્યાત્મક વેગ મળી શકે છે તેવી માન્યતા છે. ભારતમાં માહિતીના સર્જન અને તેના ઉપયોગ વચ્ચેનો ફરક વધી રહ્યો છે, જેને નક્કર વ્યૂહરચના મારફતે દૂર કરવાની જરૂર છે.

આર્થિક વિકાસની પ્રક્રિયા વધારે માહિતી કેન્દ્રિત બની છે. તાજેતરના એક અંદાજ મુજબ, તમામ ઔદ્યોગિક ઉત્પાદનનું ૫૦થી ૬૦ ટકા ઉત્પાદન માહિતી આધારિત છે. આધુનિક ઉત્પાદન ઉદ્યોગોનો આધાર ગુણવત્તા, ખર્ચ અને સમય સાથે સંબંધિત માહિતીના વ્યવસ્થાપન પર તેમની સફળતા પર નિર્ભર છે, કારણ કે તેઓ ઉત્પાદન પ્રક્રિયાઓના વ્યવસ્થાપન પર અસર કરે છે. વૈશ્વિક અર્થતંત્રમાં નવી રોજગારી અને આર્થિક વૃદ્ધિનો મોટો સ્રોત સેવા ક્ષેત્ર માહિતી આધારિત વ્યવસાય માટે આવશ્યક છે. આ માટે માહિતીનું વ્યવસ્થાન અને જ્ઞાનનું વ્યવસ્થાપન બંને જરૂરી છે.

માહિતી વ્યવસ્થાપનનો સંબંધ ડેટાબેઝ ફોર્મ્સ જેવી સંગઠિત માહિતી સાથે છે, જ્યારે જ્ઞાનના વ્યવસ્થાપનનો સંબંધ અન્ય લોકોની માહિતી, જાણકારી અને અનુભવના અસરકારક ઉપયોગ સાથે છે, જેનાથી સંપૂર્ણ વ્યવસાયને પ્રોત્સાહન મળી શકે છે અને તેમનું પરિવર્તન થઈ શકે છે. એટલે વ્યવસ્થાપન યોગ્ય અને અસરકારક ભૂમિકા ભજવે તો જ્ઞાન વ્યવસ્થાપન અતિ મહત્ત્વપૂર્ણ અને ફાયદાકારક છે. જો કે આ સ્વતંત્ર પ્રવૃત્તિઓ નથી. ટકાઉપણું સુનિશ્ચિત કરવા માળખાગત વ્યવસ્થાઓ અને પ્રક્રિયાઓ મહત્ત્વપૂર્ણ છે.

**વિકાસ ચાર જ્ઞાન આધારિત પ્રક્રિયાઓ પર આકાર લે છે :**

૧. **જ્ઞાનનું સર્જન અને સંપાદન :** વૈજ્ઞાનિક શોધ, સંશોધન અને ખર્ચ, ટેકનોલોજી, સંગઠન અને પરંપરાગત કામગીરીનું હસ્તાંતરણ.
૨. **જ્ઞાનનો સ્વીકાર :** ખાસ ક્ષેત્રની જરૂરિયાતો અને કામગીરીના વાતાવરણમાં નવીનીકરણ મારફતે આ શક્ય બનવું જોઈએ.
૩. **જ્ઞાનની વહેંચણી :** જ્ઞાન ડેવલપર્સ અને સ્વીકાર કરનારાઓ પાસેથી ઔપચારિક અને અનૌપચારિક ચેનલ્સ મારફતે સમાજમાં જ્ઞાન લાગુ કરવા જવાબદાર લોકોમાં જ્ઞાનનો પ્રસાર થવો જોઈએ.
૪. **જ્ઞાનનો ઉપયોગ :** ખાસ પરિણામો હાંસલ કરવા ખેતર, કારખાના, વર્ગખંડો, હોસ્પિટલો અને અન્ય દરેક ક્ષેત્રની પ્રવૃત્તિમાં કુશળ કામગીરી મારફતે આ થવું જોઈએ.

ભારતીય સંદર્ભમાં આ ભૂમિકાઓ અનેક લોકો ભજવે છે. આ માટે સંકળાયેલા જૂથોની અંદર જુદી જુદી કામગીરી થાય છે. તેમની કાર્યશૈલી જુદી છે. સરકારી અને ખાનગી ક્ષેત્રોમાંથી મળતી આ પ્રકારની માહિતી ઝડપી વિકાસ માટે જરૂરી છે, પણ તે પડકારજનક છે. વ્યવહારિક સ્તરે અત્યારે કાર્યક્રમો અને વિવિધ આર્થિક મંત્રાલયો અને વિભાગોની યોજનાઓની સમીક્ષા કરવી જરૂરી છે. હકીકતમાં આ પ્રકારની યોજનાઓ કાં તો અપ્રસ્તુત છે, કાં બિનકાર્યક્ષમ છે. સરકારી-ખાનગી ભાગીદારી મારફતે કાળજીપૂર્વક ખાનગી ક્ષેત્રની કુશળતાનું વહન કરીને સ્થિતિમાં સુધારો કરવામાં મદદ મળી શકે છે.

ભારતીય સંદર્ભમાં આ ભૂમિકાઓ અનેક લોકો ભજવે છે. આ માટે સંકળાયેલા જૂથોની અંદર જુદી જુદી કામગીરી થાય છે. તેમની કાર્યશૈલી જુદી છે. સરકારી અને ખાનગી ક્ષેત્રોમાંથી મળતી આ પ્રકારની માહિતી ઝડપી વિકાસ માટે જરૂરી છે, પણ તે પડકારજનક છે. વ્યવહારિક સ્તરે અત્યારે કાર્યક્રમો અને વિવિધ આર્થિક મંત્રાલયો અને વિભાગોની યોજનાઓની સમીક્ષા કરવી જરૂરી છે. હકીકતમાં આ પ્રકારની યોજનાઓ કાં તો અપ્રસ્તુત છે, કાં બિનકાર્યક્ષમ છે. સરકારી-ખાનગી ભાગીદારી મારફતે કાળજીપૂર્વક ખાનગી ક્ષેત્રની કુશળતાનું વહન કરીને સ્થિતિમાં સુધારો કરવામાં મદદ મળી શકે છે. નવી આયોજન સંસ્થા નીતિ આયોગે આ

મુદ્દાને ધ્યાનમાં લીધો હતો અને મોટા પુનર્ગઠનની યોજના તૈયાર કરી છે.

**માળખાગત સુવિધાની ભૂમિકા**

કોઈ પણ દેશના આર્થિક વિકાસ માટે આધુનિક, સુસંગઠિત અને વ્યાપક માળખાગત સુવિધા પૂર્વ આવશ્યકતા છે. નાણાં મંત્રાલયના અંદાજ મુજબ, રૂ. ૧ લાખ કરોડના માળખાગત પ્રોજેક્ટ્સના અમલમાં વિલંબ થઈ રહ્યો છે. પ્રોજેક્ટ્સના અમલીકરણમાં સમય અને ખર્ચ આ ક્ષેત્રની નીચી ઉપલબ્ધતા માટે જવાબદાર મુખ્ય કારણો પૈકી એક કારણ છે. છેલ્લાં થોડા વર્ષમાં ઉત્પાદન ક્ષેત્રમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, પણ અત્યારે જીડીપીમાં તેનું પ્રદાન અંદાજે ૧૫ ટકા છે, જેને વધારીને આગામી ૧૦ વર્ષમાં ૨૫ ટકા કરવાની જરૂર છે, જેનાથી ૧૦ કરોડ રોજગારીનું સર્જન થઈ શકે છે. ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને છેલ્લા એકથી બે મહિનામાં નવી સરકારે તેના મુખ્ય ચાવીરૂપ વિસ્તાર તરીકે માળખાગત વિકાસ અને વૃદ્ધિની ઓળખ કરી છે.

જ્યારે વિદેશમાંથી નવા વિદેશી રોકાણો આકર્ષવા અને નવી ટેકનોલોજી મેળવવી મહત્ત્વપૂર્ણ છે, ત્યારે તેની આયાત રોજગારીના સર્જન, નવીનતા અને ઉત્પાદકતામાં વધારા સ્વરૂપે પરિણમવી જોઈએ. વિકાસશીલ અર્થતંત્રમાં વિદેશી ટેકનોલોજીના કુશળ ઉપયોગ માટે યોગ્ય પ્રાપ્યકર્તા હોવા જરૂરી છે.

યજમાન દેશમાં ઉત્પાદન સંગઠનો સ્થાનિક કે નિકાસ બજાર માટે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવા ટેકનોલોજીનો ઉપયોગ કરતા પ્રાપ્યકર્તાઓ છે. વિદેશમાં હોય તેવી આર એન્ડ ડી (સંશોધન અને વિકાસ) પ્રયોગશાળાઓ હોવાથી ટેકનોલોજી પ્રાપ્ત થતી નથી અને તેનો ફાયદો થતો નથી. હકીકતમાં સ્થાનિક આર એન્ડ ડી પ્રયોગશાળાઓને તેમના વિચારોનો અમલ કરી શકે તેવા ઉત્પાદન સંગઠનોની જરૂર છે. સ્થાનિક ભાગીદાર ઉદ્યોગલક્ષી હોવા જોઈએ, ફક્ત વેપારલક્ષી નહીં એટલે સ્થાનિક ભાગીદારમાં ટેકનિકલ ઊંડાણ ધરાવતી સંસ્થા ઊભી કરવાની લાંબા ગાળાની મહત્ત્વાકાંક્ષા હોવી જોઈએ, નહીં કે ફક્ત ચીજવસ્તુઓનું વેચાણ કરીને તગડો નફો રળી લેવાની.

ચીનમાં ઉત્પાદન નીતિઓ સ્થાનિક માલિકી અને વ્યવસ્થાપન ક્ષમતાઓને વધારવા માટે ઘડવામાં આવે છે. વિદેશી કંપનીઓને સૌથી મોટો ડર એ છે કે ચીન તેમની બૌદ્ધિક સંપત્તિ હસ્તગત કરી લેશે. ચીનનું બજાર દુનિયાનું સૌથી મોટું બજાર છે અને વિદેશી કંપનીઓ યેનકેન પ્રકારે ચીનમાં વ્યવસાય કરવા ઇચ્છે છે, ભલે ચીનની સામ્યવાદી સરકાર બૌદ્ધિક સંપત્તિ સંબંધિત નીતિઓને પ્રતિકૂળ બનાવે.

હકીકતમાં ચીનની સરકારે તેના પોતાના હિતોને મજબૂત કરવા આઈપીઆર નિયમો ઘડ્યાં છે. ચીન સ્થાનિક ટેકનોલોજી વિકસાવવા સરકારી એજન્સીઓ પાસેથી ખરીદીઓ વધારે છે. તે સ્થાનિક ઉદ્યોગસાહસોને પ્રોત્સાહન આપવા અને તેમને વિદેશી સ્પર્ધા સામે ટકી રહેવા રાષ્ટ્રીય માપદંડોના સ્તરો વધારવાનો ઉપયોગ પણ કરે છે. તેનાથી વિપરિત ભારત આઈપીઆર સંબંધે આંતરરાષ્ટ્રીય આઈપીઆર સાથે મજબૂત જોડાણ થવું જોઈએ તેમ ઇચ્છે છે. ભારતે આઈપીઆર નિયમો મારફતે એકાધિકારનું સર્જન કર્યા વિના તેની જરૂરિયાતોને પ્રોત્સાહન આપવા આઈપીઆરને અપનાવવાની નવી પદ્ધતિઓ શોધવી જોઈએ.

વૈશ્વિક અર્થતંત્રના બદલાતા પરિમાણો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતીય નીતિનિર્માતા માટે રાષ્ટ્રીય ઉત્પાદન નીતિને અસરકારક બનાવવાનો સમય પાકી ગયો છે. તેના પર જ ભારતના ટકાઉ વિકાસનો આધાર છે. ચોક્કસ, આપણે માળખાગત વિકાસ અને વહીવટી તંત્રમાં રહેલી નબળાઈઓ દૂર કરવી જોઈએ. પણ આપણે ભારતની ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા કડક નીતિગત પ્રશ્નો ઉકેલવા જોઈએ. અને આ વ્યૂહરચનામાં આયોજિત અર્થતંત્રનું પુનરાવર્તન ન હોઈ શકે. વળી તેમાં ચીનને પછાડવાનો અભિગમ પણ ન હોવો જોઈએ. આપણે આપણા વિકાસને વધારવા જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભારતીય નીતિનિર્માતાઓ માટે આ મોટો પડકાર છે. સૌપ્રથમ ઉત્પાદન માગમાં ભારતીય ક્ષમતાનું સંવર્ધન મારફતે વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ માળખું મજબૂત થવું જોઈએ.

**ભવિષ્ય**

આપણા અર્થતંત્રમાં માળખાગત વિકાસ અને ઉત્પાદનના મહત્ત્વ પર ધ્યાન આપીએ તો સરકાર આ ક્ષેત્રોમાં વૃદ્ધિને આગળ ધપાવવા માટે ઉદ્દીપકની ભૂમિકા ભજવી શકે છે. કેન્દ્રિય બજેટ ૨૦૧૫માં આપણા અર્થતંત્રને વૃદ્ધિને માર્ગે અગ્રેસર કરવા કેટલાંક પગલાં

લેવામાં આવ્યા છે. જેમ કે,

- વીજ ઉત્પાદન માટે ૮૦આઇએ જોગવાઈમાં ટેક્ષ હોલિડેની મર્યાદા ૩૧ માર્ચ, ૨૦૧૪થી વધારીને વધુ પાંચ વર્ષ કરવામાં આવી છે અને મિનિમમ અલ્ટરનેટ ટેક્ષ (મેટ)માંથી મુક્તિથી નવીનીકરણ અને પરંપરાગત ઊર્જા ક્ષેત્રને વેગ મળશે.
- મેટની જોગવાઈઓ હેઠળ કરવેરાની ચૂકવણીમાંથી મુક્તિ, જે અગાઉ સેઝ અને ડેવલપર્સમાં કાર્યરત એકમોને આપવામાં આવી હતી, પણ વર્ષ ૨૦૧૨માં પાછી ખેંચવામાં આવી હતી. તેના પગલે સેઝ આધારિત સરકારની શરૂઆતની ખાતરીના આધારે નોંધપાત્ર રોકાણ કરનાર ડેવલપર્સ અને સેઝમાં કાર્યરત એકમોમાં નારાજગી ફેલાઈ હતી. એટલે મેટમાં મુક્તિથી રોકાણકારોમાં વધુ રોકાણ કરવા માટેનો વિશ્વાસ પુનઃસ્થાપિત થશે.
- ૧૪એની જોગવાઈના અમલીકરણથી અનેક માળખાગત પ્રોજેક્ટ્સને અસર થશે, જે બિડિંગ પ્રક્રિયા મારફતે મેળવવામાં આવ્યા છે અને હોલ્ડિંગ કંપની હેઠળ સ્પેશયલ પર્પઝ વ્હિકલ (એસપીવી)ના સ્થાપિત કરવાની જરૂર હતી. એસપીવીને ઈક્વિટી અને ઋણ મારફતે ભંડોળ મળે છે. જોગવાઈ ૧૪એ ઋણ ભંડોળો પર વ્યાજની ચૂકવણીની મંજૂરી આપતી નથી, કારણ કે એસપીવી હોલ્ડિંગ કે પ્રમોટર કંપનીઓને ડિવિડન્ડની ચૂકવણી કરે છે, જે ક્ષેત્ર પર હાનિકારક અસર કરે છે અને ઋણ ભંડોળ મુખ્ય ભંડોળ છે. એટલે આ જોગવાઈમાં કેટલાંક સુધારા કરવાની જરૂર હતી.
- માળખાગત ક્ષેત્ર લાંબા સમયને સ્વાસ્થ્ય અને શિક્ષણ જેવા સામાજિક ક્ષેત્રનો દરજ્જો મેળવવાની માંગણી કરતું હતું, જેને મંજૂરી આપવામાં આવી છે. માળખાગત કંપનીઓમાં રોકાણ કરતી ધિરાણ કંપનીઓ કે બેન્કો લાંબા સમયથી જોગવાઈ ૧૦ (૨૩જી)ને ફરી લાગુ કરવા દબાણ કરે છે, જેથી ધિરાણ કરેલા માળખાગત પ્રોજેક્ટ્સને વ્યાજની આવકમાંથી મુક્તિ મળશે. અગાઉ આ જોગવાઈ પાછી ખેંચવામાં આવી હતી. જો આ માગણીનો સ્વીકાર થાય, તો તેનાથી માળખાગત કંપનીઓના ઋણ ભંડોળનો ખર્ચ ઓછો થશે.
- ૩૧ માર્ચ, ૨૦૧૩ પછી અને ૧ એપ્રિલ, ૨૦૧૫ અગાઉ નવા પ્લાન્ટ અને મશીનરીના સંપાદન અને તેની સ્થાપનાના વાસ્તવિક ખર્ચના ૧૫ ટકાને કરવેરામાંથી મુક્તિ આપતી જોગવાઈ ૩૨એસી અગાઉ લાગુ કરવામાં આવી હતી, જેમાં વાસ્તવિક ખર્ચની રકમ રૂ.૧૦૦ કરોડથી વધારે હોવી જોઈએ. આ ક્ષેત્રને જરૂરી વેગ આપવા રોકાણના ગાળાને બીજા ત્રણ વર્ષ લંબાવી શકાશે, રોકાણની લઘુતમ મર્યાદા ઘટાડી શકાશે અને કરમુક્તિ ૨૫ ટકા સુધી કરી શકાશે.
- પરોક્ષ કરવેરામાં સરકારે આ ક્ષેત્રોમાં રોકાણને પ્રોત્સાહન આપવાનો સ્પષ્ટ ઈરાદો વ્યક્ત કરવો જોઈએ. દાખલા તરીકે માળખાગત ક્ષેત્રને પ્રોજેક્ટની મંજૂરી વખતે કરવેરા, મુક્તિ અને અન્ય પ્રોત્સાહનોના ઘટતા દરનો ફાયદો આપવો જોઈએ, નહીં કે પ્રક્રિયા ચાલતી હોય ત્યારે તેની સાથે સાથે ક્રમબદ્ધ રીતે, કારણ કે તેમાં આ પ્રકારના ફાયદાનો દાવો કરવામાં કરદાતાને મુશ્કેલી પડે છે.
- તમામ માળખાગત ક્ષેત્રો સાથે એકસરખો વ્યવહાર કરવો જોઈએ અને આ માટે સરકારે પહેલ કરવી જોઈએ. દાખલા તરીકે, એરપોર્ટ્સ, પોર્ટ્સ, રેલવે વગેરે ચોક્કસ પ્રકારના કોન્ટ્રાક્ટ કાર્યો પરના સેવા વેરાને માફી આપવામાં આવી છે, પણ આ પ્રકારની માફી પાણી, વીજ, પરિવહન, સુએજ વગેરે મહત્ત્વપૂર્ણ માળખાગત ક્ષેત્રોને આપવામાં આવી નથી.
- ઉત્પાદન ક્ષેત્ર માટે સેનવેટ ક્રેડિટ માળખાને ઉદાર બનાવવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવે છે, જેથી સ્થાનિક ઉદ્યોગ પર બિનજરૂરી ભારણ ન વધે તેની સુનિશ્ચિતતા કરી શકાય. અન્ય સમસ્યા ઉદ્યોગ માટે ખરીદીના ખર્ચમાં વધારા પર બમણા કરવેરાનો છે, જે જાહેર સેવાઓ અને વેટ કે સીએસટીની યાદી હેઠળ સેવા વેરાને આધિન છે.

**લેખક કોચીન ખાતેની લઘુ ઉદ્યોગસાહસો અને વિકાસ ઈન્સ્ટિટ્યૂટમાં નિયામક છે. તેઓને અર્થશાસ્ત્રમાં બિરલા રાષ્ટ્રીય ફેલોશીપ મળેલ છે. લેખકશ્રી ઈન્ડિયા સૂક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસો - રિપોર્ટ સિરિઝના સ્થાપક છે.**

# ઉત્પાદન ક્ષેત્ર સંચાલિત વૃદ્ધિ, સ્પર્ધા અને પડકારો

• અરુપ મિત્રા •

વિકસિત રાષ્ટ્રોની હાલની સ્થિતિનો અગાઉનો અનુભવ સૂચવે છે કે આર્થિક વૃદ્ધિનું એક મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક પરિબળ ઔદ્યોગિકરણ છે. ઝિરમઈ અને વર્સપેજન (૨૦૧૧) વિકાસશીલ રાષ્ટ્રોના સંદર્ભમાં એક બાબત પર ધ્યાન દોરે છે કે ૧૯૯૦થી વૃદ્ધિ હાંસલ કરવા માટે ઉત્પાદન ક્ષેત્ર પર આધાર રાખવા અગાઉ કરતા વધારે મુશ્કેલ છે. તેમણે શિક્ષણ અને આવકના ફરક સાથે ઉત્પાદનની પારસ્પરિક અસરો પણ રજૂ કરી હતી. ડેલ્લાસ અને કૌબી (૨૦૦૧)માં દલીલ કરે છે કે આર્થિક વિકાસના પ્રારંભિક તબક્કા દરમિયાન વૃદ્ધિનું મુખ્ય એન્જિન શ્રમનું ઔદ્યોગિકરણ હોય છે. તેમણે શ્રમ બળની સંરચરના પર રોકાણની અસરો પર ભાર મૂકે છે અને તાજેતરમાં ઉપકરણમાં રોકાણ મારફતે ઔદ્યોગિકરણના દાવા તરફ ધ્યાન દોરવાને બદલે તેઓ સૂચવે છે કે વિકાસશીલ દેશોમાં રોજગારલક્ષી ઔદ્યોગિકરણમાં સફળતાની ચાવી રહેલી હોય તેવું બની શકે છે.

વૈશ્વિકરણની પ્રક્રિયામાં દરેક રાષ્ટ્રને વૃદ્ધિદર વધારવાની ફરજ પડી છે. કેટલીક વૃદ્ધિલક્ષી વ્યૂહરચનાઓને મોટા પાયે અપનાવવામાં આવી છે, જેમાં મુક્ત વેપાર, પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ)ના પ્રવાહો અને મૂડીની ગતિશીલતા, ટેકલોનોજીનું હસ્તાંતરણ સામેલ છે. સામાન્ય રીતે ટેકનોલોજી હસ્તાંતરણની તરફેણમાં કરવામાં આવતી દલીલ એ છે કે જો દુનિયાના વિવિધ દેશો ખર્ચમાં કાર્યદક્ષતા લાવીને વિકાસ કરવા ઇચ્છે તો જે ટેકનોલોજી અન્ય દેશમાં અપનાવવા આવી હોય તેને ફરીથી સંશોધિત કરવાની જરૂર રહેતી નથી. જો કે ઉદ્યોગ ક્ષેત્રમાં રોજગારીની વૃદ્ધિમાં ઘટાડાના સંદર્ભમાં એક મહત્ત્વપૂર્ણ ધારણા વિદેશમાંથી આયાત થતી મૂડીની ઊંચી જરૂરિયાત રાખતી ટેકનોલોજીની ખરીદી સાથે સંબંધિત છે. મૂડી અને કૌશલ્યની ઊંચી જરૂરિયાત ધરાવતી નવી ટેકનોલોજી આયાત કરવાથી કૌશલ્ય ધરાવતા કામદારોની માગમાં વધારો થયો છે, નહીં કે ઓછું કૌશલ્ય ધરાવતા કામદારોની (વૂડ, ૧૯૯૭).

અન્ય દલીલ શ્રમ બજાર નિયમનો પર આધારિત છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ભારતીય સંદર્ભમાં શ્રમ કાયદાઓ અત્યંત જૂનાં છે અને કામદારો તરફી છે, જે શ્રમિકોનું શોષણ ઘટાડે છે. શ્રમ બજારમાં લવચિકતાની ઊણપ હોવાથી આર્થિક વૃદ્ધિ અને રોજગારીના સર્જનને ટકાઉ અને લાંબા ગાળાનું પ્રોત્સાહન મળી શકતું નથી. આર્થિક સુધારણાના હિમાયતીઓ શ્રમ બજારના નિયમનો પર નોંધપાત્ર ભાર મૂકે છે, કારણ કે વૈશ્વિકરણ અને ઉત્પાદન પ્રવૃત્તિમાં ફેરફાર પગાર અને શ્રમ ઉત્પાદકતા જેવા શ્રમ બજારના પરિણામો પર અસર કરે છે તેવી અપેક્ષા છે. બીજી અને સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે અન્ય સુધારણાઓ, દાખલા તરીકે વેપારના ક્ષેત્રમાં, સફળ થાય તે માટે શ્રમ બજારમાં સુધારણા આવશ્યક પૂર્વજરૂરિયાત છે (હસન, ૨૦૦૩). સામાન્ય રીતે નિષ્ણાતોના મત છે કે વિકાસશીલ રાષ્ટ્રોમાં શ્રમ બજાર કામ કરવાની પદ્ધતિઓ, પગાર, કામદારોની ભરતી અને છૂટા કરવા વગેરે બાબતોમાં કડક છે અને આ તમામ પરિબળોએ વર્તમાન શ્રમિક કાયદાઓમાં પ્રદાન કર્યું છે (ફેલોન અને લુકાસ, ૧૯૯૧). જોકે આર્થિક વૃદ્ધિને રોકાણ, જમીનની સુલભતા, માળખાગત સુવિધા, કુશળ કામદારો વગેરે અન્ય અનેક પરિબળો અસર કરે છે.

દલીલ કરનારાઓનો ત્રીજો વર્ગ, ખાસ કરીને પુરવઠા પક્ષમાંથી, કૌશલ્ય અને કૌશલ્ય ધરાવતા કામદારોના સંદર્ભમાં શ્રમ બળના મોટા વર્ગની નબળી રોજગારક્ષમતા પર ધ્યાન ખેંચે છે. કૌશલ્યનો અભાવ અનેક લોકોને નીચી ઉત્પાદકતા ધરાવતી પ્રવૃત્તિમાં કામ કરવાની ફરજ પાડે છે. એટલે નીતિગત દૃષ્ટિકોણ મુજબ રોજગારક્ષમતામાં સુધારો મહત્ત્વપૂર્ણ બાબત છે. આ માટે કૌશલ્ય સંવર્ધન પૂર્વજરૂરિયાત છે, જે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને કૌશલ્ય સંવર્ધન માટે તાલીમ આપતી સંસ્થાઓમાં ભાગીદારી દ્વારા મેળવી શકાય છે. આ પ્રકારની ટેકનિકલ સંસ્થાઓ, ખાસ કરીને

ડિપ્લોમા પ્રદાન કરતી સંસ્થાઓની સંખ્યા ઓછી છે એટલે સરકારની પહેલ મહત્ત્વપૂર્ણ છે. રોજગારલક્ષી શિક્ષણની ગુણવત્તાના દૃષ્ટિકોણથી વધારે પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂકે છે. ઉપરાંત રોજગારીની તાલીમ પર અન્ય એક મહત્ત્વપૂર્ણ બાબત કૌશલ્યના કમેળને દૂર કરવાની છે.

આગામી દાયકામાં ભારતને તેની વસતિના મોટા વર્ગ માટે રોજગારીની લાભદાયક તકોનું સર્જન કરવું પડશે તે બાબતને ધ્યાનમાં રાખીએ, તો ઉત્પાદન ક્ષેત્ર આ રોજગારી સર્જનની પહેલનું એન્જિન બનશે તેવી અપેક્ષા છે. રોજગારીની અનિર્વાયતા ઉપરાંત ભારતમાં ટકાઉ આર્થિક વૃદ્ધિ સુનિશ્ચિત કરવા ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ મહત્ત્વપૂર્ણ છે. એટલે ભારતના ઉત્પાદન ક્ષેત્રને તેની સાચી સંભવિતતા પ્રમાણે વિકસાવાના હેતુસર ઔદ્યોગિક નીતિ અને સંવર્ધન વિભાગ (ડીઆઈપીપી), વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય ઉત્પાદન ક્ષેત્ર ઝડપથી વૃદ્ધિ પામે તે માટે અનુકૂળ નીતિગત વાતાવરણ ઊભું કરવા આતુર છે. ઉપર ઉલ્લેખ કર્યા મુજબ રોજગારી-ઔદ્યોગિકરણ-નીતિઓના મહત્ત્વને અને ભારત મોટા પાયે સંગઠિત કે ઔપચારિક ઉત્પાદન ક્ષેત્રમાં રોજગારીની તકો ઊભી કરવા સક્ષમ નથી તે હકીકતને ધ્યાનમાં રાખીએ તો રાષ્ટ્રીય ઉત્પાદન નીતિ આશાનું કિરણ છે.

વૈશ્વિક મંદીના પગલે અને યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો રોજગારીમાં મોટા પાયે નુકસાન થવાથી ભારતની સ્થિતિ વધુ કથળી શકે છે. આ સંબંધમાં રાષ્ટ્રીય ઉત્પાદન નીતિ (એનએમપી) એક દાયકામાં ૧૦ કરોડ રોજગારીનું સર્જન કરવાનું અને દેશની જીડીપીમાં ૨૫ ટકા પ્રદાન આપવાની વચન આપે છે. માગમાં ઘટાડા અને મૂડીના ખર્ચમાં વધારો ભારતમાં ઉત્પાદનની ભાવિ અને સંપૂર્ણ અર્થતંત્રની દિશા અને દશા બદલી શકે છે તેવું નીતિગત નિષ્ણાતોનું માનવું છે. આ નીતિમાં પર્યાવરણ અને નિયમનકારી મુદ્દા, શ્રમિક કાયદા અને કરવેરાની વિગતો સંબોધવામાં આવી છે, પણ તે રાષ્ટ્રીય ઉત્પાદન રોકાણ ઝોન (એનઆઈએમઝેડ) કે ઉત્પાદન એકમોનું જૂથ રચવાની દરખાસ્ત છે, જેની સાથે ઔદ્યોગિક માળખાને સંકલિતતાની વિશિષ્ટ રીતે વ્યવહાર કરવામાં આવશે અને ઊંચી આર્થિક વૃદ્ધિ હાંસલ થશે. એનઆઈએમઝેડને વૈશ્વિક કક્ષાની માળખાગત સુવિધા સાથે સંકલિત ઉદ્યોગ વસાહત તરીકે વિકસાવવામાં આવશે અને ઝોનિંગ, સ્વચ્છતા અને ઊર્જા કાર્યદક્ષ ટેક્નોલોજીના આધારે ઓછામાં ઓછી ૫,૦૦૦ હેક્ટર જમીનનો ઉપયોગ થશે. એનઆઈએમઝેડ બિન-કૃષિ જમીન પર પાણીના પર્યાપ્ત પુરવઠા સાથે હશે અને તેની માલિકી રાજ્ય સરકારની રહેશે. તેનો હેતુ કંપનીઓને કર્મચારીઓને ભરતી અને છૂટા કરતા વખતે છૂટછાટ સાથે શ્રમ બજારમાં અનુકૂળતા પૂરી પાડવાનો છે. તે માંદા ઔદ્યોગિક એકમોને બંધ કરવા માટેની સરળ વ્યવસ્થા ઊભી કરે છે. સાથે સાથે લવચિકતાના નામે સમાધાન કરવાનું જોખમ ઉઠાવવાના કામદારોના અધિકારો પર જોખમ થશે.

ઉત્પાદન નીતિના અન્ય મહત્ત્વપૂર્ણ બાબત લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસિકોને નાણાકીય અને વિકાસ પ્રોત્સાહન આપવાની છે. સંપૂર્ણપણે નીતિ દેશના સ્થાનિક ઉત્પાદન (જીડીપી)માં ઉત્પાદન ક્ષેત્રોનો હિસ્સો હાલના ૧૬ ટકાથી વધારીને ૨૫ ટકા કરવાની ખાતરી આપે છે. જો કે રાષ્ટ્રીય ઉત્પાદન નીતિનો અભૂતપૂર્વ સ્તરે ઔદ્યોગિક રોજગારી વધારવાનો હેતુ ફળીભૂત થાય તેવું ન પણ બને, કારણ કે કુલ ઉત્પાદન રોજગારીમાં ઉત્પાદન સંબંધિત રોજગારી બહુ ઓછો હિસ્સો ધરાવે છે.

એટલે તે અસંગઠિત ક્ષેત્રની રોજગારીની સંભવિતતાને ધ્યાનમાં લેવા તેમજ આ ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત રોજગારી ઊભી કરવાની સંભવિતતાનો ઉપયોગ કરવા ઉપયોગી બની શકે છે. લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો એ કામગીરી, ટેક્નોલોજી, ધિરાણની દૃષ્ટિએ તેમજ કામદારોના કૌશલ્યમાં વધારો કરવા નવીન ઉપાયો અજમાવવાની જરૂર છે. ફૂડ પ્રોસેસિંગ, એપેરલ્સ અને ટેક્સટાઈલ્સ, લેધર અને ફૂટવેર જેવા ક્ષેત્રો શ્રમ માંગી લેતા હોવાથી એસએમઈની રોજગારીમાં ૬૦ ટકા પ્રદાન આપે છે (કાંત, ૨૦૧૩), એટલે શ્રમની જરૂરિયાત ક્ષેત્રો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાથી વધારાના કૌશલ્ય ન ધરાવતા શ્રમનો ઉપયોગ કરી શકાશે. નીતિગત પહેલમાં શ્રમની જરૂરિયાત ધરાવતી ચીજવસ્તુઓ આધારિત ઔદ્યોગિક વૃદ્ધિને પ્રાથમિકતા આપવાની જરૂર છે, ખાસ કરીને કુશળતા ન ધરાવતા શ્રમ અને અપૂરતા ઔદ્યોગિકરણ ધરાવતા વિસ્તારોમાં.

માળખાગત ખેંચ, ઊર્જાના પુરવઠાની મર્યાદા, નિકાસ વૃદ્ધિમાં ઘટાડો અને શ્રમની જરૂરિયાત ધરાવતી

ચીજવસ્તુઓના ક્ષેત્રની નબળી કામગીરી, નવીનીકરણની ઊણપ સંબંધિત સમસ્યાઓને ઉકેલવા યોગ્ય ટેકનોલોજી વિકસાવવાની જરૂર છે અને વૃદ્ધિ અને રોજગારી ઓછી ધરાવતા વિસ્તારોમાં વહીવટી અવરોધો દૂર કરવાની કે વિદેશી રોકાણને આકર્ષવાની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે.

આર્થિક વૃદ્ધિમાં નિકાસમાં વધારો અતિ મહત્ત્વપૂર્ણ છે. વિદેશી ચલણની આવકમાં વૃદ્ધિ અને સ્થાનિક બજારોમાં ઉત્પાદિત ચીજવસ્તુઓ આધારિત માગના આધારમાં વિસ્તરણ કરવાના બેવડા હેતુઓ નિકાસમાં વૃદ્ધિ મારફતે પૂરાં કરી શકાશે. ઉપરાંત સેવાઓની નિકાસથી બિનકૌશલ્ય ધરાવતા પ્રકાર કાર્ય બળની રોજગારીમાં નોંધપાત્ર વધારો નહીં થઈ શકે (મિત્રા, ૨૦૧૧). એટલે ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસ જ સર્વસમાવેશક વૃદ્ધિ આપી શકે છે.

ખાસ કરીને શ્રમની જરૂરિયાત ધરાવતા ઉત્પાદનોની નિકાસથી આ પ્રકારની ચીજવસ્તુઓના ઉત્પાદનનું વિસ્તરણ થઈ શકે છે, જેના પરિણામે કૃષિ ક્ષેત્રમાંથી ઉત્પાદન ક્ષેત્રમાં શ્રમ માટે રોજગારીની તકો ઊભી થઈ શકે છે. ઊંચી ઉત્પાદકતા ધરાવતી સેવાઓમાં શ્રમના સ્થળાંતરની શક્યતા મર્યાદિત છે, કારણ કે તેમની કાર્યકુશળતા ઓછી છે. બીજી તરફ જ્યાં સુધી ઉત્પાદનો માટેની માગમાં વધારો ન થાય ત્યાં સુધી ઉત્પાદન ક્ષેત્રમાં કામદારોની સંખ્યામાં વધારો નહીં થાય અને કામદારોની માગ નહીં વધે ત્યાં સુધી તેમની આવકમાં વધારો નહીં થાય. ઉપરાંત ઉત્પાદકતામાં વધારો થશે ત્યારે જ ઊંચા પગાર આપતી રોજગારીમાં વધારો થશે. આ દૃષ્ટિકોણથી મૂડી બજારમાં સુધારો અને ટેકનોલોજિકલ પ્રગતિ જરૂરી છે. સામાન્ય રીતે તેવું માનવામાં આવે છે કે ટેકનોલોજીકલ પ્રગતિમાં મૂડીની વધારે જરૂર છે, જેના પરિણામે શ્રમમાં ઘટાડો થશે. જોકે અભ્યાસો સૂચવે છે કે ઉત્પાદન પ્રક્રિયાના તમામ તબક્કાઓમાં નવીનીકરણ માટે વધારે મૂડીની જરૂર નથી (વિવરેલી, ૨૦૧૧). જો તે કેટલાંક તબક્કાઓમાં રોજગારીમાં ઘટાડો કરી શકે, તો અન્ય ચોક્કસ સ્તરે સંભવિતતા વધારે છે. ઉપરાંત નવી ટેકનોલોજી મોટા પાયે સ્વીકારી શકાશે અને અનેક નવા એકમો ઊભા થવાથી સૂક્ષ્મ સ્તરે ઉત્પાદનના માપમાં વધારો થઈ શકે છે. આ તમામ બાબતો રોજગારી પર હકારાત્મક અસર કરશે તેવી અપેક્ષા છે.

નિકાસ સાથે સંબંધિત અન્ય સમસ્યા ઊંચું મૂલ્ય ધરાવતા ઉત્પાદનો છે. કેટલાંક ઊંચું મૂલ્ય ધરાવતા ઉત્પાદનોમાં શ્રમની વધારે જરૂર છે. આ પ્રકારના ઉત્પાદનોનું ઉત્પાદન મર્યાદિત હોય છે, કારણ કે ખર્ચ વધારે હોય છે. પણ આ વિકસિત રાષ્ટ્રોના બજારોમાં આ પ્રકારના ઉત્પાદનોની વેચાણક્ષમતા અતિ વધારે હોય છે. પશ્ચિમના બજારોને અનુરૂપ ઉત્પાદિત તૈયાર ચીજવસ્તુઓની ચોક્કસ પહેલો અને ઊંચું મૂલ્ય ધરાવતા ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાથી રોજગારી અને વિદેશી વિનિમયની આવક એમ બંને પર હકારાત્મક અસર થઈ શકે છે (દાખલા તરીકે સિલ્કના રેષામાંથી બનેલા વસ્ત્રો).

ભારતમાંથી થતી નિકાસમાં મુખ્ય હિસ્સો કોમોડિટીનો હતોઃ વર્ષ ૨૦૧૩-૧૪માં ઉત્પાદિત ચીજવસ્તુઓ (૬૩.૭ ટકા), પેટ્રોલિયમ, ક્રૂડ અને ઉત્પાદનો (૨૦.૧ ટકા), કૃષિ અને આનુષંગિક ઉત્પાદનો (૧૩.૮ ટકા) અને ખનીજ તત્ત્વો, કોલસાને બાદ કરતા (૧.૮ ટકા). (આર્થિક સરવે, ૨૦૧૩-૧૪, જોકે વિશ્વની કુલ નિકાસમાં ભારતની ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસનો હિસ્સો બહુ નોંધપાત્ર નથી અને વિવિધ દેશોથી તેને જોખમ છે. દાખલા તરીકે, ભારતમાંથી વસ્ત્રોની નિકાસને બાંગ્લાદેશમાંથી સ્પર્ધાત્મક નિકાસના પડકારોનો સામનો કરવો પડે છે. ભારતની નિકાસમાં નોંધપાત્ર હિસ્સો ધરાવતા અને સ્પર્ધાત્મક ફાયદો હોવાનું કહેવાય છે તેવા કોટન ઉત્પાદનોના ચીન અને બાંગ્લાદેશ તરફથી જોખમ છે, જેમાં લિનેન અને ટોવેલ જેવી કેટલીક ચીજવસ્તુઓ અપવાદ છે (વર્મા, ૨૦૦૨).

ભારતમાં કરવેરાનું માળખું ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં અત્યંત જટિલ હતું, જે પછી ૧૯૯૧-૯૨માં ૧૨૮ ટકાથી ઘટીને વર્ષ ૨૦૦૪-૦૫ના વચગાળાના બજેટમાં ૨૨.૪ ટકા થઈ ગયા હતા. આ ગાળા દરમિયાન સરેરાશ વેરાના દર ૭૨.૫ ટકાથી ઘટીને ૧૮.૨ ટકા થયો હતો. જોકે જ્યારે વેરાના સરેરાશ દરોમાં ઘટાડો થઈ રહ્યો છે, ત્યારે ૨૦૦૪-૦૫ દરમિયાન મોટી સંખ્યામાં વેરાના દર શૂન્યથી ૧૫૦ ટકા હતા. કોમોડિટી ગ્રૂપ્સનો વેરો ૧૦૦ ટકા કે ૨૦૦૪-૦૫માં ઊંચી રેન્જમાં હતો, જેમાં કોફી, ચા, આલ્કોહોલિક પીણા, અત્તર, ખાંડની ચીજવસ્તુઓ, દ્રાક્ષ અને રસ, મોટરકાર અને મોટરસાયકલ સામેલ

છે. ૫૦થી ૧૦૦ ટકાની રેન્જમાં કોમોડિટીઓ ખાદ્ય તેલો, ઘઉં, ચોખા અને અન્ય કેટલીક કૃષિલક્ષી ચીજવસ્તુઓ હતી. વર્ષ ૨૦૧૦માં આયાતના દરમાં અસરકારક ઘટાડો થયો હતો અને વીજ ઉત્પાદક ઉપકરણો, ઓફિસ મશીન અને ઓટોમેટિક ડેટા પ્રોસેસિંગ મશીન, ટેલીકોમ ઉપકરણો, વીજ ચીજવસ્તુઓ અને પરિવહનની ચીજવસ્તુઓ જેવા ઘણી કોમોડિટી માટે આશરે ૧૦ ટકા વેરો હતો અને એમએફએન (મોસ્ટ ફેવર્ડ નેશન્સ)ની વેરાને અન્ય દેશોની સાથે સરખાવવા મળે છે, જેમાં ભારતીય બિનકૃષિ વેરામાં કેટલીક વિસંગતતાઓ સામેલ છે (હૂડા અને રાય, ૨૦૧૪). ભારતીય નિકાસકારોને લેટર ઓફ ક્રેડિટ (ધિરાણ કે શાખના પત્ર), આગોતરી ચૂકવણીના પુરાવાની નકલ, અરજી પત્રકની પ્રિન્ટઆઉટ, વિદેશી આવક ભરણાનું પ્રમાણપત્ર વગેરેથી લઈને સરકારી ઓફિસની અનેક મુલાકાતો લેવાની જરૂર પડે છે, જે ખરેખર ભારતીય નિકાસ માટે મોટા પડકારો છે (શર્મા , ૨૦૧૪).

એન્ટિ-ડમ્પિંગ કામગીરીથી પણ ભારતીય વેપારને નુકસાન થયું છે : જાન્યુઆરી, ૧૯૯૫થી જૂન, ૨૦૧૦ દરમિયાન ભારત સામે ૯૦ એન્ટિ-ડમ્પિંગ પગલાં લેવાયા છે, જેમાંથી ૨૨ રાસાયણિક પદાર્થો, ૧૯ પ્લાસ્ટિક, ૧૧ ટેક્સટાઇલ અને ૨૬ ધાતુ ઉત્પાદનો (મુખ્યત્વે આયર્ન અને સ્ટીલ) સાથે સંબંધિત છે તેમજ આ ક્ષેત્રોમાં ભારત સારો એવો સ્પર્ધાત્મક ફાયદો ધરાવે છે (ભારત દ્વારા વેપાર નીતિની સમીક્ષા, ૨૦૧૧).

વર્ષ ૨૦૦૯માં આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસમાં મંદી હતી ત્યારે વિદેશી વેપાર નીતિ ૨૦૦૯-૧૪ જાહેર થઈ હતી (ભારત દ્વારા વેપાર નીતિ સમીક્ષાનો રિપોર્ટ, ૨૦૧૪). લાંબા ગાળાની નીતિનો હેતુ વર્ષ ૨૦૨૦ સુધીમાં વૈશ્વિક વેપારમાં ભારતનો હિસ્સો બમણો કરવાનો છે, જે માટે ટેક્સટાઇલ, ચર્મ, હસ્તકળા વગેરે જેવા રોજગારલક્ષી ક્ષેત્રો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે ગુણવત્તાયુક્ત અને મોટી રેન્જ ધરાવતા ઉત્પાદનોનું ઉત્પાદન કરવું જરૂરી છે. વળી વર્ષ ૨૦૦૭-૦૮થી ભારતના વેપારની પેટર્ન બદલાઈ ન હોવાથી અને ટોચના ૧૫ વેપારી ભાગીદારોએ વેપારનો આશરે ૬૦ ટકા હિસ્સો જાળવી રાખ્યો હોવાથી નિકાસ માટે નવા સ્થાનો શોધવાની જરૂર છે.

નાણાકીય વ્યવહારના ઊંચા ખર્ચ અને વેપાર વ્યવહારોમાં સંકળાયેલા સમય સાથે સંબંધિત મુદ્દાઓ ઉકેલવા વર્ષ ૨૦૦૯માં નિકાસમાં વ્યવહાર પરના ખર્ચ પર કાર્યકારી દળની રચના થઈ હતી, જેણે વ્યવહારનો ખર્ચ ઘટાડવા આશરે ૪૪ મુદ્દાની ઓળખ કરી હતી અને તેમાંથી ૨૧ મુદ્દાને ઉકેલવામાં આવ્યા છે (ભારત દ્વારા વેપાર નીતની સમીક્ષાનો રિપોર્ટ, ૨૦૧૧).

કુલ પરિબળ ઉત્પાદકતા વૃદ્ધિ (ટીએફપીજી)માં નોંધપાત્ર રીતે વધારો થવો જોઈએ, ખાસ કરીને નિકાસની સંભવિતતા ધરાવતા ઉદ્યોગોમાં અથવા સંપૂર્ણ આર્થિક વૃદ્ધિ વધારવા નિકાસને વધારવાની જરૂર છે. ટીએફપીજી વિના ભારતીય ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા વધી ન શકે. ટીએફપીજીના કેટલાંક મુખ્ય નિર્ણાયક પરિબળો માળખું (ભૌતિક, નાણાકીય અને સામાજિક) અને વેપારમાં ઉદારતા છે. આઇસીટીને એકમોની સુલભતા, ખાસ કરીને લઘુ અને મધ્યમ ઉદ્યોગોમાં, કરવાથી પરિબળ ઉત્પાદકતા અને કુલ પરિબળ ઉત્પાદકતામાં વધારો સુનિશ્ચિત થઈ શકે છે. ઉપરાંત ભારતીય ચીજવસ્તુઓની સ્પર્ધાત્મકતા વધારવા એકત્રીકરણના ફાયદાનો લાભ ઉઠાવવાની જરૂર છે. આ લાભ ઘણી વખત કંપનીઓ માટે ઉત્પાદકતામાં વૃદ્ધિમાં પરિવર્તિત થશે અને એટલે ઉત્પાદન પ્રવૃત્તિઓનું સમૂહ ઊભું કરવા નિષ્ઠાપૂર્વકના પ્રયાસોની જરૂર છે. જ્યારે જૂનાં સમૂહોનો વિસ્તાર થઈ શકે તેમ નથી, ત્યારે નવા સમૂહો ઊભા કરવાની જરૂર છે, જે માટે સરકારી રોકાણ મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. જે વિસ્તારોમાં શહેરીકરણ ઓછું છે ત્યાં નવા સમૂહો ઊભા કરવા ઉદ્યોગ ધંધાને વેગ આપવો પડશે. આ પ્રકારના નવા વિકલ્પો અજમાવવાથી ખર્ચના ફાયદાના મીઠા ફળ ચાખી શકાશે. સંપૂર્ણપણે જોઈએ તો ભારતીય ઉત્પાદન નિકાસ માટે પડકારો અનેક છે, પણ સર્વસમાવેશક વૃદ્ધિ કરવી હોય તો ભારત પાસે અન્ય કોઈ વિકલ્પ નથી. તેનો ઉકેલ મુખ્યત્વે ઉત્પાદન સંચાલિત વૃદ્ધિમાં છે, જેનાથી ઉત્પાદિત ચીજવસ્તુઓની નિકાસ વધી શકે છે.

**સંદર્ભ :**


Dellas, Harris and Koubi, Vally, 2001. "Industrial Employment, Investment Equipment, and Economic Growth," Economic Development and Cultural Change, University of Chicago Press, Vol. 49(4), pages 867-81, July.

Fallon, P. R., & Lucas, R. E. B. (1991). The impact of changes in

job security regulations in India and Zimbabwe, The World Economic Review, 5(3), 395–413.

Hasan, R. (2003). The impact of trade and labour market regulations on employment and wages: Evidence from developing countries. In R. Hasan & D. Mitra (Eds.), The impact of trade on labour: Issues, perspectives and experiences from developing Asia. Amsterdam: North Holland, Elsevier.

Hoda, A. and D.K. Rai (2014), Trade and Investment Barriers affecting International Production Networks in India, ICRIER Working Paper No. 281.

Kant, Amitabh (2013), "For a Manufacturing Revolution", The Times of India, July 11.

Mitra, A. (2011). Trade in services: Impact on employment in India. The Social Science Journal, Vol. 48(1), pp.72–93.

Mitra, Arup (2013), "Can Industry be the Key to Pro-poor Growth? An Exploratory Analysis for India," ILO-Asia Pacific Working Paper Series, December.

Sharma, S.N. (2014), "Tonnes of problems hamper growth of India's exporters; recent reforms only baby steps", ET Bureau, Feb 2.

Szirmai, A and B. Verspagen (2011), "Manufacturing and Economic Growth in Developing Countries, United Nations University, UNU-MERIT, Working Paper Series, 2011-069.

Trade Policy Review Report by India (2011), World Trade Organization, Trade Policy Review Body, TPR/G/249, August 10.

UNIDO. (2005). Productivity in developing countries: Trends and policies. Vienna: United Nations Industrial Development Organisation.

Verma, Samar (2002), "Export Competitiveness of Indian Textile and Garment Industry", ICRIER Working Paper, 94, Nov

Vivarelli, M. (2013). Technology, employment and skills: an interpretative framework. Eurasian Business Review, 3, pp66–89.

Wood, A. (1997). Openness and wage inequality in developing countries: The Latin American challenge to East Asian conventional wisdom. World Bank Economic Review, Vol. 33, pp33-57.

લેખકશ્રી દિલ્હી ખાતેની ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક ગ્રોથ ખાતે અર્થશાસ્ત્રના પ્રૉફેસર છે. અમેરિકાની નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટી ખાતે તેઓએ ફોર્ડ ફાઉન્ડેશન પોસ્ટ - ડૉક્ટરલ ફેલો તરીકે કાર્ય કરેલ છે. ક્વૉન્ટીટેટીવ ઈકોનોમિક્સ ક્ષેત્રે પ્રશંસનીય યોગદાન બદલ તેઓને મહાલેનોબિસ મેમોરિયલ એવોર્ડ મળેલ છે.




**Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal**

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :
**Business Manager (Journals)**
Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી આકર્ષણ**

**મે ૨૦૧૫**
**પ્રવાસન ક્ષેત્ર**

**જૂન ૨૦૧૫**
**વૈકલ્પિક દવાઓ**
**(Alternative Medicine)**

# શ્રમ કાયદાઓ અને ભારતનું ઉત્પાદન ક્ષેત્ર - સુધારાઓની જરૂરિયાત

• દેવાશિષ મિત્રા •

શ્રમિકોની વિશાળ સંખ્યા ધરાવતા ભારત જેવા દેશમાં શ્રમિક આધારિત ઘનિષ્ઠ ઉત્પાદન મુખ્યત્વે નાના, અસંગઠિત અથવા વણનોંધાયેલાં એકમોમાં કેન્દ્રિત જોવા મળે છે. જ્યાં ટૅક્નોલૉજીનો વ્યાપક ઉપયોગ ભાગ્યે જ જોવા મળે છે. જ્યારે મોટાભાગની ઉત્પાદનની પ્રવૃત્તિ ઘનિષ્ઠ મૂડીવાળા - ઔપચારિક ઉત્પાદન ક્ષેત્રમાં જોવા મળે છે. (પાનગરિયા ૨૦૦૮ અને કોચર ધ ટીએએલ-૨૦૦૬) આમ, શ્રમિકોની વિપુલતા અને મોટી વસતી છતાં શ્રમ આધારિત ઘનિષ્ઠ ઉત્પાદનના વિશ્વ બજારમાં ભારતનો હિસ્સો ખૂબ જ નાનો છે. કેટલાક સમીક્ષકો તેના માટે પ્રતિબંધિત મજૂર નિયમનોને કારણે ઉત્પન્ન ભારતની કઠોર શ્રમિક બજારને જવાબદાર ગણે છે. તો અન્ય લોકો એવી દલીલ કરે છે કે આ કાયદાઓમાંથી રસ્તો કાઢવાનો રસ્તો ભારતીય વેપાર ઉદ્યોગોએ મેળવી લીધો છે.

આ લેખમાં આપણે ભારતના ઉત્પાદનના ક્ષેત્રને મર્યાદિત બનાવી રાખવામાં મજૂર નિયમનોની ભૂમિકા અને કેટલીક નીતિ વિષયક ભલામણો સાથે શ્રમ સુધારાઓની સંભવિત જરૂરિયાત ઉપર પ્રકાશ પાડીશું.

**ભારતમાં શ્રમિક નિયમનો**

જૂના શ્રમિક નિયમનોમાંથી ભારતીય શ્રમિક બજારમાં એક પ્રકારની કઠોરતા આવી છે. જેને કારણે કંપનીઓને માંગ અને ટૅક્નોલૉજીના સંદર્ભમાં શ્રમિકોનું સંતુલન સાધવું અત્યંત મર્યાદિત બની જાય છે. ૫૨ કેન્દ્રીય કાયદાઓ સહિત આશરે ૨૦૦ જેટલા શ્રમ કાનૂનોમાંથી સૌથી વધુ - નિયમનકારી - કાનૂન - ધ ઇન્ડસ્ટ્રીયલ ડીસપુટ એક્ટ (આઈડીએ) છે. જો કે તે એક માત્ર નિયમનકારી કાયદો નથી. આ કાયદા મુજબ કોઈપણ પેઢી કે કંપનીને ૫૦૦થી વધુ શ્રમિકોને કામ ઉપર રાખવા માટે અથવા તેમને છૂટા કરવા માટે રાજ્ય સરકારની મંજૂરી લેવી પડે છે. જે તે રાજ્ય સરકાર પાસેથી આવી મંજૂરી લેવાની હોય છે. પરંતુ તે ભાગ્યે જ મળે છે. આ ઉપરાંત ઇન્ડસ્ટ્રીયલ એમ્પ્લોયમેન્ટ (સ્ટેન્ડિંગ આર્ડર્સ) એક્ટ હેઠળ શ્રમિકના કામના પ્રકાર અથવા એક જ પેઢીમાં અન્યત્ર તબદીલ કરવાનું કાર્ય પણ અત્યંત મુશ્કેલ અથવા તો લગભગ અશક્ય બની રહે છે. કેટલાક રાજ્યોમાં આ કાયદો ૧૦૦થી વધુ શ્રમિકો ઉપર અને કેટલાક રાજ્યોમાં તે ૫૦થી વધુ શ્રમિકો ઉપર પણ લાગુ પડે છે. ટ્રેડ યુનિયન એક્ટમાં એકથી વધુ મજદૂર સંઘોની જોગવાઈ છે જેને પગલે એક જ પેઢીમાં કોઈપણ અન્ય શ્રમિક પોતાનું અલગ યુનિયન બનાવી શકે છે.

કોઈપણ વ્યક્તિ વિચારી શકે છે કે એકથી વધુ શ્રમિક યુનિયનને કારણે કાર્ય કેટલું મુશ્કેલ બની શકે છે. ટ્રેડ યુનિયન એક્ટમાં શ્રમિકોને હડતાળ પાડવાનો અને તેમના દાતા (નોકરીદાતા) સામે શ્રમિક તરફથી કાનૂની કેસ લડવાનો પણ અધિકાર મળે છે. આ કાયદા મુજબ શ્રમિકોનું યુનિયન રચવા માટે ઓછામાં ઓછા ૭ મજૂરોની સંખ્યા જરૂરી હોવાથી જ્યાં ૭થી ઓછા શ્રમિક હોય તેવી પેઢીઓને આ કાયદો લાગુ પડતો નથી. આથી શ્રમિકોના ઘનિષ્ઠ ઉપયોગવાળા ઉદ્યોગોમાં આ કાયદો પેઢી કે ઉદ્યોગનું કદ નાનું રાખવાની વાતને ઉત્તેજન આપે છે.

આ ઉપરાંત કેટલાક અન્ય શ્રમિક નિયમનો પણ છે. જેમાં એમ્પ્લોયમેન્ટ સ્ટેટ ઇન્સ્યુરન્સ એક્ટ, ધ ફેક્ટરીઝ એક્ટ, ધ એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ડ ફંડ એન્ડ મીસેલિનિયસ પ્રોવિઝન્સ એક્ટ, મીનીમમ વેજીસ એક્ટ, મેટરનીટી બેનિફીટ એક્ટ વગેરે વિવિધ પ્રકારના ઉદ્યોગોમાં રોજગારના મહત્તમ સ્તરને અસર કરે છે. (ભગવતી અને પાનગરિયા -૨૦૧૩). આ શ્રમિક નિયમનો કામકાજની ઓછામાં ઓછી શરતો અને લાભોનું નિર્ધારણ કરે છે.

અત્યારે એક કોન્ટ્રેક્ટ લેબર એક્ટ પણ છે. જે કોન્ટ્રેક્ટ લેબર પદ્ધતિના ઉપયોગનું નિયમન કરે છે અને તે રીતે કાયમી અને કોન્ટ્રેક્ટ ઉપરના કામદારો વચ્ચેના વિકલ્પને મર્યાદિત બનાવી દે છે. જેને કારણે પેઢી જેના દ્વારા પોતાના ખર્ચ ઘટાડી શકે તેવો એક મહત્ત્વનો વિકલ્પ પણ મર્યાદિત બની જાય છે. કેટલાક ચોક્કસ કાર્યો માટે તો કોન્ટ્રેક્ટ લેબરના ઉપયોગ ઉપર પણ પ્રતિબંધ લદાયો છે.

ઔદ્યોગિક સંબંધોનું ક્ષેત્ર ભારતીય બંધારણમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય

સરકાર એમ બંનેના કાર્યક્ષેત્રમાં મૂકવામાં આવ્યું હોવાથી ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પુટ એક્ટ (આઈ.ડી.એ.) અને કેન્દ્ર સરકારનો કાયદો હોવા છતાં રાજ્ય સરકારો તેમાં તેમની રીતે સુધારાઓ કરવા માટે પણ સક્ષમ છે. આ ઉપરાંત શ્રમિક કાયદાઓનું અમલીકરણ રાજ્યોના કાર્યક્ષેત્રમાં આવે છે. આમ તમામ રાજ્યો વચ્ચે પણ શ્રમિકોના બજારમાં નોંધપાત્ર વિવિધતા અને ફેરફારો જોવા મળે છે.

**હાલમાં લેવાયેલા શ્રમ સુધારના પગલાંઓ :**

સ્વતંત્રતા પછીના લાંબા સમયગાળામાં શ્રમકાનૂનોમાં મોટાભાગે રાજયોએ તેમના રાજયોમાં તે કાયદાના અમલીકરણને લગતા શ્રમિકોના તરફેણમાં અથવા તો માલિકોની તરફેણમાં સુધારાઓ કર્યા છે. જેમાં જે તે રાજ્ય સરકારોની વિચારસરણીનો મુખ્ય આધાર જોવા મળતો હતો.

ભૂતકાળથી વિપરીત શ્રમ નિયમનોમાં તાજેતરના ફેરફારો સીધા વિદેશી મૂડીરોકાણ (એફ.ડી.આઈ.)ને આકર્ષવા, માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવા, તેમજ વધુ ઉદાર વેપાર-ઉદ્યોગ-શાસનને ઉત્તેજન આપવા માટે કરવામાં આવ્યા છે.

રાજસ્થાન સરકારે તાજેતરમાં એક સુધારામાં ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પુટ એક્ટ (આઈ.ડી.એ.)માં સુધારો કરીને શ્રમિકોને છૂટા કરવા અથવા રજા ઉપર ઉતારવા માટેની ૧૦૦ શ્રમિકોની મર્યાદા વધારીને ૩૦૦ શ્રમિકોની કરી દીધી છે. તેણે ફેક્ટરીઝ એક્ટ હેઠળ પેઢીની નોંધણી માટે રોજગારની મહત્તમ મર્યાદા પણ વધારી છે. જેમાં કામના કલાકો, કામના દિવસો અને ઉંમરની લઘુત્તમ જરૂરિયાત વગેરેમાં સમાવેશ થાય છે. રાજસ્થાન સરકારે આ ઉપરાંત મજૂર સંઘોની નોંધણી માટે લઘુતમ સભ્યોની સંખ્યા - પેઢીના કુલ શ્રમિકોના ૧૫ ટકાથી વધારીને ૩૦ ટકા કરી દીધી છે. આ પ્રકારના ફેરફારોથી - વ્યવસ્થાપન અને શ્રમિકોના ઉત્પાદક સમયનું નુકસાન ઘટાડવામાં મદદ મળી છે. જેમાં વિવિધ યુનિયનો વચ્ચે ઘર્ષણને ઉકેલવામાં અને સહમતિ સાધવામાં સમયનો ઘણો વ્યય થતો હતો. આ ઉપરાંત રાજ્ય સરકારના એપ્રેન્ટીસશીપ એક્ટમાં - સુધારાથી અર્થશાસ્ત્રીઓ જેને માનવમૂડીનું નિર્ધારણ કહે છે તે કૌશલ્ય વિકાસને વેગ મળશે.

કેન્દ્ર સરકારમાં શ્રમ સુધારાઓની દિશામાં ખૂબ જ ઓછી હિલચાલ જોવા મળી રહી છે અને આ પ્રકારના શ્રમ સુધારાઓ કરવાનો મહત્ત્વનો બોજ રાજ્ય સરકારો ઉપર લાદવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા આ દિશામાં જે થોડા પગલાં ભરવામાં આવ્યા છે તેમાં તાજેતરમાં સ્થાપવામાં આવેલ એકીકૃત વેબ પોર્ટલનો સમાવેશ થાય છે. જેમાં વિવિધ પેઢી કે ઉદ્યોગ ૧૬ જેટલા કેન્દ્રીય શ્રમ કાનૂનો અંગે પોતે કરેલી કામગીરીનો અહેવાલ રજૂ કરી શકે છે. આ પ્રકારની વેબસાઈટમાં અંદર જ એવી પ્રક્રિયા સામેલ હોય છે જેના આધારે ઈન્સ્પેક્ટરો દ્વારા કઈ પેઢીની મુલાકાત લેવી તેનો નિર્ણય લઈ શકાય છે. આમ એક પ્રકારે આ ઈન્સ્પેક્ટર રાજમાંથી મુક્તિ તરફનો પ્રયાસ છે. જેને પગલે ઈન્સ્પેક્ટરોની પોતાની મરજી મુજબ કરાતી કામગીરીથી થતી હેરાનગતિમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ ઉપરાંત તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રોવિડન્ડ ફંડની પોર્ટેબિલિટી દાખલ કરવાના નિર્ણયથી શ્રમિકોની ફેરબદલીને પણ ઉત્તેજન મળશે, કેમ કે પ્રોવિડન્ડ ફંડની પોર્ટેબિલિટીથી શ્રમિક કે કર્મચારી પોતાની નોકરી બદલીને જ્યાં પણ જશે ત્યાં તેના પ્રોવિડન્ડ ફંડની રકમ પણ તબદીલ થઈ શકે.

આ ઉપરાંત વર્તમાન સરકાર દ્વારા એપ્રેન્ટીસશીપ એક્ટમાં ફેરફારોથી દેશમાં કૌશલ્ય વિકાસને પણ પ્રોત્સાહન મળશે. નાણાંમંત્રી શ્રી અરૂણ જેટલીએ પોતાના તાજેતરના અંદાજપત્ર ભાષણમાં જણાવ્યું હતું એમ, હવે કૌશલ્ય વિકાસ માટે નવું મંત્રાલય પણ હશે, જેને પગલે કૌશલ્ય વિકાસને વધુ વેગ આપવા ટૂંક સમયમાં જ અનેક મહત્ત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવશે.

અહીં એ નોંધવું પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે કામદારોને નોકરીમાંથી કાઢી મૂકવા ઉપર નિયંત્રણો પણ અવરોધોમાંથી બહાર નીકળવાનું કાર્ય કરશે. આ ઉપરાંત ભારતમાં આધુનિક નાદારીના કાયદાઓના અભાવને કારણે ભારતમાં પેઢીઓ અવરોધોમાંથી બહાર નીકળવામાં ગંભીર સમસ્યાનો સામનો કરી રહી છે. આ અવરોધોને કારણે નવી કંપનીઓ કે વિદેશી કે દેશની કંપનીઓ ભારતીય બજારમાં પ્રવેશ કરવા માટે ખચકાટ અનુભવે છે. આ સમસ્યા નાદારીના આધુનિક મુદ્દાઓ સાથે બનનાર નાદારી કાયદા સુધારથી થોડી હળવી બનાવી શકાય છે. નાણાંમંત્રીના અંદાજપત્ર વક્તવ્ય મુજબ "કાનૂની ચોક્કસતા અને ઝડપ" એ તેમના માટે આગામી નાણાકીય વર્ષમાં સર્વોચ્ચ અગ્રતા રહેશે.

**શ્રમ નિયમનોની આર્થિક દેખાવ ઉપર અસર :**

ઉપર જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર

દ્વારા ઘડવામાં આવેલા શ્રમ કાનૂનમાં વિવિધ રાજ્ય સરકારોએ વિવિધ પ્રકારના સુધારાઓ કરેલા છે. આ ઉપરાંત તેના અમલીકરણની શક્તિ પણ દરેક રાજ્યોમાં જુદી જુદી જોવા મળે છે. તેનાથી તમામ રાજ્યો વચ્ચે શ્રમ બજારમાં વિવિધતા સર્જાય છે. તમામ રાજ્યોમાં સરેરાશ પણે તેમજ પેઢી પ્લાન્ટ કે ઉદ્યોગ કક્ષાએ ઉત્પાદન ક્ષેત્રના આર્થિક દેખાવ ઉપર કેવી અસર પડે છે તેના અભ્યાસ માટે સંશોધકો દ્વારા શ્રમ કાનૂનની આ જડતાનો ઉપયોગ કરવામાં આવે છે. બોસ્ટલી એન્ડ બર્ગેસ (૨૦૦૪) આ પ્રકારની સૌ પ્રથમ સ્ટડી છે. તમામ નોંધાયેલા ઉત્પાદકતાના આંકડાઓ, રોકાણ, રોજગાર, ઉત્પાદકતા વગેરેના રાજ્યકક્ષાના આંકડાઓનો ઉપયોગ કરતાં તેમણે જણાવ્યું છે કે આ તમામ આંકડાઓમાં શ્રમિક તરફી નિયમનો કે કઠોરતાને કારણે ઘટાડો જોવાયો હતો. વણનોંધાયેલા અનૌપચારિક ઉત્પાદકતાના એવા જ માપદંડોમાં આ પ્રકારના શ્રમ નિયમનો સાથે ઊલટો સંબંધ જણાવ્યો હતો અને અનૌપચારિક ક્ષેત્રમાં વિકાસ વધતો જોવાયો હતો. જે શ્રમ બજારની કઠોરતાને કારણે ઔપચારિક ક્ષેત્રમાં દબાયેલો જોવા મળ્યો હતો. ત્યાર પછીના અભ્યાસોમાં પણ વધુ તફાવતવાળા માપદંડો દ્વારા આ કાર્ય વધુ આગળ વધતું જણાયું હતું.

હાસન, ગુપ્તા અને કુમાર (૨૦૦૯) એ રાજ્ય દ્વારા ઉદ્યોગ કક્ષાએ કરાયેલો અભ્યાસ છે. તેમાં જણાયું હતું કે પ્રમાણમાં મર્યાદિત શ્રમ નિયમનોવાળા રાજ્યમાં અન્ય રાજ્યોની સરખામણીમાં કુલ રોજગાર અને શ્રમ ઘનિષ્ઠતાવાળા ઉદ્યોગોનો વિકાસ ધીમો હતો. તેનાથી પણ વધુ એક અભ્યાસ હાસન એન્ડ જાન્ડોક (૨૦૧૩) દ્વારા હાથ ધરાયો હતો. જેમાં તેમણે ઔપચારિક અને અનૌપચારિક ઉત્પાદન પેઢીઓના આંકડાઓ એકત્ર કર્યા હતા. તેઓને મર્યાદિત શ્રમ રાજ્યો અને અન્ય વચ્ચે પેઢીઓની રોજગાર વહેંચણીમાં કોઈ તફાવત જોવા મળ્યો નહોતો. જોકે જ્યારે તેઓએ તેમનું ધ્યાન માત્ર શ્રમ ઘનિષ્ઠ ક્ષેત્ર ઉપર કેન્દ્રિત કર્યું ત્યારે જણાયું કે અન્ય રોજગારદાતા રાજ્યો (આશરે ૬૦ વિરુદ્ધ - ૪૦ ટકા) કરતાં મર્યાદિત શ્રમ નિયમનવાળા શ્રમિક તરફી રાજ્યોમાં પેઢીઓનો રોજગારમાં હિસ્સો શૂન્યથી નવ કર્મચારીઓ જેટલો ઘણો ઊંચો હતો. ૨૦૦થી વધુ કર્મચારીઓ (આશરે ૧૦ વિરુદ્ધ ૨૫ ટકા)ની કક્ષામાં આવતી પેઢીઓનો ક્રમાંક બિલકુલ વિપરિત જણાયો હતો. તેઓએ જ્યારે વધુ અને ઓછી માળખાકીય સુવિધાઓવાળા રાજ્યો વચ્ચે આ જ પ્રકારની સરખામણી કરી ત્યારે તેમાં કશો ખાસ ફેરફાર જોવા મળ્યો નહોતો.

તેઓના અભ્યાસની એક રસપ્રદ બાબત એ છે કે ભારતીય કાપડ ઉદ્યોગમાં રોજગાર નાની પેઢીઓમાં (૯ શ્રમિકોથી ઓછાને રોજગાર આપતી પ્રત્યેક પેઢી) વધુ ઘનિષ્ઠ જોવા મળે છે. જ્યારે ચીનના કાપડ ઉદ્યોગમાં તે વધુ મોટી પેઢી (૨ હજારથી વધુ શ્રમિકોને રોજગાર આપતી પ્રત્યેક પેઢી)ઓમાં કેન્દ્રીત જોવા મળ્યો હતો.

તાજેતરના સંશોધનોમાં પ્લાન્ટ કક્ષાના આંકડાઓ સાથે ઓ.ઈ. સી.ડી. એમ્પ્લોયમેન્ટ પ્રોટેક્શન મેજરમાં જણાવ્યું હતું કે શ્રમ પ્રચુર ઉદ્યોગો તેમજ અને અત્યંત વધઘટવાળી માંગનો સામનો કરતા ઉદ્યોગમાં ઉત્પાદકતાનો કુલ આંક ઓછા મર્યાદિત શ્રમ કાનૂનોવાળા રાજ્યોમાં - અન્ય રાજ્યોની સરખામણીમાં સરેરાશ ૧૧ થી ૧૪ ટકા જેટલો ઊંચો હતો.

**શ્રમ નિયમનો અને વૈશ્વિકરણ વચ્ચે પરસ્પર સંબંધ : થિયરી અને એવીડેન્સ**

મર્યાદિત શ્રમ નિયમનોની નકારાત્મક અસરો અત્રેના ઉપરના પુરાવાઓ બહુ આશ્ચર્યજનક નથી કે ભારતમાં વ્યાપાર અને સીધા વિદેશી મૂડીરોકાણના મોટા આર્થિક સુધારાઓના માહોલમાં શ્રમિક ઘનિષ્ઠતાવાળા ઉદ્યોગોનો ઝડપથી વિકાસ થઈ રહ્યો નથી. શ્રમિક ઘનિષ્ઠતાવાળા ઉદ્યોગોમાં નાના પાયાનું આરક્ષણ ખતમ થઈ રહ્યું છે અને મલ્ટી ફાયબર એરેન્જમેન્ટની પરવાના મુક્તિ સમાપ્ત થઈ રહી છે. (જુઓ ભગવતી અને પાનગરિયા-૨૦૧૩). આ ઉપરાંત ખોરાક, પીણા, કપડાં, વસ્ત્ર, રાચરચીલું વગેરે જેવા બિનકૌશલ્ય શ્રમિક પ્રચુર ક્ષેત્રમાં દેશની કુલ ઘરેલુ ઉત્પાદન (જી.ડી.પી.)માં તેનો હિસ્સો સ્થિર છે અથવા થોડો ઘટી રહ્યો છે. જ્યારે કૌશલ્ય ઘનિષ્ઠતા અને મૂડીઘનિષ્ઠતા ધરાવતા ઉદ્યોગો જેવા કે ઓટોમોબાઈલ્સ, પેટ્રોલિયમ, રિફાઈનિંગ, પેટ્રોલિયમ, એન્જિનિયરિંગ સામાન, સંદેશાવ્યવહાર, દવાઓ, નાણા, સોફ્ટવેર વગેરેનો હિસ્સો ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે અને ૧૯૯૦-૯૧માં તેની નિકાસ ૪૧ ટકા હતી તે ૨૦૦૭-૦૮માં વધીને ૬૫ ટકા ઉપર પહોંચી છે. (દાસ, વાધવા અને કલિતા-૨૦૦૯) તેનાથી વિપરિત, ભારતમાં શ્રમિકોની વિપુલતાને પગલે વ્યાપાર ઉદારીકરણથી બાકી અર્થતંત્રની

સરખામણીમાં શ્રમિક ઘનિષ્ઠતાવાળા ઉત્પાદક ક્ષેત્રનો વિસ્તાર થવો જોઈએ. વ્યાપાર ઉદારીકરણથી શ્રમિકોની કામગીરી અથવા ઉત્પાદનની કામગીરીમાં વિશેષ યોગ્યતાની માંગ વધે છે. વાસ્તવમાં ભારત તૈયાર વસ્ત્રમાં વિશ્વ બજારમાં તેનો હિસ્સો બાંગ્લાદેશ સામે ધીમી ગતિએ અને ચીન સામે ઝડપથી ગુમાવી રહ્યો છે. અગાઉ આપણે જણાવી ગયા તેમ ચીનમાં તૈયાર વસ્ત્ર ઉદ્યોગમાં રોજગારી મોટા ઔદ્યોગિક એકમોમાં કેન્દ્રીત છે. જ્યારે ભારતના વસ્ત્ર ઉદ્યોગમાં રોજગારી નાના ઉદ્યોગોમાં કેન્દ્રીત છે. જેને પગલે આપણા અર્થતંત્રને મોટું નુકસાન થઈ રહ્યું છે. સમજી ન શકાય તેવી બાબત એ છે કે વસ્ત્ર ઉદ્યોગમાં ભારતનો દેખાવ બાંગ્લાદેશથી પણ અત્યંત ખરાબ છે, જ્યાં ભારત કરતાં વધુ ગરીબી છે. ભારત કરતાં માળખાકીય સુવિધાઓ ઓછી છે અને ભારત કરતાં ભ્રષ્ટાચાર પણ વધુ છે. ભારતના કઠોર અને બિન સ્થિતિસ્થાપકતાવાળા શ્રમિક નિયમનોની નકારાત્મક અસરો પ્રદર્શિત કરતું આ સૌથી મોટું ઉદાહરણ છે. કઠોર શ્રમ નિયમનો વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં શ્રમિક પ્રચુર ઉદ્યોગોમાં ભારતની તુલનાત્મક સ્પર્ધાત્મકતાને કેવી રીતે અસર પહોંચાડે છે ? કઠોર શ્રમિક નિયમનો શ્રમિકો ઉપરના સીધાં ખર્ચમાં વધારો કરવા ઉપરાંત તે ઉદ્યોગ પેઢીના કદને સીમિત રાખે છે. ઉપર જણાવ્યા મુજબ (પાનગરિયા-૨૦૦૧). શ્રમિક ઘનિષ્ઠતાવાળી પેઢીનું નાનું કદ તેમને વિશાળ અર્થતંત્રના ફાયદાઓ મેળવતા અટકાવે છે અને તે રીતે શ્રમિક ઘનિષ્ઠતાવાળા ઉત્પાદકતાના ક્ષેત્રમાં ભારતના સ્પર્ધાત્મકતાના ફાયદાને ઘટાડે છે.

તાજેતરમાં કેટલાક સમીક્ષકો દ્વારા કરવામાં આવેલા અનુમાનોથી વિપરિત આ કાનૂન સાથે સંકળાયેલી મહત્તમ રોજગાર માટે પેઢીઓના જૂથનો અભાવ એવું પણ નથી દર્શાવતો કે આ નિયમનો દ્વારા લદાયેલા પરિમાણો બંધનકર્તા નથી. શ્રમિક ઘનિષ્ઠતાવાળા ઉદ્યોગોમાં મોટા પાયા પર ઉત્પાદન માટે જરૂરી ટેક્નોલૉજીની પસંદગી અથવા ઉત્પાદનના પ્રકારને આ પ્રકારના નિયમનો નિરૂત્સાહિત કરે છે.

નાના કદના ઉત્પાદનની ટેક્નિક કે ઉત્પાદનનો પ્રકાર પસંદ કરવા માટે પેઢી કે ઉદ્યોગને ફરજ પડે છે. તેમાં શ્રમિકોની સંખ્યા ખૂબ જ ઓછી એટલે કે ઈન્ડસ્ટ્રિયલ ડિસ્પુટ એક્ટની મહત્તમ મર્યાદાથી પણ ઓછી હોય છે. આ ઉપરાંત આ નિયમનોનું અમલીકરણ પણ અપૂરતું થાય છે. તેનો અર્થ એ છે કે કાનૂની નિયમનોનું નાનું પણ ઉલ્લંઘન કાં તો કોઈના ધ્યાનમાં નથી આવતું અથવા તો ઈન્સ્પેક્ટરો દ્વારા તેના તરફ આંખ મિચામણાં કરવામાં આવે છે.

મર્યાદિત શ્રમિક નિયમનો પેઢીઓને માંગ અને ટેક્નોલૉજીના ઝટકાઓ સામે પગલાં ભરવામાં અને એ રીતે જરૂરી ગોઠવણો કરવામાં પણ અંતરાય સર્જે છે. જે દેશોમાં શ્રમ બજારમાં કઠોરતા નથી તેની સરખામણીમાં આપણા દેશની પેઢીઓ વેપાર કરવામાં અસહાય બની જાય છે. વેપારની અસરોનો લાભ લેવા માટે ઉદ્યોગોમાં શ્રમિકોની પુનઃ વહેંચણી અને ઉદ્યોગની અંદર પેઢીમાં પણ શ્રમિકોની પુનઃ ફેરબદલી જરૂરી હોય છે. ઉદ્યોગની અંદર તેમજ ઉદ્યોગોની વચ્ચે એમ બંને પ્રકારે શ્રમિકોની પુનઃ વહેંચણી શ્રમ નિયમનો દ્વારા મર્યાદિત બની જાય છે. આ કાયદાઓ પેઢીઓને મોટી સંખ્યામાં કાયમી શ્રમિકો રાખવામાં અંતરાય સર્જે છે અને તેમને વધુ ને વધુ આકસ્મિક અથવા કરાર આધારિત શ્રમિકો લેવા માટે મજબૂર કરે છે. જેમનામાં કામ માટે કૌશલ્ય શિખવાની ઘનિષ્ઠતા અથવા પેઢી માટે જરૂરી કૌશલ્ય પ્રાપ્ત કરવાનો અભાવ હોય છે.

આ ઉપરાંત આ નિયમનો પેઢીઓને શ્રમિકોને બદલે મૂડીના ઉપયોગ તરફ વાળવા ફરજ પાડે છે. ઉદાહરણ તરીકે તેઓ ઉત્પાદન માટે વધુ મૂડી ધરાવતી ટેક્નોલૉજી તરફ વળે છે અને સમગ્ર ઉદ્યોગમાં પેઢીઓ વચ્ચે પણ મૂડી ઘનિષ્ઠતાવાળા ઉત્પાદનના પ્રકાર તરફ વળે છે. આમ, આ શ્રમ કાનૂનો ભારતમાં શ્રમિકોની વિપુલતાના સ્પર્ધાત્મકતાના લાભથી વિરુદ્ધ કામ કરે છે અને શ્રમ ઘનિષ્ઠતાવાળા ભારતના ઉત્પાદકતાના ક્ષેત્રમાં વેપારના લાભોને મર્યાદિત બનાવે છે.

હવે આપણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને શ્રમ કાનૂનો વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા અને તેને સંબંધિત પ્રયોગમૂલક પુરાવાઓ જોઈશું અને પેઢીઓનો દેખાવ નક્કી કરવામાં આ ક્રિયા-પ્રક્રિયાની અસરો તપાસીશું. મિત્રા અને ઉરબ (૨૦૦૮) દ્વારા ૧૯૮૮થી ૨૦૦૦ના સમયગાળા દરમિયાન દેશના ૧૫ મોટા રાજ્યોમાં વિવિધ બે આંકડાના ઉદ્યોગોમાં વેપાર ઉદારીકરણની અસરો તપાસી હતી. પ્રમાણમાં વધુ સ્થિતિસ્થાપક શ્રમ બજારવાળા રાજ્યોની સરખામણીમાં આ અસર ૩૩ ટકા જેટલી વધુ હતી. આંકડાઓની દૃષ્ટિએ આવી જ અસરો

રોજગાર ઉત્પાદન, મૂલ્યવર્ધન, મૂડી સ્ટોક અને રોકાણ વગેરેમાં પણ જોવા મળી હતી. આથી સુંદરમ્, અહેસાન, મિત્રા (૨૦૧૩) એ જ્યારે એમ જણાવ્યું કે વેપાર ઉદારીકરણથી કઠોર શ્રમ બજારવાળા રાજ્યોમાં પ્રમાણમાં સ્થિતિસ્થાપક બજારવાળા રાજ્યો કરતાં રોજગાર, ઉત્પાદન અને મૂલ્યવર્ધન વધે છે ત્યારે બહુ ઓછું આશ્ચર્ય થયું હતું.

તેના પરથી જણાય છે કે, વ્યાપાર આધારિત વિધિસર ઉત્પાદકતા ક્ષેત્રનો વિકાસ જે શ્રમનિયમનોથી મર્યાદિત હોય છે તે કેટલેક અંશે અનૌપચારિક ઉત્પાદકતા ક્ષેત્રની સરખામણીમાં ઝડપથી વધે છે.

ઉપરના ઉદાહરણો પરથી જણાય છે કે વેપાર અને શ્રમ નિયમનો વચ્ચેનો સંબંધ શ્રમની વિવિધ પરિબળ તીવ્રતા પર અસર દ્વારા વધુ સારી રીતે સમજી શકાય છે. પરિબળ તીવ્રતામાં પરિબળ વિપુલતા સાથે એ પણ નક્કી થાય છે, જેમાં વેપારથી લાભની સાથે વેપાર હેઠળ વિશેષ યોગ્યતા અને સ્પર્ધાત્મક લાભ નક્કી કરે છે.

વિવિધ ઉદ્યોગો અને દેશોને - છેલ્લાં કેટલાંક સમયથી જોતાં હાસન, મિત્રા અને સુંદરમ્ (૨૦૧૩એ)ને જણાવ્યું હતું કે મર્યાદિત શ્રમ નિયમનોથી બનેલા અપરિપૂર્ણ શ્રમિક બજાર ખાસ કરીને કર્મચારીઓને ભાડે રાખવા, કાઢી મૂકવાના નિયમનો, લઘુતમ ચૂકવણીના નિયમનો અને બેરોજગારીના લાભો વગેરે ઉત્પાદક ક્ષેત્રના વિવિધ ઉદ્યોગોમાં મૂડી ઘનિષ્ઠતા સાથે સંકળાયેલા છે. જ્યારે બિનકૌશલ્ય શ્રમ ઘનિષ્ઠ ઉદ્યોગોમાં જ્યાં માંગ અને ટેક્નોલૉજી ખૂબ જ અસંતુલિત હોય છે તેમાં માંગને પગલે શ્રમિકો સાથે સમાધાન કરવું પડે છે.

આથી, હાસન, મિત્રા અને સુંદરમ્ (૨૦૧૩થી) એ જણાવ્યું હતું કે ભારત તેના વિકાસના સ્તરને આધારે કરાયેલા અનુમાન કરતાં વધુ મૂડી ઘનિષ્ઠ ટેક્નિકનો ઉપયોગ કરે છે. જે ચાઈના દ્વારા કાગળ અને છાપકામ, ચામડા, રબર અને પ્લાસ્ટિક કેમિકલ્સ, નોન મેટાલીક મિનરલ્સ, બેગ મેટલ્સ, મેટલ પ્રોડક્ટ્સ, ધ બેક્ટીકલ ઇક્વિપમેન્ટ્સ એન્ડ ઈનસ્ટ્રુમેન્ટ્સ, પેટ્રોલિયમ વગેરેમાં ઉપયોગમાં લેવા કરતાં પણ વધારે છે.

શ્રમ બજારમાં જોવાયેલો અન્ય મહત્ત્વનો બીજો ફેરફાર જોવા મળ્યો છે તેમાં બજાર અને શ્રમ બજારની કઠોરતા વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાથી પ્રભાવિત રોજગારીનો દર છે. હાસન, મિત્રા, રંજન અને અહેસાન (૨૦૧૨)ને જણાયું હતું કે સ્થિતિ સ્થાપક શ્રમ બજાર સાથેના રાજ્યોમાં વેપાર ઉદારીકરણની અસરથી બેરોજગારીમાં ઘડાટાના પુરાવા મળ્યા હતાં. તેમાં વાસ્તવિક ઘટેલી બેરોજગારીના ૩૭ ટકા માટે વેપાર ઉદારીકરણ જવાબદાર હતું. બેરોજગારીનું આ પરિણામ સ્થિર રીતે હાસન, મિત્રા અને રામા સ્વામી (૨૦૦૭)ના ૧૯૮૮-૧૯૯૭ના સમયગાળા માટે રાજ્યો દ્વારા ટુ ડીજીટ ઈન્ડસ્ટ્રી લેવલ મુજબ હતું. જેમાં જણાયું હતું કે વેપાર ઉદારીકરણથી રોજગારનાં ઘટાડાથી ભથ્થાનાં વધારા સુધી મહત્ત્વપૂર્ણ આંકડાકીય વૃદ્ધિ જોવા મળી હતી. આ પ્રતિભાવ અને વેપાર ઉદારીકરણ સાથે તેમાં થયેલો વધારો સ્થિતિસ્થાપક શ્રમ બજારવાળા રાજ્યોમાં પ્રમાણમાં વધારે હતો. રોડ્રીક (૧૯૯૭)એ જણાવ્યું છે કે, આ પ્રતિભાવ શ્રમિકની સોદાબાજીની શક્તિનું પ્રતિબિંબ પાડે છે. જેમાં વેપાર ઉદારીકરણને પગલે ઘટાડો નોંધાયો હતો. એક ચેનલ સીધી અને વેપાર ઉદારીકરણને પગલે ઘરેલુ સેવાઓ સાથે સ્પર્ધામાં ઉતરી શકે તેવી સસ્તા વિશાળ વિવિધ ઉત્પાદનોમાંથી ઉદ્ભવેલી છે. જ્યારે બીજી ચેનલ વધુ ગૂઢ છે જે વેપાર ઉદારીકરણ પછી વિદેશમાં ઉત્પાદનો સામે વધુ પ્રતિસ્પર્ધાનો સામનો કરતાં ઘરેલું ઉત્પાદનોની વાસ્તવિકતામાંથી આવી છે.

આનો અર્થ એવો છે કે કોઈપણ ભથ્થામાં વધારો - ખર્ચમાં વધારો બનશે અને તેને પગલે વસ્તુના ભાવ વધશે. જેનાથી હવે ઉત્પાદનમાં ખૂબ જ મોટો કાપ આવે છે અને તેનાથી રોજગાર ઘટે છે. આ પરિસ્થિતિ પગાર ભથ્થાની સોદાબાજીને ઘટાડે છે. જેનું બેરોજગારીના તમામ મોડેલમાં અનુમાન કરવામાં આવ્યું હતું કે બેરોજગારીમાં ઘટાડો થશે. આ ચેનલ પ્રમાણમાં સ્થિતિસ્થાપક શ્રમ બજારની પરિસ્થિતિમાં તેની પૂરી શક્તિથી કાર્ય કરે તેવી શક્યતા છે.

**ઉપસંહાર - નીતિવિષયક ભલામણો અને તેની અસરો**

ભારતના જૂના પુરાણા અને મર્યાદિત શ્રમનિયમનો તેના ઉત્પાદકતા ક્ષેત્ર આડેનો સૌથી મોટો અંતરાય છે. એવા દૃષ્ટિકોણના ટેકામાં હવે ખૂબ જ પુરાવાઓ ઉપલબ્ધ છે. ખાસ કરીને એક જ ક્ષેત્રમાં પ્રમાણમાં શ્રમ ઘનિષ્ઠ ક્ષેત્રમાં તે વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ નિયમનો ઉત્પાદકતા ક્ષેત્રની પેઢીઓને તેનું કદ નિયંત્રિત રાખીને વિશાળ અર્થતંત્રની મહત્ત્વપૂર્ણ સંભાવનાઓથી તેને વંચિત રાખે છે. તે તેમને પ્રમાણમાં ઉત્પાદનની મૂડી ઘનિષ્ઠ ટેક્નિક અપનાવવા અને ઉદ્યોગોની વચ્ચે મૂડી ઘનિષ્ઠ વસ્તુઓના

ઉત્પાદનને પસંદ કરવા મજબૂર બનાવે છે જેનાથી ભારતની પરિબળની વિપુલતા આધારિત સ્પર્ધાત્મકતાનો લાભ છીનવાઈ જાય છે.

આ ઉપરાંત આ મર્યાદાઓ કામચલાઉ શ્રમિકોના ઉપયોગને પ્રોત્સાહન આપે છે. જેમને કામ શીખવા માટે કોઈ પ્રોત્સાહન હોતું નથી કે પેઢીને પણ તેમનામાં રોકાણ કરવા માટે કોઈ રસ હોતો નથી. આમ ભારતીય ઉત્પાદક પેઢી ખાસ કરીને કાપડ કે વસ્ત્રો જેવા શ્રમ પ્રચુર ઉદ્યોગોમાં તેમના એ જ ક્ષેત્રના હરિફ ચીન, બાંગ્લાદેશ, વિએટનામ જેવા દેશો કે જ્યાં શ્રમ બજાર વધુ લચિલું છે તેની સરખામણીમાં ગંભીર ગેરલાભો ધરાવે છે.

આના ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ભારતના વિશાળ શ્રમિક વર્ગને સારું કામ આપવા માટે શ્રમ ઘનિષ્ઠ ઉત્પાદકતા ક્ષેત્રનો વિકાસ કરવો જરૂરી છે. હાલમાં ભારતમાં એવા ક્ષેત્રનો વિકાસ બહુ ઝડપથી થઈ રહ્યો છે, પરંતુ તે આપણા વિકાસનું મુખ્ય ચાલકબળ બની શકે નહીં. કેમ કે શિક્ષિત શ્રમિકોની ઉપલબ્ધતાની મર્યાદાને કારણે સેવા ક્ષેત્રની પણ એક મર્યાદા આવી જાય છે. ટકાઉ એવા આધારિત વિકાસ - દાયકાઓ સુધી - ચાલી શકે તે માટે આપણા શ્રમિક બળમાં બદલાવ લાવવો ખૂબ જ જરૂરી છે અને તે માટે આપણે શ્રમ નિયમનોમાં સુધારાઓ લાવવાની અત્યંત જરૂર છે.

આપણે કેવા પ્રકારના શ્રમ સુધારાની જરૂર છે ? ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પુટ એક્ટની મહત્તમ શ્રમિકોની મર્યાદામાં રાજસ્થાને કર્યું તેમ ૧૦૦થી વધારીને ૩૦૦ કરવી જરૂરી છે. પરંતુ તેમાં તેનાથી અનેકગણો વધારો કરવાની જરૂર છે અને કદાચ મહત્તમ મર્યાદા ખતમ પણ કરી શકાય અને આ સુધારાઓ ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પુટ એક્ટના ચેપ્ટર વી.બી.થી પણ આગળ લઈ જવાની જરૂર છે તેમ મોટાભાગના સમીક્ષકો માને છે. ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પુટ એક્ટના ચેપ્ટર વી.બી.માં સુધારાઓ અંગે ભગવતી અને પાનગરિયા (૨૦૧૩) સૂચન કરે છે જેમાં છટ્ટણીની વ્યાખ્યા દૂર કરવી, ઘટતી માંગની પરિસ્થિતિમાં કર્મચારીઓની સંખ્યા ઘટાડવાનો પ્રતિભાવ અથવા ટેક્નોલૉજીમાં પરિવર્તન અને પ્રોબેશન ઉપરના કર્મચારીને કાયમી નહીં કરવાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત તેઓ એવી દલીલ કરે છે કે ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈમેન્ટ એક્ટ (સ્ટેન્ડીંગ ઓર્ડર્સ)માં સુધારો કરીને શ્રમિક કે કર્મચારીને તે જેના માટે પાત્રતા ધરાવતો હોય તે કોઈપણ કાર્ય માટે તેની ફેરબદલી કરી શકાય તેવી છૂટછાટ આપવી જોઈએ.

"હું એક જ પેઢીમાં એકથી વધુ કામદાર સંઘોનો પણ વિરોધ કરું છું." જેનાથી હંમેશાં અવ્યવસ્થા સર્જાય છે અને ઉત્પાદનમાં નુકસાન થાય છે. ઉપર જણાવ્યા મુજબ હાલમાં જ શરૂ કરાયેલી વેબ પોર્ટલ ઉપર નિયમનો અંગે જાતે જ માહિતી રજૂ કરવાની નવી પદ્ધતિથી દેશમાં ઈન્સ્પેક્ટર રાજનો અંત આવશે. આ યોજના હેઠળ આવરી લેવાયેલા નિયમનોના વ્યાપને વધારવો જોઈએ.

ભારતના મર્યાદિત શ્રમ નિયમનોના આર્થિક ખર્ચને વ્યાપક માન્યતા મળેલી છે. પરંતુ તેમાં સુધારાઓને રાજકીય દૃષ્ટિકોણથી યોગ્ય મનાતા નથી. દેશના મજદૂર સંગઠનો રાજકીય રીતે ખૂબ જ આયોજિત છે અને રાજકીય પ્રક્રિયામાં અગત્યનો હિસ્સો ધરાવે છે. જો કે તાજેતરના પ્રયોગમૂલક પુરાવાઓ જણાવે છે કે આ રાજકીય અવરોધને કાયમી માની લેવાની જરૂર નથી. ઉદાહરણ તરીકે એવા પણ પુરાવા છે કે વેપારમાં વ્યાપક ખુલ્લાપણાને પગલે ભારતમાં ઔપચારિક ક્ષેત્રના કર્મચારીઓની સોદાબાજીની શક્તિમાં ઘટાડો થયો છે. તેમજ કર્મચારીઓને યુનિયન અને યુનિયનના સભ્યપદથી વંચિત કરીને તેમની યુનિયન પ્રવૃત્તિમાં પણ ઘટાડો જોવાઈ રહ્યો છે. (જુઓ અહેસાન અને મિત્રા-૨૦૧૪) (અહેસાન, ઘોષ અને મિત્રા-૨૦૧૫). આમ શ્રમિક નિયમનોમાં ધીમે ધીમે સુધારાઓથી આ સુધારાઓનો રાજકીય વિરોધ પણ ખતમ થશે. તેનાથી વિપરીત આવા સુધારાઓની તરફેણમાં રાજકીય ટેકો મળશે. કેમ કે આખરે શ્રમિકોને પણ ખબર પડશે કે - શ્રમિક સુધારોનો સૌથી મોટો લાભાર્થી - તેઓ પોતે જ છે.

**સંદર્ભ :**


— અહેસાન, રેશાદ એન. આર્ગ્ય ઘોષ અને દેવાશિષ મિત્રા-૨૦૧૫ આંતરરાષ્ટ્રીય વેપાર અને સંગઠનપદ.

— બર્ધન, પ્રણવ (૨૦૧૪) ધ લેબર રીફોર્મ મીથ.



**લેખક અમેરિકા ખાતેની સાયરેક્યુસ યુનિવર્સિટીની મેક્સવેલ સ્કૂલ ઑફ સિટિઝનશીપ ઍન્ડ પબ્લિક અફેર્સ ખાતે અર્થશાસ્ત્ર અને વૈશ્વિક બાબતોના સંશોધન પ્રૉફેસર છે. જાણીતા આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રને લગતા જર્નલોમાં તેઓના લેખ પ્રસિદ્ધ થયાં છે.**

# રાષ્ટ્રનિર્માણની નવતર પહેલ... મેક ઇન ઇન્ડિયા ભારતનું વૈશ્વિક મેન્યુફેકચરિંગ કેન્દ્રમાં રૂપાંતર

• અમિતાભ કાન્ત •

રાષ્ટ્રનિર્માણ માટેની અનેકવિધ પહેલના ભાગરૂપે 'મેક ઈન ઈન્ડિયા' કાર્યક્રમના સપ્ટેમ્બર, ૨૦૧૪માં શ્રીગણેશ થયા હતા, જેનો મુખ્ય હેતુ ભારતને વૈશ્વિક સ્તરના મેન્યુફેકચરિંગ કેન્દ્રમાં પલટાવવાનો છે. દેશમાં ૨૦૧૩ સુધીમાં વિવિધ ઘટનાઓને પરિણામે ગંભીર આર્થિક પરિસ્થિતિ ઊભી થઈ હતી. ભારતને વિશ્વના એક નવા ઉભરતાં બજાર તરીકે જોરશોરથી થયેલા પ્રચારનો પરપોટો ફૂટી ગયો હતો અને ભારતનો આર્થિક વિકાસનો દર ઘટીને દસકાના તળીયે પહોંચી ગયો હતો. આવા વાતાવરણમાં મેક ઈન ઈન્ડિયાનો નારો ખૂબ જ સમયસરનો હતો. એ સમયે 'બ્રિક્સ' (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા) રાષ્ટ્રોનું ઝડપી આર્થિક વિકાસનું વચન ધૂંધળું પડી ગયું હતું અને ભારત ઉપર કહેવાતા પાંચ નાજુક દેશોમાંના એક દેશ તરીકેનો સિક્કો લાગી ગયો હતો. વૈશ્વિક રોકાણકારોમાંથી વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતું ભારત મૂડીરોકાણની દૃષ્ટિએ એક જોખમ છે કે તક એ વિશે ચર્ચા ચાલી હતી. ભારતના ૧.૨ અબજ નાગરિકોના મનમાં પણ ભારતની સફળતા-નિષ્ફળતા વિશે સંદેહ જાગ્યો હતો. દેશ ઉપર કારમી આર્થિક નિષ્ફળતાનો ભય ઊભો થયો હતો.

### રાષ્ટ્રવ્યાપી પ્રેરક નારો

આવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે મેક ઈન ઈન્ડિયાનો આરંભ થયો હતો અને એનો નારો ભારતમાં હિત ધરાવતા અસંખ્ય લોકો તેમજ ભાગીદારો માટે એક છત્ર હેઠળ એકત્ર થવાનો નારો બની ગયો હતો. દેશના નાગરિકો તેમજ વ્યાપાર-ઉદ્યોગના અગ્રણીઓને આ નારાએ સક્રિય બનવા ઉત્તેજન પૂરું પાડ્યું હતું. અને આ જ નારો વિશ્વભરમાં મૂડીરોકાણકારો અને સંભવિત ભાગીદારો માટે ભારત પધારવાનો એક નિમંત્રણ બન્યો હતો, પરંતુ મેક ઈન ઈન્ડિયાનું અભિયાન એક પ્રેરક નારાથી ઘણું વધુ મહત્ત્વ ધરાવે છે. આ અભિયાન, દેશની જૂની- કસમય થઈ ચૂકેલી પ્રક્રિયાઓ અને નીતિઓને અલગ પાડવાનું, દૂર કરવાની એક સર્વગ્રાહી અને અભૂતપૂર્વ કવાયત છે. સૌથી મહત્ત્વની વાત તો એ છે કે, આ કાર્યક્રમ કેન્દ્ર સરકારના માનસમાં સંપૂર્ણ પરિવર્તન સૂચવે છે. સરકાર અધિકારપત્રો પૂરા પાડતી સત્તાને બદલે વ્યાપારમાં ભાગીદાર બની છે, જે ભૂમિકા એના 'અલ્પતમ સરકાર, મહત્તમ શાસન'ના સિદ્ધાંતને સંપૂર્ણ અનુરૂપ છે.

### મુખ્ય ઉદ્દેશો

કોઈ એક આંદોલન શરૂ કરવા માટે લોકોને પ્રેરણા પૂરી પાડે, એમનું સશક્તિકરણ કરે અને કામ કરવા પ્રેરે એવી એક વ્યૂહરચના આવશ્યક છે. મેક ઈન ઈન્ડિયા માટે એક જુદા જ પ્રકારના અભિયાનની જરૂર હતી. છાપાંમાં આંકડાની ભરપૂર જાહેરાતો બહાર પાડવાના સ્થાને લોકો સુધી એક માહિતીપ્રદ વ્યવસ્થિત અને વિશ્વસનિય સંદેશો પહોંચાડવાની જરૂરિયાત ઊભી થઈ હતી. એના દ્વારા ત્રણ ઉદ્દેશો પાર પાડવાના હતા, (૧) વિદેશોમાંના સંભવિત રોકાણકારો - ભાગીદારો, ભારતની વ્યાપારી આલમ અને દેશના નાગરિકોમાં ભારતની શક્તિ વિશે વિશ્વાસ જગવવાનો હતો, (૨) પસંદગીના ૨૫ ઉદ્યોગ ક્ષેત્રો અંગે વિપુલ પ્રમાણમાં ટેક્નિકલ માહિતી માટેનું એક માળખું ઊભું કરવાનું હતું અને (૩) સોશિયલ મીડિયા મારફત સ્થાનિક તેમજ વૈશ્વિક સપાટીએ બહુસંખ્ય લોકો સુધી પહોંચી એમને દેશમાંની તકો, આર્થિક સુધારાનાં પગલાં વગેરે અંગે છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિથી માહિતગાર કરવાના હતા.

### વિશ્વવ્યાપી પ્રસિદ્ધિ

કેન્દ્રીય ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગે મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ માટે ખૂબ જ નિષ્ણાત જાણકારી ધરાવતી એજન્સીઓના જૂથ સાથે મળી એક 'હેલ્પ ડેસ્ક' અને મોબાઈલ ફર્સ્ટ વેબસાઈટ સહિત એક તદ્દન નવું આંતર માળખું વિકસાવ્યું હતું, જેમાં ખૂબ જ ઉપયોગી એવી વ્યાપક માહિતી સરળ અને આકર્ષક રીતે પૂરી પાડવામાં આવી હતી. ગઈ ૨૫મી સપ્ટેમ્બરે નવી દિલ્લીમાં એક ખાસ ભવ્ય સમારંભમાં ભારતના તેમજ વિશ્વના વ્યાપાર ક્ષેત્રના અગ્રણીઓ, નીતિઓના ઘડવૈયાઓ અને મીડિયાના પ્રતિનિધિઓની વિશાળ હાજરીમાં મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમનો વિધિવત્ આરંભ થયો હતો. આ અવસર માટે ઘડાયેલી સર્વગ્રાહી ડિજિટલ વ્યૂહરચનાને પ્રતાપે આ કાર્યક્રમમાં છાપાં-

## મેક ઇન ઇન્ડિયા - ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં કરાયેલ દરખાસ્તો

- રોજગારી નિર્માણ માટે ઘરઆંગણે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વિકાસ અને મૂડીરોકાણને પ્રોત્સાહન
- વ્યાપારી કામકાજ વગેરેમાં સરળતા માટે સરળ કરવેરા પદ્ધતિ
- ઉદ્યોગોની સ્થાપના માટે ઘણી બધી મલ્ટિપલ પૂર્વ પરવાનગી લેવાની હાલની આવશ્યકતાના સ્થાને સરળ કાર્યપદ્ધતિ અમલી બનાવવા અંગે એક નિષ્ણાત સમિતિ શક્યતા તપાસશે અને જરૂરી વિધેયકનો મુસદ્દો ઘડશે.
- વિવિધ ક્ષેત્રોમાં ડ્યુટી ઇનવર્ઝનનો પ્રભાવ બને એટલો ઘટાડવા તેમજ મેન્યુફેક્ચરિંગનો ખર્ચ ઘટાડવા ૨૨ ઇનપુટ્સ/ કાચી સામગ્રી ઉપરની બેઝિક કસ્ટમ્સ ડ્યુટીમાં કરાયેલો ઘટાડો
- ફંડ મેનેજરોને પુનઃ ભારતમાં ફંડની સ્થાપના માટે ઉતેજન પૂરું પાડવા કાયમી ઇસ્ટાબ્લિશમેન્ટના ધોરણે સુધારવામાં આવશે.
- જનરલ એન્ટી એવોઇડન્સ રૂલ (જીએઆરઆર) અમલ બે વર્ષ પાછો ઠેલવામાં આવ્યો છે. તા. ૧-૪-૨૦૦૭ના રોજ કે એ પછી કરાયેલા મૂડીરોકાણને એ લાગુ પડશે.
- બહારના દેશમાંથી ટેકનોલૉજીનો પ્રવાહ ભારતમાં વધે એ માટે સહાયભૂત થવા રોયલ્ટી ઉપરના તેમજ ટેક્નિકલ સેવાઓ ઉપરના આવકવેરાનો દર ૨૫ ટકાથી ઘટાડી ૧૦ ટકા કરવામાં આવ્યો.
- વિવિધ ક્ષેત્રોમાં ડ્યુટી ઇનવર્ઝનનો પ્રભાવ બને એટલો ઘટાડવા તેમજ મેન્યુફેક્ચરિંગનો પડતર ખર્ચ ઘટાડવા ૨૨ ઇનપૂટ્સ અને કાચી સામગ્રી ઉપરની બેઝિક કસ્ટમ્સ ડ્યુટીમાં તથા ચોક્કસ અન્ય ઇનપુટસ/કાચી સામગ્રી ઉપરની સ્પેશ્યલ એડિશનલ ડ્યુટીમાં કરાયેલો ઘટાડો.
- આરઈઆઈટીઝની એની પોતાની અસ્કયામતોમાંથી થયેલી ભાડાની આવકને 'પાસ થ્રુ' સગવડનો મળનારો લાભ
- કેટેગરી વન અને કેટેગરી ટુના વૈકલ્પિક મૂડીરોકાણ ફંડ ઉપર ટેક્સ પાસ થ્રુની પરવાનગી આપવામાં આવશે.

સામયિકો, ટીવી ચેનલો તથા સોશિયલ મીડિયાએ ભારે ઉત્સુક્તા દર્શાવી હતી.

મેક ઇન ઇન્ડિયાના વિધિવત્ આરંભને નોંધપાત્ર વિશ્વવ્યાપી પ્રસિદ્ધિ મળી હતી. વિવિધ મીડિયામાં એક કલાક સુધી આ કાર્યક્રમ છવાયેલો રહ્યો હતો. ૪૮ કલાકના સમયગાળામાં વિવિધ મીડિયામાં આ કાર્યક્રમના ૯૯,૦૦૦ થી વધુ ઉલ્લેખ થયા હતા. ૧.૦૮ અબજ ઇમેજ રજૂ થઈ હતી અને લગભગ દસ કરોડ લોકો સુધી આ કાર્યક્રમો પહોંચ્યા હતા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધીમાં મેક ઇન ઇન્ડિયાએ ફેસબુક ઉપર ૩૦ લાખથી વધુ પ્રશંસકો મેળવ્યા છે. ટ્વિટર ઉપર એના પ્રશંસકો, સમર્થકો એકધારા વધતાં જ રહ્યા છે. Make in india.com ઉપરના પાનાની સંખ્યા ૫૬.૧ લાખ ઉપર પહોંચી છે.

**ત્રણ વર્ષનો એક્શન પ્લાન**

ઔદ્યોગિક નીતિઓના વિભાગે મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રાલયો, કેન્દ્રીય સચિવો, રાજ્ય સરકારો, ઉદ્યોગોના અગ્રણીઓ તેમજ જ્ઞાન-જાણકારીના વિવિધ ક્ષેત્રોનો નોંધપાત્ર સહકાર અને સહયોગ મેળવ્યો છે. કાર્યક્રમના અસરકારક અમલ માટે ઘણી બધી પૂર્વ તૈયારી થતી રહી છે. ડિસેમ્બર, ૨૦૧૪માં ચોક્કસ ક્ષેત્રોના ઉદ્યોગો વિશે રાષ્ટ્રીય વર્કશોપ યોજાઈ હતી, જેમાં કેન્દ્રના વિવિધ વિભાગોના સચિવો તથા ઉદ્યોગોના આગ્રણીઓએ ભેગા મળીને આગામી ત્રણ વર્ષ માટેનો એક્શન પ્લાન ઘડી કાઢ્યો હતો. એનો મુખ્ય ઉદ્દેશ ૨૦૨૦ સુધીમાં કુલ જીડીપીમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો ફાળો વધારીને ૨૫ ટકા કરવાનો છે. આ એક્શન પ્લાન પ્રધાનમંત્રી તેમજ કેન્દ્રીય મંત્રીઓને સુપ્રત કરાયો છે.

આવી વિવિધ કવાયતોના

પરિણામરૂપે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે તાજેતરના ઇતિહાસની એક સૌથી વિશાળ પહેલ કરવામાં આવી છે. જાહેર અને ખાનગી ક્ષેત્રના સહયોગ દ્વારા આર્થિક કાયાપલટની શક્તિનું સુંદર નિદર્શન કરાયું છે, જે મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમનું પ્રતીક બન્યુ છે. સહકાર અને સહયોગની આ બેનમૂન ક્વાયતને વિસ્તારી એમાં ભારતના વૈશ્વિક ભાગીદારોને પણ આવરી લેવાયા છે. અમેરિકા અને ભારતના જાહેર-ખાનગી ક્ષેત્રના પ્રતિનિધિઓ વચ્ચે આ સંબંધમાં તાજેતરની વિગતવાર વૈચારિક આપ-લે આનું તાજું ઉદાહરણ છે.

**પારદર્શી પદ્ધતિ**

મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમના અસરકારક અમલના રૂપમાં ભરાયેલા અનેકવિધ પગલાંને પરિણામે ભૂતકાળના જરીપુરાણા - કાલગસ્ત અને અવરોધક માળખાંને દૂર કરી એના સ્થાને પારદર્શી અને વપરાશકારો પરત્વે મૈત્રીપૂર્ણ પદ્ધતિ અમલી બનાવાઈ છે, જે મૂડીરોકાણ ઊભું કરવામાં શોધખોળને ઉત્તેજન, કૌશલ્ય વિકાસ આપીને રક્ષણ તથા મેન્યુફેક્ચરિંગ માટે શ્રેષ્ઠ આંતરમાળખાની સગવડો ઊભી કરવામાં સહાયક બની છે. પ્રગતિના નોંધપાત્ર ઉદાહરણો જોઈએ તો રેલવે, સંરક્ષણ, વીમો અને તબીબી સાધનો સહિતનાં મહત્ત્વના ચાવીરૂપ ક્ષેત્રોમાં સીધા વિદેશી મૂડીરોકાણની ટકાવારીમાં અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય સ્તરે ગઈ ૨૯મી ડિસેમ્બરે યોજાયેલી એક કાર્યશાળામાં પસંદગીના ૨૫ ઉદ્યોગોનાં ક્ષેત્રોમાં મૂડીરોકાણ વધારવા માટે એક અને ત્રણ વર્ષના એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યા હતા. વિશ્વબેંકના એક જૂથની સાથે મળીને વ્યાપાર-ઉદ્યોગના વિવિધ ક્ષેત્રોમાં વિશ્વબેંકની રીત-પદ્ધતિએ, કામકાજની પરિસ્થિતિ સુધારવામાં આવશે. મેક ઇન ઇન્ડિયા અભિયાનના સંદર્ભમાં વિવિધ ક્ષેત્રે મૂડીરોકાણકારોને મદદરૂપ બનવા આઠ સભ્યોનો એક ખાસ વિભાગ ઊભો કરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા, મૂડીરોકાણકારોને વ્યાપાર-ઉદ્યોગો સંબંધમાં નિયમનકારી મંજૂરીઓ, ટેકારૂપ સેવાઓ, અમલવિષયક પગલાં અને ઉદ્યોગોના સંચાલનમાં મદદરૂપ સેવા પૂરી પાડશે.

વિદેશોમાંની ભારતીય એલચી કચેરીઓ, કોન્સ્યૂલેટ વગેરેને ચોક્કસ નક્કી કરાયેલાં ક્ષેત્રોમાં ભારતમાં મૂડીરોકાણની ઊજળી તકો અંગેની માહિતીનો ફેલાવો કરવા જણાવાયું છે. ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગે જાપાનમાંથી મળેલી મૂડીરોકાણની દરખાસ્તોને ઝડપથી આગળ ધપાવવા માટે 'જાપાન પ્લસ' નામની ખાસ મેનેજમેન્ટ ટીમની રચના કરી છે. સંરક્ષણ, રેલવે, અવકાશ વગેરે ક્ષેત્રોમાં મૂડીરોકાણ માટેની પરવાનગી આપવામાં આવી છે. મૂડીરોકાણ સરળતાથી થઈ શકે એટલા માટે તથા વ્યાપારી કામકાજ વિના રૂકાવટ આગળ ધપાવી શકાય એવા ઉદ્દેશથી નિમનકારી નીતિઓ હળવી બનાવાઈ છે.

દેશના વિભિન્ન પ્રદેશોમાં છ ઔદ્યોગિક પરિસર-કોરિડોર વિકસાવવામાં આવી રહ્યા છે. આ પરિસરના ક્ષેત્રમાં ઔદ્યોગિક શહેરો પણ ઊભાં થશે.

**મેક ઇન ઇન્ડિયાના ૧૦૦ દિવસ**

મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમનો વિધિવત્ આરંભ થયો એ પછીના પ્રથમ ૧૦૦ દિવસોમાં આ કાર્યક્રમના અમલ સંબંધમાં સંખ્યાબંધ સીધાં અને પરોક્ષ પગલાં ભરવામાં આવ્યાં છે. આમાંના મહત્ત્વનાં પગલાં નીચે મુજબ છે :

- જનધન યોજનાની પહેલનાં પરિણામે દેશની વિવિધ બેંકોમાં નવ કરોડથી વધુ નવાં ખાતાં ખોલાવવામાં આવ્યાં છે.
- એન્ટ્રી અને એક્ઝિટ અંગેના નિયમનો સરળ બનાવાયા છે, આયાત-નિકાસના નિયમનો ખૂબ જ સરળ બનાવાયા છે. જાહેર ક્ષેત્રનાં છ એકમોને બીમારીમાંથી ઉગારી લેવાયાં છે, જ્યારે પાંચ એકમો બંધ કરી દેવાયા છે.
- ઔદ્યોગિક પરવાના તેમજ ઔદ્યોગિક ઉદ્યોગ સાહસ મેમોરેન્ડમ માટે અરજી કરવાની પ્રક્રિયાને ઓન લાઇન બનાવાઈ છે. EBIZની સાઇટ ચોવીસે કલાક ઉપલબ્ધ છે, જેના પરિણામે અરજીઓ ફાઇલ કરવાનું તેમજ સેવા કરતી ઓન લાઇન ચૂકવણી કરવાનું સરળ બન્યું છે.
- ઔદ્યોગિક પરવાનાની પ્રારંભિક કાયદેસરતાનો ગાળો ૨ વર્ષથી વધારી ૩ વર્ષનો કરાયો છે, જે લાયસન્સ મેળવનારને જમીન તેમજ જરૂરી મંજૂરીઓ મેળવવા પૂરતો સમય પૂરો પાડે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ઔદ્યોગિક પરવાના અંગે સલામતિ વિષયક મંજૂરીઓ ૧૨ સપ્તાહમાં આપવાનું ઠરાવ્યું છે.
- કર્મચારી પ્રોવિડન્ટ ફંડ અને કર્મચારી રાજ્ય વીમા નિગમમાં રજિસ્ટ્રેશન ઓટોમેટિક બનાવાયું છે, જેથી સમગ્ર પ્રક્રિયા ખૂબ જ ઝડપી બની છે.
- લાયસન્સ ધરાવતા સંરક્ષણ ઉદ્યોગના એકમ માટે સલામતિ અંગેનું મેન્યુઅલ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યું છે.

### ઓટોમોબાઈલ્સ

- ભારત વિશ્વમાં ટ્રેક્ટરનું સૌથી વિશાળ ઉત્પાદક, ટુ વ્હીલર્સનું બીજા નંબરનું સૌથી વિશાળ ઉત્પાદક, બસમાં બીજા નંબનું સૌથી વિશાળ, ટ્રકમાં પાંચમા નંબરનું, કારમાં છઠ્ઠા નંબરનું અને ધંધાદારી વાહનોના ઉત્પાદનમાં વિશ્વનું આઠમાં નંબરનું સૌથી વિશાળ મેન્યુફેક્ચરર્સ બન્યું છે.
- ભારતનું કાર બજાર વિસ્તરતું જાય છે અને ૨૦૨૦ સુધીમાં એનું બજાર વધીને વાર્ષિક ૬૦ લાખ કાર ઉપર પહોંચશે.

### ઓટો કોમ્પોનન્ટસ્

- ગ્લોબલ ઓઈએમના ૩૫ થી વધુ આઈપીઓ અને ટીયર વન એની ખરીદી ભારતમાંથી કરે છે.
- વિશ્વનું પોલાદનું ચોથું સૌથી વિશાળ ઉત્પાદક જે પડોશીઓની સરખામણીએ વધુ સ્પર્ધાત્મક લાભ ધરાવે છે.
- આશિયાન દેશો, જાપાન, કોરીઆ અને યુરોપના બજારો સાથેની નજીકતા મોટા પાયે ઉત્પાદન હાથ ધરી ખર્ચ ઘટાડવાનો લાભ પૂરો પાડે છે.

### વિમાની સેવા

- મુલ્કી વિમાની સેવાનું વિશ્વનું ૯મું સૌથી મોટું બજાર જે મૂલ્યના રૂપમાં લગભગ ૧૨ અબજ ડૉલરનું છે.
- મુલ્કી વિમાની સેવાના ક્ષેત્રે ૨૦૨૦ સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અને ૨૦૩૦ સુધીમાં વિશ્વનું સૌથી મોટું બજાર બનવાની શક્તિ.

### બાયોટૅક્નોલૉજી

- બાયોટૅક્નોલૉજી આધારિત ઉદ્યોગો વગેરેમાં વિશ્વના ટોચનાં ૧૨ સ્થળો પૈકીનું એક અને એશિયા-પેસિફિક પ્રવેશમાં ત્રીજું સ્થાન.
- બાયોટૅક્નોલૉજી ક્ષેત્રે ૨૦૧૨થી ૨૦૧૭ દરમ્યાન સરકાર દ્વારા કુલ ૩૦૭ અબજ ડૉલરનું જંગી ખર્ચનું આયોજન. નવી પ્રોડક્ટ્સ વિકસાવવા, સંશોધન તેમજ શોધખોળ વગેરેમાં સહાયક બનવા બાયોટેક પાર્ક ઊભા કરવા ઉપર વિશેષ ધ્યાન રાખવામાં આવે છે.

### કેમિકલ્સ

- ઉત્પાદનના સંદર્ભમાં એશિયાનું ત્રીજું સૌથી મોટું અને વિશ્વનું છઠ્ઠું સૌથી મોટું ઉત્પાદક.
- ભારતનો ડાઈ ઍન્ડ કેમિકલ્સ - રંગ અને રસાયણોનો ઉદ્યોગ મૂલ્યના રૂપમાં ૬.૮ અબજ ડૉલરનો, કુલ ઉત્પાદનમાંથી લગભગ ૭૫ ટકાની નિકાસ.
- વિકાસ માટેના મહત્ત્વના પરિબળો દેશની વિશાળ વસ્તી, કૃષિ ઉપરનું અવલંબન અને નિકાસ મોરચે ભારે માંગ.

### બાંધકામ

- શહેરી વિસ્તારોમાં આંતરમાળખાની સગવડો ઊભી કરવા આગામી ૨૦ વર્ષમાં અંદાજે ૬૫૦ અબજ ડૉલરનું મૂડીરોકાણ જરૂરી.
- રહેઠાણો, ધંધાદારી સંકુલો, છૂટક વ્યાપારનાં કેન્દ્રો તેમજ સ્વાગત-સરભરા માટેનાં વિવિધ બાંધકામોમાં મૂડીરોકાણની ઊજળી તકો.
- સંગઠિત ટાઉનશીપ, સ્વનિર્ભર શહેરો અને ગ્રીન બિલ્ડીંગની સમસ્યાઓના ઉકેલ માટે ટૅક્નોલૉજીની જરૂર.
- ભારતના બાંધકામ ક્ષેત્રે વિદેશી મૂડીરોકાણ માટેના નિયમો સરળ બનાવાયા છે. બિલ્ટઅપ એરિયા તેમજ લઘુતમ મૂડીની જરૂરિયાતો હળવી બનાવાઈ છે.

### સંરક્ષણ મેન્યફેક્ચરિંગ

- હવે ૪૯ ટકા સુધીના સીધા વિદેશી મૂડીરોકાણની ગવર્ન્મેન્ટ રૂટ મારફત છૂટ અપાઈ છે. એથી વધુ મૂડીરોકાણ માટે, જો સૂચિત રોકાણથી દેશને અત્યંત અદ્યતન અને ઉત્કૃષ્ટ ટૅક્નોલૉજીનો લાભ મળવાનો હોય તો કેન્દ્રીય કેબિનેટની સલામતિ અંગેની સમિતિ દ્વારા મંજૂરી.
- સંરક્ષણ વિષયક ૫૩ ટકા આઈટમોનું ખાનગી ક્ષેત્રે મેન્યુફેક્ચરિંગ થઈ શકે એ માટે એને લાયસન્સની જોગવાઈમાંથી મુક્ત કરાઈ છે અને લશ્કરી તેમજ મુલ્કી ક્ષેત્રે જેનો ઉપયોગ થતો હોય એવી આઈટમો ઉપરના નિયમનો હળવા કરાયા છે.
- પોર્ટફોલિયો ઈનવેસ્ટમેન્ટ અને એફવીસીઆઈ દ્વારા મૂડીરોકાણ બન્ને ભેગા કરીને ઓટોમેટિક રૂટ મારફત ૨૪ ટકા સુધીની પરવાનગી.

### ઈલેક્ટ્રિકલ મશીનરી

- આંતરમાળખાની સગવડો, વીજળી, ખાણકામ, ઓઈલ અને ગેસ, રિફાઈનરી, પોલાદ, ઓટોમેટિવ અને કન્ઝયુમર ડ્યુરેબલ્સના ક્ષેત્રે વધુ ઉત્પાદનશક્તિનું નિર્માણ કરશે.
- ભારતમાં વીજ ઉત્પાદન માટેની સાધન-સામગ્રીનો ઉદ્યોગ વધુ વિકસીને ૨૫-૩૦ અબજ ડૉલરનો થશે.

### ઈલેક્ટ્રોનિક સિસ્ટમ

- ઈલેક્ટ્રોનિક સિસ્ટમ્સની માગ ૨૦૨૦ સુધીમાં વધીને ૪૦૦ અબજ ડૉલર ઉપર પહોંચવાની ધારણા.
- આકર્ષક પ્રોત્સાહન પેકેજ યોજના, જેની હેઠળ ૧૦ વર્ષ માટે ૨૫ ટકા સુધીની કેપિટલ સબસિડી પૂરી પાડવામાં આવશે.

### ફૂડ પ્રોસેસિંગ

- સમૃદ્ધ કૃષિવિષયક સાધનોનો મજબૂત આધાર
- ફૂડ પાર્કની સ્થાપના - વિદેશી રોકાણકારો સહિત ઉદ્યોગ - સાહસિકો માટે અજોડ તક
- ફળો અને શાકભાજી, પીણાં, ડેરી ઉદ્યોગ, ફૂડ એડિટિબલ અને ન્યુટ્રાસ્યુટિકલ્સ, માંસ અને મરઘાં - બતકાં, માછલી, દરિયાઈ ખોરાક અને માછલી વગેરે ઉપર પ્રોસેસિંગ ખોરાકની જાળવણી અને પેકેજિંગ ક્ષેત્રે મૂડીરોકાણનો વિશાળ અવકાશ.

### આઈટી અને બીવીએમ

- આઈટી અને બીવીએમ ક્ષેત્ર દેશના કુલ જીડીપીમાં ૮૧ ટકાનો ફાળો આપે છે અને પ્રજાના કલ્યાણમાં પણ આ ક્ષેત્રેનો નોંધપાત્ર ફાળો છે.
- ૬૦ ટકા કંપનીઓ ચકાસણીની સેવાઓ માટે ભારતનો ઉપયોગ કરે છે.
- ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી અંગેની ૨૦૧૨ની રાષ્ટ્રીય નીતિનું લક્ષ્ય ૨૦૨૨ સુધીમાં આઈટી અને બીવીએમ ઉદ્યોગની આવક વધારીને ૩૦૦ અબજ ડૉલર કરવાનું અને નિકાસ વધારીને ૨૦૦ અબજ ડોલર કરવાનું છે.

### ચર્મઉદ્યોગ

- ઉત્પાદનનું કુલ મૂલ્ય ૧૧ અબજ ડૉલર, આંતરિક બજાર અને નિકાસનો વિપુલ અવકાશ.
- વાર્ષિક ૨૪ ટકાના વિકાસદરની ગણતરી
- મેગા લેધર કલસ્ટર્સ-પેટા યોજના : જરૂરી આંતરમાળખા તેમજ ટેકારૂપ સેવાઓ સાથે ચર્મ ઉદ્યોગ માટે નવાં ઉત્પાદન એકમો ઊભાં કરવાનું ધ્યેય

### મીડિયા અને મનોરંજન

- આ ઉદ્યોગ ૨૦૧૮ સુધીમાં ૧૪.૨ ટકાનો સીએજીઆઈ સિદ્ધ કરે અને એનું મૂલ્ય ૧૭૮૫.૮ અબજ રૂપિયા ઉપર પહોંચવાની ગણતરી.
- ભારતીય ફિલ્મ ક્ષેત્રનું કદ જે મૂલ્યના રૂપમાં ૨૦૧૩માં રૂ. ૧૨૫.૩ અબજનું હતું. એ ૨૦૧૮ સુધીમાં વધીને રૂ. ૨૧૯.૮ અબજ ઉપર પહોંચવાની ધારણા.

### ખાણકામ ઉદ્યોગ

- ભારતમાં ખનીજોનો વિપુલ જથ્થો હોવાની ધારણા છે અને ખાણકામ પ્રવૃત્તિ માટે ખાણો ૨૦ થી ૩૦ વર્ષના લાંબાગાળાના ભાડાપટે અપાય છે.
- વિકાસ દરની ગણતરી ૭ ટકા

### ઓઈલ અને ગૅસ

- નવાં તેલ-ગૅસ ક્ષેત્રોની શોધખોળ માટે લાયસન્સની નવી નીતિ તથા કૉલબેડ મીથેન નીતિ આ ઉદ્યોગની સમગ્ર વેલ્યુ ચેઈનમાં મૂડીરોકાણને પ્રોત્સાહન પૂરું પાડશે.
- દેશના ૪૮ ટકા જેટલા ખડકાળ વિસ્તારોમાં તેલ-ગૅસની શોધખોળ કરવાની હજી બાકી છે. શહેરોમાં ગૅસ વિતરણ ક્ષેત્ર આ ક્ષેત્રની હાલની કંપનીઓ તેમજ નવી કંપનીઓ માટે તકો પૂરી પાડે છે.

### ફાર્માસ્યુટિકલ્સ

- ૨૦૨૦ સુધીમાં વિકાસના સંદર્ભમાં વિશ્વના ટોચના ત્રણ બજારોમાં સ્થાન મેળવવાની ધારણા.
- એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઘટક દ્રવ્યો માટે ૨૦૧૬ સુધીમાં ત્રીજું સૌથી મોટું વૈશ્વિક બજાર બનવાની ધારણા અને વૈશ્વિક બજારમાંના હિસ્સામાં ૭.૨ ટકા વધારાની ગણતરી.

### બંદરો

- બંદરોની માલસામાનની હેરફેરની શક્તિ જે ૨૦૦૯માં ૫૭૫ મિલિયન મેટ્રિક ટન હતી એ ૨૦૧૪માં વધીને ૮૦૦ એમએમટી.
- બંદરો ખાતે વ્યાપારી પ્રવૃત્તિઓમાં એકધારો વધારો અને આંતર-માળખાની સગવડો વિકસાવવામાં ખાનગી ક્ષેત્રની હિસ્સેદારી
- દરિયાકાંઠાનાં રાજ્યોમાં બંદરોને મોખરે રાખીને વિકાસ માટે ઘડાયેલો સાગરમાલા પ્રોજેક્ટ
- કેટલાંક બંદરોની નજીક સ્પેશિયલ ઈકોનોમિક ઝોન વિકસાવવામાં આવી રહ્યા છે, જેમાં કોલસા આધારિત વીજમથકો, પોલાદ પ્લાન્ટ તથા ઓઇલ રિફાઇનરીઓનો સમાવેશ થશે.

### રેલવે

- રેલવેની આંતરમાળખાની સેવાના ક્ષેત્રે ઓટો રૂટના માર્ગે ૧૦૦ ટકા સીધા વિદેશી મૂડીરોકાણની જોગવાઈ.
- અગ્રતાક્રમ અપાશે બંદરોને જોડવાની કામગીરીને.
- આંતરમાળખાના પ્રોજેક્ટો : અત્યંત ઝડપી ટ્રેનોના પ્રોજેક્ટ, કોલસાની ખાણો અને બંદરોને એકબીજા સાથે જોડતી રેલવે લાઇનના પ્રોજેક્ટો અને માત્ર માલગાડીઓ માટેના કોરિડોર્સ-પરિસરોના વિકાસના પ્રોજેક્ટો.

### રસ્તા અને ધોરીમાર્ગો

- ૪૮.૬ લાખ કિલોમીટર લંબાઈના માર્ગોનું વિસ્તૃત નેટવર્ક જે સમગ્ર વિશ્વનું બીજા નંબરનું સૌથી વિશાળ નેટવર્ક બનશે.
- માર્ગો માટે આંતરમાળખાની સગવડોના વિકાસમાં ખાનગી ક્ષેત્ર

મહત્ત્વની ભૂમિકા ભજવશે.

- ભારત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો હેઠળ કુલ ૬૬૧૧૭ કિ.મી.ના માર્ગો વિકસાવવાનું આયોજન થઈ રહ્યું છે.

**પુનઃપ્રાય ઊર્જા**

- પુનઃપ્રાય ઊર્જામાંથી વીજળી ઉત્પન્ન કરવાની સ્થાપિત શક્તિમાં સમગ્ર વિશ્વમાં ભારતનું સ્થાન પાંચમું છે અને સ્થાપિત શક્તિ ૩૩૭૯૨ મેગાવોટ (૨૦૧૪નાં અંતે) છે.
- ભારત પુનઃપ્રાપ્ય ઊર્જા આધારિત વીજ ઉત્પાદન ૨૦૧૯-૨૦ સુધીમાં વધારીને ૧૬૫ મેગાવોટ કરવાની યોજના ધરાવે છે, જેમાં ૧૦૦ જીડબ્લ્યુ વીજળી સૂર્યશક્તિમાંથી ઉત્પન્ન કરવામાં આવશે.

**અવકાશ વિજ્ઞાન**

- અવકાશ વિજ્ઞાનક્ષેત્રે ઓછા ખર્ચે સંશોધન વગેરેમાં ભારત સમગ્ર વિશ્વમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આપણો અવકાશ સંશોધનનો કાર્યક્રમ વિશ્વમાં સૌથી ઓછા ખર્ચનો કાર્યક્રમ પુરવાર થયો છે. ભારતે મંગળના ગ્રહ ઉપર પ્રદક્ષિણા માટે જે ઉપગ્રહ સફળતાથી છોડ્યો છે એ મિશનનો ૭.૪ કરોડ ડૉલરનો ખર્ચ વિશ્વના અન્ય દેશોએ હાથ ધરેલાં આવા મિશનના ખર્ચાની સરખામણીએ ઘણો ઓછો છે.
- ભારતે અત્યાર સુધીમાં ૩૦ ભારતીય ઉપગ્રહ અને ૧૯ દેશોના ૪૦ ઉપગ્રહો સફળતાથી અવકાશમાં છોડ્યા છે. ભારતમાં સમગ્ર વિશ્વના દેશોને આ પ્રકારની સેવા પૂરી પાડવાની ક્ષમતા રહેલી છે.

**કાપડ ઉદ્યોગ અને તૈયાર કપડાં**

- આ ક્ષેત્રમાં ભારતની મેન્યુફેકચરિંગ શક્તિ સમગ્ર વિશ્વમાં બીજા નંબરની સૌથી વિશાળ છે.
- ભારત વિશ્વમાં હાથસાળ સહિત સાળની સૌથી મોટી શક્તિ ધરાવે છે અને વૈશ્વિક બજારમાં ૬૩ ટકા હિસ્સો ધરાવે છે.
- વિશ્વના કાપડના મોટા ઉત્પાદકોની સરખામણીએ ભારત કુશળ માનવશક્તિ તેમજ ઉત્પાદનના ખર્ચમાં તુલનાત્મક લાભ ધરાવે છે.
- ભારતમાંથી ૨૦૨૫ સુધીમાં કાપડની નિકાસ વધીને ૩૦૦ અબજ ડૉલર ઉપર પહોંચવાની ગણતરી છે.

**થર્મલ વિદ્યુત મથકો**

- સરકારનું લક્ષ્ય થર્મલ વીજળી ઉત્પન્ન કરવાની સ્થાપિત શક્તિમાં ૨૦૧૨-૧૭ દરમ્યાન ૮૮.૫ જીડબ્લ્યુનો અને ૨૦૧૭-૨૨ દરમ્યાન ૮૬.૪ જીડબ્લ્યુનો વધારો કરવાનું છે.
- દેશની વધતી જતી વસ્તીને કારણે ઊર્જા-વીજળીની માગમાં વધારો થવાની સંભાવના છે.
- દેશમાં વીજળીના ઉત્પાદન, ટ્રાન્સમીશન અને વિતરણ તેમજ વીજ વ્યાપાર અને વીજળીના એક્ષચેન્જનાં ક્ષેત્રોમાં મૂડીરોકાણની તકો ઘણી ઊજળી છે.

**પ્રવાસન ક્ષેત્ર**

- ભારતમાં આવતાં વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ૨૦૧૪માં ૭.૧ થી ૭.૫ ટકાનો વધારો નોંધાયો હતો.
- પ્રવાસન પ્રવૃત્તિના વિકાસમાં પ્રોત્સાહન પૂરું પાડે એવી મુખ્ય બાબતોમાં માર્કેટિંગ અને પ્રોત્સાહનના પ્રયાસો ઉપર વિશેષ ધ્યાન, વિમાની સેવાનું ઉદારીકરણ, ઓનલાઇન ટ્રાવેલ પોર્ટલનો વિકાસ, વધતો જતો આંતર-પ્રાદેશિક સહકાર અને ખાનગી-જાહેર ક્ષેત્ર વચ્ચે વધુ અસરકારક ભાગીદારીનો સમાવેશ થાય છે.
- પ્રવાસન મંત્રાલયના અડધા ઉપરાંતના યોજનાકીય બજેટની રકમ પ્રવાસન સ્થળોના વિકાસ, પ્રવાસન સર્કિટ, મોટા પ્રોજેક્ટો તેમજ ગ્રામીણ પ્રવાસન આંતરમાળખાની સગવડો માટે ફાળવવામાં આવે છે.

**વેલનેસ મેક ઈન ઈન્ડિયા.કોમ**

- આ ક્ષેત્ર વર્ષોવર્ષ ૨૦ ટકાના દરે વૃદ્ધિ પામી રહ્યું છે અને ૨૦૧૪થી એનો આંકડો રૂ. ૧૬૨ અબજ ઉપર પહોંચ્યો હોવાની ગણતરી છે.
- ભારત સરકારે આયુર્વેદ, યોગા અને કુદરતી ઉપચાર, યુનાની, સિદ્ધ અને હોમીઓપથી મંત્રાલયની રચના કરી છે. આપણું ધ્યેય આરોગ્ય સંભાળની આ પ્રાચીન પ્રદ્ધતિઓને, ચોક્કસ લક્ષ્યાંકો નજર સમક્ષ રાખી રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં જોડવાનું છે.

આજે ભારતની વિશ્વસનિયતા અગાઉ કરતાં ઘણી વધી છે. દેશમાં ગતિશીલતા, ઊર્જા અને આશાવાદ નજરે પડે છે. મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ મૂડીરોકાણ માટેના દ્વાર ખોલી રહ્યા છે. બહુસંખ્ય ઉદ્યોગ સાહસો વગેરે મેક ઈન ઈન્ડિયાના મંત્રને અપનાવી રહ્યા છે. વિશ્વનું સૌથી વિશાળ લોકશાહી રાષ્ટ્ર ભારત વિશ્વનું સૌથી શક્તિશાળી અર્થતંત્ર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

**લેખક શ્રી કેરાલા કેડરના આઈ.એ.એસ. અધિકારી છે. હાલમાં તેઓ ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગ - ભારત સરકારમાં સચિવ છે. તેઓ માળખાં સર્જન, આંતરરાષ્ટ્રીય બજાર વ્યવસ્થા, પ્રવાસન અને હૉસ્પિટાલિટી ઉદ્યોગ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે.**

# ભારતમાં ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ

• સુરભિ અરોરા •

**સ**દીઓથી ભારતમાં આજીવિકાનો મુખ્ય સ્રોત કૃષિ ક્ષેત્ર રહ્યું છે. જો કે આઝાદી પછી દેશના નેતાઓએ ઔદ્યોગિક ક્ષેત્રનો પાયો નાખ્યો અને દેશના વિકાસનું સપનું જોયું. પરિણામે ઝડપી ઔદ્યોગિકરણ માટે યોગ્ય આંતરમાળખું ઊભું કરવા માટે નીતિઓ અને વ્યૂહોનું ઘડતર પણ શરૂ થયું. આઝાદી પછીથી ભારત વિવિધ પાયાગત અને મૂડીગત ઉત્પાદનોમાં સ્વાયત્તતા હાંસલ કરવામાં સફળ રહ્યું છે. આજે ભારતના ઉદ્યોગો મોટર વાહનો, સ્ટીમ એન્જીન્સ, ભારે ઈલેક્ટ્રિકલ ઉપકરણો, બાંધકામ મશીનરી, રસાયણો, પ્રિશિસન ઉપકરણો, સંદેશાવ્યવહારના ઉપકરણો, વીજ ઉત્પાદન અને વીજવહનના સાધનો, કમ્પ્યૂટર્સ વગેરે અનેક ચીજોનું ઉત્પાદન કરી રહ્યા છે.

**ભારતમાં ઔદ્યોગિકરણ**

**આઝાદીથી ૧૯૮૦ સુધી :** આ સમયગાળા દરમ્યાન ખાનગી ક્ષેત્રનો વિકાસ નિયંત્રિત રહ્યો હતો અને ભારતમાં ખાનગી ઉદ્યોગ સાહસ સ્થાપવા માટે સરકારની મંજૂરી આવશ્યક હતી. તેમ છતાં ૧૯૪૦-૧૯૭૦ દરમ્યાન ભારતનું કુલ ઘરેલુ ઉત્પાદન વાર્ષિક ૧.૪ ટકાના દરથી વૃદ્ધિ પામતું રહ્યું. ગરીબી અને દુષ્કાળ જેવાં પરિબળોએ ભારતના આર્થિક વિકાસને નીચો જ રાખ્યો. દેશમાં ઉત્પાદનોની માગ ખૂબ હતી. સામે મુખ્ય ઔદ્યોગિક માલસામાનના ટોચના ઉત્પાદકો ઓછા હતા. પરિણામે ભાવમાં ઈજારાશાહી પ્રવર્તતી રહી. આથી, આ સમયગાળા દરમ્યાન આર્થિક વૃદ્ધિની બાબતમાં ભારત પાછળ રહી ગયું.

**૧૯૮૦ થી ૧૯૯૦ના મધ્ય સુધી :** ૧૯૮૦ પછી ભારતમાં ઉદારીકરણ આવ્યું અને ૧૯૯૧ના મધ્યથી ઔદ્યોગિક ક્ષેત્રને નવું બળ મળ્યું. માથાદીઠ કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં દેશે ઐતિહાસિક વૃદ્ધિ જોઈ. ૧૯૯૪-૯૫માં ઔદ્યોગિક ઉત્પાદને ૮.૪ ટકાનો વિકાસ નોંધાવ્યો અને નિકાસમાં ૨૭ ટકાનો વધારો થયો. પરિણામે ૧૯૯૦ના દાયકાના મધ્યમાં ફૂગાવામાં ૧૦ ટકાનો ઘટાડો થયો.

**૧૯૯૦ થી ૨૦૦૦નો દસકો :** ભારતની ઉદારીકરણની નીતિના પરિણામે અનેક જાહેર ક્ષેત્રના ઉદ્યોગસાહસો ખુલ્લાં થયાં. દેશની નિકાસમાં ૧૯૯૪માં ૧૭ ટકાનો અને ૧૯૯૫-૯૬માં ૨૮ ટકાનો વધારો થયો. હાલમાં ચાલુ ખાતાની ખાધ કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના ૧ ટકા કરતાં પણ ઓછી છે અને વિદેશી હૂંડિયામણની કમાણી ૨૦ અબજ ડોલરે પહોંચી છે. ખાદ્યાન્નનો જથ્થો આજ સુધીનો સૌથી વધુ ૩ કરોડ ૭૦ લાખ ટન જોવા મળ્યો છે. આજે ભારતની કુલ રાષ્ટ્રીય પેદાશમાં ખાનગીક્ષેત્રનો ફાળો વધીને બે તૃતિયાંશ થયો છે. સરકારની જવાબદારી મુખ્ય રોકાણકારમાંથી બદલીને ખાનગી ઉદ્યોગ સાહસોને પ્રોત્સાહનકર્તા થવાથી ઉદારીકરણ અંગેની નવી સમજૂતિઓ માટેનો માર્ગ ખુલ્લો થયો છે.

**ભારતમાં ઉદ્યોગો**

વિશ્વના કુલ ઉત્પાદનમાં વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતનું યોગદાન ૬ ટકાથી વધીને ૧૧ ટકા પહોંચશે તેવો અંદાજ છે. બીજી બાજુ અમેરિકાનું યોગદાન વિશ્વના કુલ ઉત્પાદનમાં ૨૧ ટકા હતું તે ઘટીને ૧૮ ટકા થવાની ધારણા છે. આ આંકડા એવું સૂચવે છે કે અમેરિકા અને ચીન પછી સૌથી મોટા અર્થતંત્ર તરીકે ત્રીજા ક્રમે ભારત ઊભરી રહ્યું છે. ભારતના તમામ ક્ષેત્રોના એકંદર વિકાસનું મૂલ્યાંકન આ ધારણાને સમર્થન આપે છે. તેમાં ઔદ્યોગિક ક્ષેત્ર ચાવીરૂપ ક્ષેત્ર છે.

વિશ્વની પ્રબંધન સલાહકાર કંપની મેકીન્ઝી એન્ડ કાં. એ તાજેતરમાં કરેલા અભ્યાસ અનુસાર વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતનો ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) ઉદ્યોગ ૧૦,૦૦૦ કરોડ અમેરિકન ડૉલરના આંકને આંબી જશે તેવી અપેક્ષા છે. ઉદ્યોગ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે ઉત્પાદન એકમોની વધી રહેલી માગ અને બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા ભારતમાં સ્થપાઈ રહેલા ઓછા મૂડીરોકાણના એકમોથી આ વિકાસ શકય બનશે. પરિણામે આગામી દસ વર્ષમાં ભારતના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉત્પાદન ક્ષેત્રનું


યોગદાન વધીને લગભગ ૨૫ થી ૩૦ ટકા થવાની સાથે આ ક્ષેત્રમાં ૯ કરોડ જેટલી નવી નોકરીઓનું સર્જન થશે. ભારતનું ઝડપથી વિસ્તરી રહેલું અર્થતંત્ર આંતરરાષ્ટ્રીય ઉદ્યોગ સાહસિકો અને દેશમાંના ઉદ્યમીઓને ઉદ્યોગ સ્થાપવાની અને વિકસવાની તકો પૂરી પાડી રહ્યું છે.

ભારતીય ઉત્પાદન ઉદ્યોગના ચાવીરૂપ બજાર પરિબળો છે :

૧. ભારતીય ઉત્પાદન ક્ષેત્રમાં હાલ મૂડીરોકાણમાં ઘટાડો થવાથી તેની વૃદ્ધિ ધીમી પડી છે.
૨. રાષ્ટ્રીય ઉત્પાદન નીતિમાં આગામી દાયકામાં ૧૦ કરોડ નવી નોકરીઓ ઊભી કરવા માટે દેશની કુલ રાષ્ટ્રીય પેદાશમાં ઉત્પાદન ક્ષેત્રનો ફાળો વધારીને ૨૫ ટકા કરવા સૂચવાયું છે.
૩. મુખ્ય તમામ ઉત્પાદન એકમોમાં વધારાની ક્ષમતા સ્થાપવા આયોજન કરાઈ રહ્યું છે.
૪. સર્વસુલભ સુવિધા કેન્દ્રોમાં ટૅકનોલૉજીના વિનિયોગથી જાહેર ખરીદ નીતિનું સૂચન કરાયું છે. જ્યારે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસોને પ્રોત્સાહન આપવા તેમનાં ઉત્પાદનોને ખાદી માર્ક આપવાના પગલાં પણ શરૂ કરાયાં છે.

દેશના ઔદ્યોગિક વિકાસમાં ઉત્પાદન ક્ષેત્રનું મહત્ત્વ સરકારને સમજાયું છે અને ઉત્પાદન ઉદ્યોગને વધુ પ્રોત્સાહન આપવા પગલાં ભરવામાં આવ્યા છે, તાજેતરમાં ઉત્પાદન કેન્દ્ર તરીકે ભારતનું આકર્ષણ વિદેશી કંપનીઓમાં પણ દેખીતું જણાઈ આવે છે.

નીચેનો આલેખ વર્ષ ૨૦૦૫થી ૨૦૧૫ દરમ્યાન ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન દર્શાવે છે.



**ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન વર્ષો વરસ ફેરફારના ટકા**

સ્રોત : WWW.TRADINGECONOMICS.COM I MINISTRY OF STATISTICS AND PROGRAMME IMPLENTATION (MOSPI)

ભારતીય વેપાર ઉદ્યોગ સંઘ એસોચેમ દ્વારા કરાયેલા અભ્યાસ અનુસાર, ભારતીય ઉત્પાદન ક્ષેત્ર ૨૦૧૨-૧૭ના સમયગાળા દરમ્યાન ૩૨ લાખ ઉત્પાદકીય નોકરીઓનું સર્જન કરવા સક્ષમ છે. છેલ્લાં થોડાં વર્ષોમાં કામગીરી ધીમી પડવા છતાં ભારતીય ઉત્પાદન ઉદ્યોગ ફરી પાટા પર ચડી રહ્યો છે અને ૧૨મી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૨૦૧૭) દરમ્યાન ૩૨ લાખ નોકરીઓની તકોનું સર્જન કરશે. આ અભ્યાસ અહેવાલમાં એવું પણ તારણ મળ્યું છે કે ઉત્પાદન ક્ષેત્રે ૧૧મી પંચવર્ષીય યોજના (૨૦૦૭-૧૨) દરમ્યાન ઉત્પાદન ક્ષેત્રે ૨૮.૫ ટકાની વૃદ્ધિ દર્શાવી હતી અને ઉત્પાદન ક્ષેત્રનાં નોંધાયેલાં એકમો દ્વારા વધારાની ૨૯ લાખ નોકરીઓનું સર્જન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૭-૦૮માં આ ક્ષેત્રે ૧ કરોડ ૪ લાખ ૫૦ હજાર લોકોને રોજગારી મળતી હતી તેમાં ત્યાર પછીના પાંચ વર્ષોમાં આટલો વધારો થયો હતો. દેશભરમાં ઉત્પાદન ક્ષેત્રનાં નોંધાયેલા એકમો દ્વારા કરાયેલા નોકરીઓના સર્જનમાં તમામ રાજ્યોમાં ૧૪.૫ ટકાના હિસ્સા સાથે તામિલનાડુ ટોચ પર રહ્યું હતું, જ્યારે ૧૪ ટકા નવી નોકરીઓ સાથે મહારાષ્ટ્ર બીજા અને ૧૦ ટકા હિસ્સા સાથે ગુજરાત ત્રીજા ક્રમે રહ્યું હતું.

૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન ઉત્પાદન ક્ષેત્રનાં નોંધાયેલાં એકમો દ્વારા નોકરીઓના સર્જનની દૃષ્ટિએ સૌથી ઊંચો વૃદ્ધિ દર ઉત્તરાખંડમાં નોંધાયો હતો. જ્યારે ૭૧.૮ ટકા સાથે બિહાર બીજા, ૭૦ ટકા વૃદ્ધિદર સાથે હિમાચલ પ્રદેશ ત્રીજા, ૫૪ ટકા સાથે ઓડિસા ચોથા અને ૩૮.૮ ટકા સાથે મહારાષ્ટ્ર પાંચમા ક્રમે રહ્યું હતું. આ સમયગાળા દરમ્યાન નોકરીઓના સર્જનની બાબતમાં છત્તીસગઢમાં ૧૯ ટકા, ઉત્તરપ્રદેશમાં ૧૫ ટકા, હરિયાણામાં ૧૪ ટકા, કેરળમાં ૧૦.૫ ટકા અને પંજાબે સૌથી ઓછો ૯ ટકા વૃદ્ધિ દર નોંધાવ્યો હતો. અહેવાલ વધુમાં જણાવે છે કે ભારતીય ઉત્પાદન ક્ષેત્ર પુનઃ જીવંતતાના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. આર્થિક કાર્યક્ષમતામાં સુધારા

સાથે આ ક્ષેત્ર વર્ષ ૨૦૧૭ સુધીમાં નવી ૩૨ લાખ નોકરીઓનું સર્જન કરવામાં મદદ કરશે.

ભારતના વિકસી રહેલા અર્થતંત્રે સ્થાનિક અને બહુરાષ્ટ્રીય ઉદ્યોગ સાહસિકોને મૂડીરોકાણ માટેની અનેકવિધ તકો પૂરી પાડી છે. દેશના ઔદ્યોગિક વિકાસ માટે ઉત્પાદન ઉદ્યોગનું મહત્ત્વ ભારત સહકારને સમજાઈ ગયું છે અને આ ક્ષેત્રમાં મૂડીરોકાણ વધારવા આવશ્યક પગલાં લઈ રહી છે. મેકેન્ઝી એન્ડ કું.ના અહેવાલ મુજબ ભારતનું ઉત્પાદન ક્ષેત્ર વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧૦૦ અબજ અમેરિકન ડૉલરને આંબી શકે તેમ છે. દેશના ઉત્પાદન ક્ષેત્રમાં દેશના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૨૫ થી ૩૦ ટકાનું યોગદાન આપવાની અને ૨૦૨૫ સુધીમાં ૯ કરોડ સ્થાનિક નોકરીઓનું સર્જન કરવાની ક્ષમતા છે.

ભારતમાં ઔદ્યોગિક એકમ સ્થાપવાની ઓછી પડતર અને ઉપલબ્ધ સસ્તા માનવબળના કારણે અનેક વિદેશી રોકાણકારોએ અહીં મૂડી રોકવાનું નક્કી કર્યું છે. ઉદાહરણ તરીકે તોશીબા લાઈટિંગ ઍન્ડ ટૅક્નોલૉજી કોર્પોરેશનના પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી યોઈસી એલબીએ જણાવ્યું કે તેમના જૂથે લાઈટિંગ બિઝનેસ માટે ભારતને ડિઝાઈન, ઉત્પાદન અને નિકાસનું કેન્દ્ર બનાવવાનું આયોજન કર્યું છે અને આ કેન્દ્રમાં સુઆયોજિત સ્માર્ટ શહેરો, વિમાનઘરો, સ્ટેડિયમો, ધોરીમાર્ગો, ગોદામો તેમજ ફેકટરીઓ માટે લાઈટ્સ ડિઝાઈન કરવાનું આયોજન પણ કર્યું છે.

એચએસબીસી દ્વારા બહાર પડાતા ભારતના મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ ‘પીએમઆઈ’ના આંકડા અનુસાર ઉત્પાદનમાં સતત વૃદ્ધિ અને નવા ઑર્ડરોના કારણે ભારતીય ઉત્પાદન ક્ષેત્રે ધંધાકીય પરિસ્થિતિમાં સતત સુધારો થઈ રહ્યો છે. આ પીએમઆઈ અનુસાર સપ્ટેમ્બર ૨૦૧૪માં ઉત્પાદન સૂચકાંક ૫૧ હતો તે ઑક્ટોબર ૨૦૧૪માં સુધરીને ૫૧.૬ થયો હતો.

ભારતમાં ઈલેક્ટ્રોનિક માલસામાનનું ઉત્પાદન વર્ષ ૨૦૨૦ સુધીમાં વધીને ૧૦૪ અબજ અમેરિકન ડૉલરના આંકને આંબી જવાની આશા છે. ભારતનું ઈલેક્ટ્રોનિક બજાર પણ વધીને વર્ષ ૨૦૨૦ સુધીમાં ૪૦૦ અબજ અમેરિકન ડૉલર થવાની ધારણા છે અને વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૦ના સમયગાળા દરમ્યાન તેનો ‘સીએનજીઆર’ વધીને ૨૪.૪ ટકા પહોંચવાની શક્યતા છે.

રસાયણ ઉદ્યોગના સ્થાનિક બજારનું કદ લગભગ ૧૧૮ અબજ અમેરિકન ડૉલરનું છે અને તે વૈશ્વિક રસાયણ બજારના ૩ ટકા આસપાસનું છે. ટાટા સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ જૂથના અહેવાલ અનુસાર ૮૦,૦૦૦થી વધુ રસાયણોની પુષ્કળ વિવિધતાના કારણે અને હાલ મેન્યુફેક્ચરિંગ કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના ૧૫ ટકા જેટલો ફાળો રસાયણોનો હોવાથી દેશના આર્થિક વિકાસ માટે રસાયણ ઉદ્યોગ પણ ખૂબ જ મહત્ત્વનું ક્ષેત્ર છે.

દેશમાં ઉત્પાદન ક્ષેત્રના વિકાસ માટે તંદુરસ્ત વાતાવરણને પ્રોત્સાહન આપવા ભારત સરકારે અનેક પહેલ કરી છે. હાલ જે ૧૮૧ મહત્ત્વની ચીજોની ૧૮.૧ અબજ અમેરિકન ડૉલરના ખર્ચે આયાત કરવી પડે છે તે ચીજોનું દેશમાં જ ઉત્પાદન કરવા સરકારે મહાત્ત્વાકાંક્ષી આયોજન કર્યું છે. આ પગલાંથી વીજળી, તેલ અને ગૅસ તથા મોટરવાહન ઉત્પાદન જેવાં માળખાકીય ક્ષેત્રોમાં પણ મદદ મળશે. આ ક્ષેત્રોમાં બહુ મોટો મૂડી ખર્ચ કરવો પડે છે. સાથોસાથ ભારતનો ૧૮૫ અબજ રૂપિયાનો (૨૯.૦૭ અબજ અમેરિકન ડૉલરનો) કેપિટલ ગુડ્ઝ બિઝનેસ પણ ફરી ચેતનવંતો બનશે. સરકાર તેના અતિ મહત્ત્વાકાંક્ષી ‘મેક ઈન ઈન્ડિયા’ કાર્યક્રમને સફળ બનાવવા બહુ જરૂરી એવું વાતાવરણ સર્જવા ઉત્પાદન ક્ષેત્રની કરોડરજ્જુ સમાન સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસો - ‘એમએસએમઈ’ના સંચાલનમાં સરળતા માટે અલગ શ્રમિક કાયદા લાવશે તેવી પણ સંભાવના છે. સૂચિત નવા શ્રમિક કાયદા જે ઉત્પાદન એકમોનાં કારખાનામાં ૪૦ કે તેથી ઓછા શ્રમિકો કામ કરતા હશે તેમની ચોક્કસ જરૂરિયાતોને સંતોષવા અમલમાં મૂકવામાં આવશે. આ નવા શ્રમિક કાયદા-કાનૂનથી દેશમાં ધંધો વ્યવસાય કરવામાં સરળતા થશે અને સાથોસાથ શ્રમિકોનો અજંપો દૂર કરવામાં તેમજ ઔદ્યોગિક હડતાળો અટકાવવામાં અસરકારક રીતે મદદ મળશે. પરિણામે નવા ઉદ્યોગ સાહસિકો ઉત્પાદન ક્ષેત્રે પદાર્પણ કરશે.

ભારત સરકારના ‘મેક ઈન ઈન્ડિયા’ કાર્યક્રમને ટેકો મળી રહે તે માટે સૂક્ષ્મ,

લઘુ અને મધ્યમ ઉદ્યોગ-'એમએસએમઈ' મંત્રાલયે આતંરરાષ્ટ્રીય શ્રમ સંગઠન - 'આઈએલઓ' સાથે એક સમજૂતિ કરાર પણ કર્યો છે. દેશમાં 'એમએસએમઈ'ની વૃદ્ધિ અને વિકાસને સમર્પિતભાવ તેમજ કટિબદ્ધતાથી પ્રોત્સાહિત કરવાના અભિયાન બદલ ભારત સરકારના 'એમ એસએમઈ' મંત્રાલયને આઈએસઓ ૯૦૦૧ : ૨૦૦૮ પ્રમાણપત્રથી નવાજવામાં આવ્યું છે.

ભારતે તાજેતરમાં સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં સીધા વિદેશી મૂડીરોકાણની મર્યાદા વધારીને ૪૯ ટકા કર્યા પછી જર્મનીની પેઢીઓએ ભારતમાં ઉચ્ચકક્ષાના ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ઉત્પાદનમાં રસ દાખવ્યો છે.

ઈન્ડિયન ઈલેક્ટ્રોનિકસ ઍન્ડ સેમિકન્ડકટર એસોસિયેશન - આઈઈએસએના જણાવ્યા અનુસાર સરકારના 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનથી ઈલેક્ટ્રોનિક પ્રણાલીઓની ડિઝાઈન અને ઉત્પાદન ઉદ્યોગને ફાયદો થશે અને આગામી બે વર્ષમાં ભારતમાં રૂ. ૧૦૦ અબજ (૧.૫૭ અબજ અમેરિકન ડૉલર) જેટલા મૂડીરોકાણની દરખાસ્તો આવવાની ધારણા છે.

વિવિધ ક્ષેત્રોના ઉદ્યોગો તરફથી રસાયણોની માંગમાં વધારો થવાથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ સુધીમાં ભારતીય રસાયણ ઉદ્યોગનું ઉત્પાદન પણ ૧૯૦ અબજ અમેરિકન ડૉલર પર પહોંચી જશે તેવી આશા છે.

ભારતના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉત્પાદન ક્ષેત્રનો ફાળો લગભગ ૧૬ ટકા છે જે છેલ્લા બે દાયકાથી લગભગ કશા ફેરફાર વિના જળવાઈ રહ્યો છે. પરંતુ બ્રાઝિલ, ચીન, ઈન્ડોનેશિયા, કોરિયા અને મલેશિયા જેવા દેશોના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના આ ક્ષેત્રના ૨૦ ટકા યોગદાનની સરખામણીએ તે ઓછો છે. માથાદીઠ આવકના તફાવતને ધ્યાનમાં લીધા પછી પણ આ પ્રમાણ ઓછું છે. સરકારે કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો ફાળો વર્ષ ૨૦૨૨ સુધીમાં વધારીને ૨૫ ટકા પહોંચાડવાનો લક્ષ્યાંક રાખ્યો છે. વાર્ષિક ચક્રવૃદ્ધિ વિકાસ દર - 'સીએજીઆર'ના ધોરણે કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૭ ટકાની વૃદ્ધિ ધારીએ તો પણ વર્ષ ૨૦૨૨માં પૂરાં થતાં આગામી આઠ વર્ષોમાં દર વર્ષે ઉત્પાદન ક્ષેત્રનો ફાળો ૧૪ ટકાના 'સીએજીઆર'થી વધતો રહે તો જ આ ૨૫ ટકાનો લક્ષ્યાંક સિદ્ધ કરી શકાય. ભારતનું ઉત્પાદન એટલે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર વિદેશી રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. કદાચ એટલે જ કેટલાય મોબાઈલ ફોન, સુખ-સગવડના સાધનો અને મોટરવાહનના ઉત્પાદકોએ કાં તો અહીં પોતાના ઉત્પાદન એકમો સ્થાપ્યાં છે કે સ્થાપવાનું વિચારી રહ્યા છે.

**સંદર્ભ :**


– ભારતીય ઉત્પાદન ઉદ્યોગ : ટેક્નોલૉજી સ્ટેટ્સ ઍન્ડ પ્રોસ્પેક્ટ્સ
– ભારતમાં ઉત્પાદન ક્ષેત્ર : પરિવર્તનની જરૂરિયાત (સી.આઈ.આઈ.) ૨૦૧૪



**લેખક દહેરાદૂન ખાતેની યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ ઍન્ડ એનર્જી ખાતે આસિસ્ટન્ટ પ્રૉફેસર છે.**



**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**



**યોજના**
**આગામી આકર્ષણ**

**મે : ૨૦૧૫**
**પ્રવાસન તંત્ર**

**જૂન : ૨૦૧૫**
**વૈકલ્પિક દવાઓ**
**(Alternative Medicine)**

# સમૃદ્ધ ભારત માટે ત્રણ કદમ : ઉત્પાદન - ઉદ્યોગ સાહસિકતા - રોજગારી

• હરેશ પંડ્યા •

વિશ્વ આખામાં ૧૯૭૦ પછી એક નવી વ્યવસ્થા અંગે વિચારણા થઈ. ૧૯૬૭માં હની રિપોર્ટ જાહેર થયો અને તે સંદર્ભમાં ફિલાડેલ્ફિયામાં એક પરિષદ મળી. આ પરિષદમાં અમેરિકાના નવજાગરણના પુરસ્કૃતા ડી. વાલ્ડો અગ્રણી હતા. તેમણે આધુનિક જાહેર સંચાલનમાં નવા વિચારોને મહત્ત્વ આપ્યું અને તે જ નૂતન જાહેર વહીવટ તરીકે ઓળખાવા લાગ્યું. અહીં મહત્ત્વની બાબત એ બહાર આવી કે રાજ્યના હેતુઓ શું ? રાજ્ય વ્યવસ્થા પૂરી પાડવી, ગરીબી દૂર કરવી, રોજગારી પૂરી પાડવી અને વિકાસ કરવો. આ જ વિચારધારામાં આગળ વધતાં ન્યૂનતમ રાજ્ય વ્યવસ્થાને પ્રાધાન્ય મળ્યું, એટલે State Minimalism રાજ્ય ન્યૂનતમવાદ મતલબ કે રાજ્ય ઓછામાં ઓછી સત્તાઓ ભોગવે અને મુક્ત બજાર વ્યવસ્થાને પ્રોત્સાહન આપે. તેને જ રોનાલ્ડ રિગન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે આવતાં વધુ મહત્ત્વ મળ્યું, એટલે તેને રિગનોમિક્સ તરીકે ઓળખવામાં આવ્યું. એ જ રીતે ન્યૂઝીલૅન્ડમાં રોજરનોમિક્સ અને બ્રિટનમાં થેચરનોમિક્સ તરીકે ઓળખાયું છે. ભારતમાં એમ. એસ. સ્વામિનાથનના આર્થિક વિચારોને સ્વામિનોમિક્સ તરીકે ઓળખવામાં આવ્યા છે. અહીં તાત્પર્ય એ છે કે, રાજ્ય ન્યૂનતમ સત્તા ભોગવે અને બજાર વ્યવસ્થા મુક્ત બને. ગરીબીનાબૂદી કે રોજગારી પૂરી પાડવી એ રાજ્યની ફરજ છે, પરંતુ રાજ્ય એ કેવી રીતે કરી શકે, જ્યારે તેનું જ અર્થતંત્ર સંવાદિતા ધરાવતું ન હોય કે સંતુલિત ન હોય.

મુક્ત બજાર વ્યવસ્થાનો મૂળ હેતુ જ એ હતો, બજાર વ્યાપક બને, મુક્ત વેપાર બને અને તો અર્થતંત્ર વ્યાપક બને અને તેનો સીધો લાભ લોકોને મળે. ૧૯૫૮માં કનૈયાલાલ મુનશીએ મુક્ત બજાર અને મુક્ત વેપારની વાત આગળ કરેલી છે. સમાજવાદી વિચારધારામાં રહેલા આપણે એ બાબતને વિચારી શકયા નહોતા. સમાજવાદી વિચારધારા કે સામ્યવાદી વિચારધારા હેઠળ પાંગરેલું અર્થતંત્ર સંવાદિતા જરૂર ધરાવે છે, પરંતુ આખરે તેમાં સંકુચિતતાનો જ ભાવ ઊભો થાય છે. વ્યક્તિ કે સમુદાય તેમાં સહભાગી ત્યારે જ બને, જ્યારે તેનું અંગત હિત સંકળાયેલું હોય. સમાજવાદી કે સામ્યવાદી વિચારધારામાં વિકાસ શક્ય બનતો નથી અને વિપરિત સ્થિતિ જોવા મળે છે. ચીને ૧૯૭૮માં મુક્ત બજાર વ્યવસ્થાનું સ્વરૂપ અપનાવ્યું અને માઓવાદી વિચારધારાને તીલાંજલિ આપી ત્યારે જ તે આગળ વધી શક્યું. સમાજવાદી વિચારધારામાં પણ આ જ બાબત હતી. તમામ સરકાર પાસે જ અપેક્ષા રાખે અને હેતુઓ તમામ રાજ્ય આધારિત જ હોય. રાજ્યનું અર્થતંત્ર ખૂબ જ સંકલિત હોય છે. તેમાં કરવેરા જ વિકાસનો આધાર બને છે. કરવેરા વધુ લઈ શકાતા નથી અને પરિણામે વિકાસ ધીમી ગતિએ જ થતો હોય છે.

આમ મુક્ત બજાર વ્યવસ્થા જેટલી વ્યાપક બને એટલી વિકાસની ગતિ તેજ બને. રાજ્યનું અંદાજપત્ર સરેરાશ કુલ અર્થતંત્રના કે ઘરેલુ ઉત્પાદન - જીડીપીના માંડ ૨૦ ટકા હોય છે, તે જોતાં રોજગારી પૂરી પાડવી, ગરીબી દૂર કરવી, માળખાગત સગવડો આપવી, સામાજિક હેતુઓ સિદ્ધ કરવા અને વિકાસ કરવો ખરા અર્થમાં શક્ય બનતું નથી, ૧૯૯૧થી ભારતીય અર્થતંત્રમાં આ કારણોસર જ બદલાવ શરૂ થયો. ૧૯૯૬, ૧૯૯૯, ૨૦૦૪, ૨૦૦૯ના વર્ષમાં તેમાં ધીમે પણ મક્કમ ગતિએ વેગ પકડ્યો અને હવે ૨૦૧૪નું વર્ષ આ દિશામાં આગળ વધી રહ્યું છે.

**વિકાસની પરિભાષા**

વિકાસની વાત કરીએ એટલે આર્થિક, સામાજિક અને માળખાકીય વિકાસ મહત્ત્વના છે. અર્થતંત્રના બે સ્વરૂપ છે. પ્રાથમિક અને દ્વિતીય શ્રેણીના. પ્રાથમિક ક્ષેત્રની શ્રેણીમાં કૃષિક્ષેત્ર અને કુદરતી સંપત્તિને આવરી લઈએ છીએ, જે હવે વસતિવધારાની સાથોસાથ મર્યાદિત બનતું જાય છે. કૃષિક્ષેત્ર પર નિર્ભરતા ઘટે તો જ વિકાસ થાય. એક સમય હતો, જ્યારે આપણે ઉત્તમ ખેતી કહેતા હતા. ત્યારે પરિવાર વ્યવસ્થા દૃઢ હતી અને તેથી એક પરિવાર પાસે જમીન વધુ હતી. પરિવારના વિભાજન સાથે જમીનનું વિભાજન થતાં કૃષિક્ષેત્રની આવક પરની નિર્ભરતા ઘટાડવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ. પર્યાવરણીય સ્થિતિના કારણોસર પણ અનિયમિત વરસાદની

સ્થિતિ, બિયારણ, ખાતર, પાણી, જંતુનાશકના ખર્ચને કારણે ખેતીની નીપજ ઘટવા લાગી. આમ, ખેતીનો વૃદ્ધિદર જો ૪ ટકા મળે તો આપણે ઘણા ખુશ થઈએ છીએ. દ્વિતીય શ્રેણીમાં ઉદ્યોગો, સેવાક્ષેત્ર વગેરેનો સમાવેશ થાય છે, જે હવે એકમાત્ર સ્વરૂપ છે, જે આપણા વિકાસની ગતિ તેજ બનાવી શકે.

સામાજિક ક્ષેત્રમાં શિક્ષણ, આરોગ્ય જેવાં ક્ષેત્રનો સમાવેશ થાય છે, જે વિકાસના મહત્ત્વના અંગ કહેવાય છે. સમગ્ર સમાજ શિક્ષિત બને, નિરક્ષરતાનો દર ઓછો થાય તો શિક્ષિત રોજગારી ઊભી થાય અને પરિણામે સેવાક્ષેત્ર અને ઉદ્યોગ-વેપાર ક્ષેત્રને મહત્ત્વનો ટેકો મળે. વિકાસના મહત્ત્વના આયામ તરીકે માટે જ શિક્ષણને મહત્ત્વ આપવામાં આવ્યું છે, તેમાં પણ ટેક્નિકલ શિક્ષણ વધુ મહત્ત્વનું બની રહે છે. વિદેશી મૂડીરોકાણ આ દેશમાં આવે તો પણ જો શિક્ષિત માનવબળ ન મળે તો તેનો પણ વિકાસ થતો નથી, એટલે મૂડીરોકાણ માટે પણ માળખું અને માનવબળ બે પાયાની જરૂરિયાત બનતી હોય છે.

માળખાકીય ક્ષેત્રના વિકાસ માટે આર્થિક આયોજન મહત્ત્વની બાબત બની છે. જાહેર વિકાસની બાબત હોય તો તે રાજ્યનું કાર્ય બની રહે છે. રાજ્ય માટે મૂડીનું આયોજન મહત્ત્વનું બને છે અને તેથી તે અંદાજપત્રિત ફાળવણીના આધારે જ આગળ વધી શકે છે. આ જ પરિપ્રેક્ષ્યમાં રાજ્ય દ્વારા જાહેર-ખાનગી ભાગીદારીને મહત્ત્વ આપવામાં આવ્યું છે અને તેથી PPP - Public Private Partnerships ખૂબ જ વ્યાપક પરિબળ બન્યું. તેના દ્વારા ઘણી માળખાકીય સગવડોનો વિકાસ શક્ય બન્યો છે. જ્યારે તેમાં પણ મૂડી આધારિત પ્રશ્નો અવરોધરૂપ બન્યા ત્યારે BOOT Built-Operate-Transferને પ્રાધાન્ય આપવામાં આવ્યું. Built-operate - Transferના આધારે ખાનગી ક્ષેત્ર દ્વારા વિકસાવવામાં આવેલું માળખું તે જ ચલાવે અને તેમાંથી જે કંઈ ખર્ચ થયો હોય તે વપરાશકારો પાસેથી વસૂલ કરવામાં આવે.

**અર્થતંત્રની વૃદ્ધિ**

અર્થતંત્રની વૃદ્ધિમાં મહત્ત્વના પરિબળોમાં સેવાક્ષેત્ર, ઉત્પાદન ક્ષેત્ર અને પ્રાથમિક ક્ષેત્રે એટલે કે કૃષિક્ષેત્રને મહત્ત્વના ગણવામાં આવે છે. દેશમાં કુલ ઉત્પાદન - જીડીપીના સેવાક્ષેત્ર અને ઉત્પાદન ક્ષેત્રનું યોગદાન ખૂબ જ રહ્યું છે, પરિણામે તેનો વિકાસ થાય તેને પ્રાથમિકતા આપવામાં આવી છે. આમ, વિકાસના મહત્ત્વના સોપાનોમાં ઉત્પાદન, ઉદ્યોગ- સાહસિકતા અને રોજગારીને મહત્ત્વ આપવામાં આવે છે.

**ઉત્પાદન ક્ષેત્ર**

ઉત્પાદન ક્ષેત્રમાં વેપાર-ઉદ્યોગનું વિશેષ પ્રદાન રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલી રાષ્ટ્રીય ઉત્પાદકતા નીતિ હેઠળ જીડીપીના ૨૫ ટકાથી વધુ સહયોગ ઉત્પાદન ક્ષેત્રનો હોય અને તેનાથી ૧૦ કરોડથી વધુ લોકોને રોજગારી પૂરી પાડવાનો આશય છે. યુવાનો વધુ કુશળતા પ્રાપ્ત કરે અને ગ્રામીણ ક્ષેત્રમાં તેનો વ્યાપ વધે તો રોજગારીની તકો વધે, સાતત્યપૂર્ણ વિકાસ જોવા મળે અને ઉત્પાદકતામાં વધારો થાય.

ભારતમાં કુલ સ્વદેશી ઉત્પાદન - જીડીપીમાં ઉત્પાદન ક્ષેત્રનો ફાળો ૧૫-૧૬ ટકા જેટલો છે. ૧૯૮૦થી મળી રહેલું આ પ્રમાણ વધારીને તે ૨૫ ટકાથી આગળ વધે તેની પર ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે ભૌતિક માળખાકીય સગવડો, સંકલિત નિયમન તંત્ર અને કુશળ માનવબળ એ પાયાની જરૂરિયાત છે, પરંતુ તેનો સૌથી મહત્ત્વનો લાભ રોજગારીનો છે. કેન્દ્ર સરકારની નવી ઉત્પાદન નીતિમાં ઔદ્યોગિક વિકાસ પર ભાર મુકાયો છે અને તેમાં રાજ્યોને પણ સાંકળવામાં આવ્યા છે. જાહેર-ખાનગી ભાગીદારીને મહત્ત્વ આપીને માળખાકીય વિકાસને મહત્ત્વ આપ્યું છે. રાષ્ટ્રીય સ્તરે મૂડીરોકાણ અને ઉત્પાદન ઝોન (NIMZs) મહત્ત્વનું પરિબળ બન્યા છે.

ઉદ્યોગમંત્રીઓની રાષ્ટ્રીય પરિષદ મળી ત્યારે પણ ઉત્પાદકતાને વધુ મહત્ત્વ આપી ઉદ્યોગ-સાહસિકતા તથા રોજગારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, તે સમયે આયોજન પંચ દ્વારા આ અંગેનાં નીતિનિર્દેશક માર્ગદર્શન આપવામાં આવ્યાં હતાં, તેમાં સૌપ્રથમ તો જમીનના દસ્તાવેજોના ડિજિટલાઈઝેશન પર ભાર મૂકવામાં આવ્યો હતો, તે જ રીતે અન્ય કુદરતી સંપત્તિના પણ નકશા તૈયાર કરવાની બાબતનો પણ ઉલ્લેખ હતો, તે દ્વારા રાજ્યો પોતાની જમીન ડેટા બેન્ક ઊભી કરે તે મહત્ત્વની બાબત હતી. આ ઉપરાંત પાણીના આધારે અલગ ઝોન ઉભા કરવા, નાણાકીય અને અન્ય વ્યવહારોના માપન, વ્યૂહાત્મક સંપાદન, વૈશ્વિક સ્તરના ઉત્પાદન માટેની ક્ષમતા અને નિકાસલક્ષી વેપાર નીતિ તથા જાહેર સાહસોની ભૂમિકામાં સુધારાત્મક બાબતો પર ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

**રાષ્ટ્રીય ઉત્પાદન નીતિ**

છેલ્લાં ૨૦ વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં જે રીતે સુધારાઓ જોવા મળ્યા છે, તે જોતાં વિશ્વના ઝડપી

અર્થતંત્રમાં ભારતનો સમાવેશ થાય છે. ૧૯૪૮, ૧૯૫૬ અને ૧૯૯૧માં ઔદ્યોગિક વિકાસને લગતા મહત્ત્વના નીતિવિષયક ઠરાવો થયા છે. ૧૯૯૧માં આર્થિક સુધારાઓના પગલે ભારતમાં ઘણા ધરમૂળ ફેરફારો થયા અને પરિણામે ખાનગી ક્ષેત્રની લગભગ તમામ ક્ષેત્રોમાં ભૂમિકા વધી ગઈ. જો કે ભારતમાં જીડીપીમાં વધુ ગતિશીલતામાં સેવાક્ષેત્રનો ફાળો વધુ રહ્યો છે.

ઉત્પાદકતા ક્ષેત્રથી અર્થતંત્રને ઘણા લાભ થયા છે, પરંતુ તે માત્ર ૧૬ ટકા સુધી મર્યાદિત રહ્યું છે, જે ખરેખર તેની ક્ષમતા કરતાં ઘણું ઓછું છે. એશિયાના અન્ય દેશોની સરખામણીએ ભારત તેમાં ઘણું કરી શકે તેમ છે. વૈશ્વિકીકરણ થવાના પગલે ભારત અન્ય અર્થતંત્રની જેમ ખૂબ જ આગળ વધી શકે તેમ છે.

આપણા દેશમાં આજે પણ પર ટકા લોકો કૃષિક્ષેત્ર પર વધુ નિર્ભર છે. શહેરીકરણના વધતા વ્યાપના પગલે બેરોજગારી પણ વધી રહી છે. કુલ વસતિની ૧૫ થી ૫૯ વયજૂથની ૬૦ ટકા વસતિ મહત્ત્વની છે, કારણ કે તે કામ કરતું જૂથ ગણાય છે. આવી યુવાન વસતિ ધરાવતા દેશમાં ઘણા પડકારોનો સામનો કરવાની ક્ષમતા છે. છેલ્લા એક દાયકામાં ભારતમાં રોજગારીની વ્યાપક તકનું નિર્માણ થયું છે. વિવિધ કુશળતાઓ અને લાયકાતોના આધારે આ તક ઊભી થઈ છે, તેના કારણે ૨૦૨૫ સુધીમાં ભારતમાં ૨૨ કરોડ લોકો માટે રોજગારીની તક ઉભી થશે, તેવી ધારણા છે.

ઉત્પાદન ક્ષેત્રમાં ઊભી થતી રોજગારીની પ્રત્યેક તક દ્વારા તેના સંલગ્ન ક્ષેત્રોમાં પણ અન્ય બે-ત્રણ રોજગારી સર્જવામાં આવે છે. આમ, સરકારના સર્વાંગી વિકાસ કે સર્વસમાવેશી વિકાસમાં ઉત્પાદન ક્ષેત્ર ઘણું મહત્ત્વનું યોગદાન આપી શકે છે.

રોજગારી ઉપરાંત ઉત્પાદકતામાં વધારો થવાથી દેશના વિકાસના પ્રારૂપમાં આપણી કુદરતી સંપત્તિ અને કૃષિ સંસાધનોમાં એક મહત્ત્વની મૂલ્યવૃદ્ધિ પણ જોવા મળશે. આપણી વ્યૂહાત્મક જરૂરિયાતો અને નાગરિક કલ્યાણની વિભાવનાઓમાં નવી ટૅક્નોલૉજીના આવિષ્કારથી નવાં પરિબળો ઉમેરાશે.

દેશમાં ઉત્પાદિત ચીજવસ્તુઓથી આજના તબક્કે ખૂબ જ ઓછી મૂલ્યવૃદ્ધિ જોવા મળે છે. વધુ પડતી મૂડીલક્ષી આયાતની સામે ઉત્પાદકતા ક્ષેત્રની સ્પર્ધાત્મકતા પણ ધ્યાનમાં લેવાની તાતી જરૂર છે. લાંબાગાળાની સ્પર્ધાત્મકતાથી અર્થતંત્રમાં સંરક્ષણ, સંદેશાવ્યવહાર જેવાં ક્ષેત્રોમાં ઉત્પાદન માટે વધુ આગળ વધી શકાય તેમ છે અને તે માટે આપણે સ્વદેશી ઉત્પાદનની શ્રૃંખલા સર્જવી પડે. તેનાથી રાષ્ટ્રીય સલામતિ જેવા મુદ્દાઓને પણ આવરી લઈએ છીએ. ઉત્પાદન ક્ષેત્રનો વૃદ્ધિદર સાતત્યપૂર્ણ હોવો જોઈએ, એમાં પણ ખાસ કરીને પર્યાવરણલક્ષી બાબતો, ગ્રીન ટૅકનોલૉજી, ઊર્જા કાર્યક્ષમ અને કુદરતી સંપત્તિનો મહત્તમ ઉપયોગ તથા વસવાટની કુદરતી વ્યવસ્થાનું પુનઃસ્થાપન જેવી બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે.

ભારતીય ઉત્પાદન ક્ષેત્રમાં વિકાસની સાથે આર્થિક સુધારાલક્ષી લાંબાગાળાના પગલાં જરૂરી છે, જે આ ક્ષેત્રને વધુ સુદૃઢ બનાવે અને વૃદ્ધિનું ઍન્જિન બને. આ હેતુથી જ રાષ્ટ્રીય ઉત્પાદન નીતિ ઘડવામાં આવી છે અને તે દ્વારા ગુણાત્મક અને જથ્થાત્મક ફેરફારો લાવવાનો પ્રયત્ન છે. **આ નીતિમાં છ મહત્ત્વના હેતુઓને સાંકળી લેવામાં આવ્યા છે :**

૧. ઉત્પાદન ક્ષેત્રનો વૃદ્ધિદર ૧૨-૧૪ ટકાથી આગળ વધારીને અર્થતંત્રનું મહત્ત્વનું પરિબળ બનાવવો. મધ્યમ ગાળા દરમિયાન ૨-૪ ટકા વૃદ્ધિ કરીને ૨૦૨૨ સુધીમાં જીડીપીના ૨૫ ટકા સુધી લઈ જવો.
૨. ૨૦૨૨ સુધીમાં ઉત્પાદન ક્ષેત્ર દ્વારા રોજગારીમાં વધારો કરી વધુ ૧૦ કરોડ રોજગારી ઊભી કરવી.
૩. સર્વસમાવેશી વૃદ્ધિદર હાંસલ કરવા ગ્રામીણ વિસ્થાપિતો અને શહેરી, ગરીબો માટે યોગ્ય કૌશલ્ય નિર્માણ કરવું.
૪. ઉત્પાદનમાં સ્વદેશી મૂલ્યવૃદ્ધિ અને ટૅક્નોલૉજીલક્ષી સમજમાં વધારો કરવો.
૫. ભારતીય ઉત્પાદનોને નીતિવિષયક પ્રોત્સાહન પૂરું પાડીને વિદેશમાં સ્પર્ધાત્મકતા વધારવી.
૬. વૃદ્ધિદરમાં સાતત્વ જાળવવું પરંતુ પર્યાવરણલક્ષી બાબતો, ઊર્જા કાર્યક્ષમતા, કુદરતી સંપત્તિની જાળવણી અને કુદરતી વ્યવસ્થાને મૂળ સ્વરૂપે જાળવી રાખવી.

**ઉપરોક્ત લક્ષ્ય હાંસલ કરવા માટે જુદાં જુદાં પગલાં વિચારવામાં આવ્યા છે :**

૧. સ્વદેશી ઉત્પાદનોનાં બજારનું વિસ્તરણ થાય તે હેતુથી વિદેશી મૂડીરોકાણ અને ટૅકનોલૉજીને આવકાર આપવો અને તે રીતે દેશમાં ઉત્પાદન ક્ષમતા અને ટૅકનોલૉજી વિકસાવવી.
૨. દેશમાં ઉદ્યોગ-સાહસિકતા અને સ્પર્ધાત્મકતા ઊભી થાય તે બાબતને ધ્યાનમાં રાખીને નીતિઓ અને કાર્યક્રમો ઘડવા તથા તેનો અમલ કરવો.
૩. બજાર વ્યવસ્થાને લગતા નિયમનને

વાજબી તથા હળવા બનાવવા પરિણામે કાનૂની પ્રક્રિયામાં ઉદ્યોગ વધુ ગૂંચ ન અનુભવે.

૪. ઉત્પાદકતા, ગુણવત્તા અને ઉદ્યોગ-સાહસિકતામાં વધારો થાય તે માટે નવીનીકરણનો અભિગમ આવકારવામાં આવે.

૫. ઉત્પાદનલક્ષી પ્રયોગોમાં સલાહકાર તંત્ર અસરકારક બનાવવું, જેથી તમામ ઉદ્યોગ-સાહસિકોને પ્રયોગ દરમિયાન સલાહ-સૂચન મળી રહે.

ઉત્પાદનલક્ષી નીતિમાં મહત્ત્વનાં છ ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવ્યો છે, તેમાં રોજગારલક્ષી ઉદ્યોગો, મૂડીગત સામાન, વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા ઉદ્યોગો, સ્પર્ધાત્મક રીતે આગળ રહેલા ઉદ્યોગો, નાના અને મધ્યમ ઉદ્યોગો તથા જાહેર ક્ષેત્રના ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

**આર્થિક વિકાસલક્ષી અભિગમ**

સમગ્ર વિશ્વમાં આર્થિક ગતિવિધિ મંદ જોવા મળી ત્યારે ભારતમાં પણ તેની અસરો થઈ હતી અને પરિણામે ઔદ્યોગિક વૃદ્ધિદર તથા ઉત્પાદકતાનો વૃદ્ધિદર પણ મંદ જોવા મળ્યો છે. આ સંજોગોમાં સરકાર દ્વારા સુધારાલક્ષી પગલાં લેવામાં આવ્યાં છે અને ઉદ્યોગોને જરૂરી બળ પૂરું પાડવા વિવિધ પ્રોત્સાહનો જાહેર કરાયા છે.

**વ્યાપાર સરળીકરણ**

સરકાર દ્વારા વ્યાપારનું સરળીકરણ કરવામાં આવ્યું છે અને હાલના નીતિ-નિયમોમાં વાજબી અભિગમ અપનાવવામાં આવ્યો છે તે માટે ઇન્ફર્મેશન ટૅકનોલૉજીનો અસરકારક અને કાર્યક્ષમ ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

દેશમાં વેપાર-ઉદ્યોગલક્ષી વાતાવરણ સર્જાય તે હેતુથી તમામ રાજ્યોને માર્ગદર્શિકા આપવામાં આવી છે અને તેમાં ઓનલાઇન રિટર્ન ભરવા, જરૂરી મંજૂરી પ્રક્રિયા વેબસાઇટ પર દર્શાવવા, દસ્તાવેજોની યાદી પૂરી પાડવા અને ઇલેક્ટ્રોનિક રજિસ્ટર લાગુ કરી બાકીની ચોપડા પદ્ધતિ દૂર કરવા માટે જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત અન્ય અડચણો દૂર કરવા વિભાગના વડાની મંજૂરી વિના ઉદ્યોગોનું ઇન્સ્પેક્શન ન થાય તેની તાકીદ રાખવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ભયજનક કે આપત્તિજનક ના હોય તે સિવાયના ઉદ્યોગોમાં સ્વપ્રમાણપત્ર પર ભાર મૂક્યો છે.

ઉદ્યોગો માટે જરૂરી લાયસન્સ અને ઔદ્યોગિક સાહસિકતાના ઇરાદાપત્ર પણ ઓનલાઇન કરવામાં આવ્યા છે અને હવે આ બાબત ૨૪ x ૭ ઈ-બીઝ વેબસાઇટ પર મળી રહે છે, પરિણામે અરજી કરવી સરળ બને અને સર્વિસ ચાર્જ પણ ઓનલાઇન જ ચૂકવી શકાય છે.

મહત્ત્વનો ફેરફાર સંરક્ષણ ઉદ્યોગ માટે કરાયો છે તેમાં ઔદ્યોગિક લાયસન્સ જરૂરી હોય છે. બેવડા ઉપયોગની ચીજવસ્તુઓ જેમાં નાગરિકલક્ષી અને સંરક્ષણલક્ષી બાબતો સંકળાયેલી હોય છે તેમાં હવે ઔદ્યોગિક લાયસન્સ જરૂરી નથી, પરંતુ જો તે ચીજો માત્ર સંરક્ષણ હેતુથી અલગ તારવી છે, તો તેમાં લાયસન્સ જરૂરી બનશે. આ ઉપરાંત અરજદારોએ સલામતિ અને સુરક્ષાની સૂચનાઓ અને પદ્ધતિને અનુસરશે તે અંગેનું સોગંદનામું આપવાનું જરૂરી બન્યું છે.

ઔદ્યોગિક લાયસન્સનો શરૂઆતનો સમયગાળો બે વર્ષથી વધારીને ત્રણ વર્ષ કરાયો છે અને તેમાં રીન્યુઅલ હવે સાત વર્ષ સુધી લંબાવ્યું છે. પરિણામે જમીન સંપાદન, મંજૂરીઓ જેવી પ્રક્રિયા માટે પૂરતો સમય મળી રહે. જો ઉત્પાદનની આંશિક શરૂઆત થઈ ગઈ હોય તો તેને લાયસન્સની તમામ ચીજોના ઉત્પાદનની શરૂઆત તરીકે ગણવામાં આવે છે.

ઉદ્યોગોના વર્ગીકરણ માટેના અદ્યતન કોડ NIC-2008 સ્વીકારવામાં આવ્યા છે, પરિણામે ભારતીય ઉદ્યોગોને વૈશ્વિકસ્તરે સ્થાન મળશે અને તેથી સરળ રીતે મંજૂરી મેળવવામાં અનુકૂળતા રહેશે.

કામદાર રાજ્ય વીમા યોજનામાં નોંધણીની પ્રક્રિયાને પણ ઈ-બીઝ સાથે જોડી દીધી છે અને ગયા ડિસેમ્બર માસથી જાહેર જનતા માટે શરૂ કરી છે. અન્ય આઠ કેન્દ્રીય સેવાઓને પણ ઈ-બીઝ સાથે જોડવાનું કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયા ઉપરાંત વધુ ચાર બૅન્ક - બૅન્ક ઑફ બરોડા, બૅન્ક ઑફ ઇન્ડિયા, કેનરા બૅન્ક અને પંજાબ નેશનલ બૅન્કને પણ ઈ-બીઝ હેઠળ આવરી લીધી છે.

વિદેશી મૂડીરોકાણકારો છૂટક ક્ષેત્રમાં કે નિકાસલક્ષી ક્ષેત્રમાં કે બિનનિવાસી ભારતીય તરીકે અરજી કરવા ઇચ્છતા હોય તો તમામ અરજીઓની પ્રક્રિયા માટે ખાસ સમયમર્યાદા દર્શાવતું ચેકલીસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. ટૂંકમાં, આ અભિગમ ઉદ્યોગ-સાહસિકો અને ઉત્પાદકો માટે ખૂબ જ મહત્ત્વનો બની રહેશે. આ ઉપરાંત મૂડીરોકાણકારો માટે અવરોધ વિનાનો માર્ગ દર્શાવશે.

**મેઇક ઇન ઇન્ડિયા**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્વદેશી ઉત્પાદનને મહત્ત્વ આપવાની સાથોસાથ વિદેશી મૂડીરોકાણથી દેશમાં ઉત્પાદનને વેગ મળે તે હેતુથી જુદાં જુદાં ૨૫ ક્ષેત્રમાં વૈશ્વિક કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તેનું ખાસ પોર્ટલ

પણ મૂકવામાં આવ્યું છે, તેમાં રાજ્ય સ્તરે અને ક્ષેત્ર આધારિત જરૂરી સહાય અને ટેકારૂપ બાબતો પણ આવરી લેવામાં આવી છે. મેઈક ઈન ઈન્ડિયા ૨૫ સપ્ટેમ્બર-૨૦૧૪ના રોજ સમગ્ર દેશમાં શરૂ કરાયું, એક સાથે રાજ્યોમાં પણ તેનો આરંભ થયો તથા રાજદૂતવાસ અને એલચી કચેરીઓમાં પણ તેનો વિધિવત્ આરંભ થયો. આ ઉપરાંત મેઈક ઈન ઈન્ડિયાની જોગવાઈ વ્યાપક બને અને રોકાણકારોને વિગતો મળે તે હેતુથી ચર્ચાસત્ર પણ યોજાયાં હતાં.

મેઈક ઈન ઈન્ડિયા કાર્યક્રમના મહત્ત્વના ચાર સ્તંભ છે તે દ્વારા સમગ્ર દેશમાં ઉદ્યોગ-સાહસિકતાને વેગ આપવાનો પ્રયાસ છે. ઉત્પાદન ક્ષેત્ર જ માત્ર નહીં, અન્ય ક્ષેત્રમાં પણ સાહસિકતાને અવકાશ છે તે બાબતને ખાસ અલગ તારવવામાં આવી છે. આ ચાર સ્તંભ છે - (૧) નવીન પ્રક્રિયા (૨) નવીન માળખું (૩) નવીન ક્ષેત્ર (૪) નવીન અભિગમ.

**નવીન પ્રક્રિયા**

સરકાર દ્વારા નવીન પ્રક્રિયાનો મહત્ત્વપૂર્ણ વિચાર અમલી બનાવવામાં આવ્યો છે. કોઈ પણ ઉદ્યોગ દ્વારા મૂડીરોકાણ વિચારવામાં આવે ત્યારે પ્રથમ મહત્ત્વપૂર્ણ બાબત પ્રક્રિયાની હોય છે. જટિલ પ્રક્રિયા એટલી હોય છે કે તેના અમલીકરણનો તબક્કો જ વિલંબમાં મુકાય છે. જમીન સંપાદન કરવી એ જ મહત્ત્વનું પરિબળ બને છે. તેના માટે જરૂરી મંજૂરીઓ કે જરૂરી લાયસન્સ મેળવવાનું પણ એટલું જ જટિલ હોય છે. આ હેતુથી વિશ્વમાં કેટલાક દેશોનો જ અભિગમ આવકારદાયક હોય છે. મૂડીરોકાણ દરેક દેશને આવકારવું છે, પરંતુ જ્યારે ખરેખર પ્રક્રિયા શરૂ કરે ત્યારે વ્યાપક અભિગમ જોવા મળતો નથી આને પરિણામે રોકાણકાર જુદી જુદી પ્રક્રિયામાં અટવાય છે.

આ હેતુથી જ નવીન પ્રક્રિયા હેઠળ ઉદ્યોગ-સાહસિકોને સરળીકરણ લાગે તેવી પ્રક્રિયા રજૂ કરવામાં આવી છે. વેપાર-ધંધાને યોગ્ય વાતાવરણ મળી રહે તે હેતુથી ઘણાં પગલાં લેવામાં આવ્યાં છે, તે અનુસાર ઉદ્યોગોને લાયસન્સ પ્રથા મુક્ત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નિયંત્રણો પણ ઉઠાવી લેવામાં આવ્યા છે અને ઉદ્યોગોને નિયમન હેઠળ આવરી લીધાં છે. આ બાબત સમગ્ર ક્ષેત્ર માટે આજીવન જાહેર કરવામાં આવી છે, એટલે કે કોઈ સમયગાળો દર્શાવવામાં આવ્યો નથી. તેના કારણે ઉદ્યોગ-સાહસિકો કે મૂડીરોકાણકારોને અવરોધોનો સામનો ન કરવો પડે અને એક અનુકૂળતાનો અનુભવ થાય.

**નવીન માળખું**

સરળ પ્રક્રિયાથી ઉદ્યોગની ગતિવિધિ મંજૂરીની પ્રક્રિયામાંથી ઝડપથી આગળ વધે છે અને તરત જ બીજો મહત્ત્વનો પ્રશ્ન ઊભો થાય છે, માળખાંકીય સુવિધાઓનો. અગાઉ માળખાકીય વિકાસ ઉદ્યોગોના માથે નાખવામાં આવતો હતો, પરંતુ હવે ઉદ્યોગોને આવકારવા માટે અભિગમ હેઠળ આધુનિક માળખું ખૂબ જ આવશ્યક બાબત બની છે. વીજળી, પાણી, સરળ વિકસિત રસ્તાઓ, સંદેશા વ્યવહાર નેટવર્ક, જેવી બાબતો વિકાસ માટે ખૂબ જ આવશ્યક છે, એટલે ઉદ્યોગની સ્થાપના કરનારને તેનું વિશેષ મહત્ત્વ બની રહે છે.

આધુનિક સુવિધાયુક્ત માળખું એ વિકાસ અને વૃદ્ધિ માટે પાયાની જરૂરિયાત છે. કેન્દ્રની પ્રગતિશીલ સરકાર દેશમાં ઔદ્યોગિક કોરિડોર વિકસાવવા ઇચ્છે છે. આ ઉપરાંત સ્માર્ટ સિટી પણ વિકસાવવાની જાહેરાત કરી છે. તે દ્વારા અદ્યતન સુવિધાયુક્ત શહેરો, તીવ્ર ઝડપ ધરાવતું સંદેશાવ્યવહાર નેટવર્ક અને સંકલિત હેરફેર માટેની વ્યવસ્થા ઊભી કરવાનો આશય છે. આ ઉપરાંત હાલનું માળખું વધુ અદ્યતન રીતે વિકસાવવાનું પણ આયોજન છે. નવીનીકરણ અને સંશોધન પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન આપવાનો પ્રયાસ છે. આ માટે ઝડપી નોંધણી થાય અને તે અનુસારની બૌદ્ધિક સંપત્તિ Intellectual Propertyની નોંધણી પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. ઉદ્યોગોની જરૂરિયાતને અલગ તારવવામાં આવશે અને તે અનુસાર જરૂરી માનવબળ પણ વિકસાવવાનો સમાવેશ થાય છે.

**નવીન ક્ષેત્ર**

મેઈક ઈન ઈન્ડિયામાં વિવિધ ૨૫ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યાં છે. તેમાં ઉત્પાદન ક્ષેત્ર, ઉદ્યોગ-સાહસિકતા અને રોજગારીને પ્રોત્સાહન પૂરું પાડવાનો હેતુ છે. તેમાં ઓટોમોબાઈલ્સ, તેના સ્પેર પાર્ટસ, વિમાન ઉદ્યોગ, બાયો ટૅકનોલૉજી, કેમિકલ્સ, બાંધકામ ક્ષેત્ર, સંરક્ષણ ઉત્પાદન, ઈલેક્ટ્રિકલ સામગ્રી, ઈલેક્ટ્રોનિક સિસ્ટમ, ફૂડ પ્રોસેસિંગ, ઈન્ફર્મેશન ટૅકનોલૉજી, બિઝનેસ પ્રમોશન, ચામડા ઉદ્યોગ, માધ્યમો, મનોરંજન ક્ષેત્ર, ખાણ અને ખનિજ, ખનિજ તેલ અને કુદરતી વાયુ, દવા ઉદ્યોગ, બંદર ઉદ્યોગ, પુનઃ પ્રાપ્ય ઊર્જા, માર્ગ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ, અવકાશ ક્ષેત્ર, કાપડ અને તૈયાર વસ્ત્ર ઉદ્યોગ, વીજ ઉત્પાદન, પ્રવાસન ઉદ્યોગ, સુખાકારીની સુવિધાઓ જેવાં વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

આ માટે ઈન્ટર ઍક્ટિવ વેબ પોર્ટલ બનાવવામાં આવ્યું છે અને વ્યાવસાયિક

ધોરણે માહિતીપત્ર પણ તૈયાર કરાયા છે. ખાસ કરીને સંરક્ષણ ઉત્પાદન, બાંધકામ ક્ષેત્ર અને રેલવેમાં માળખાકીય બાબતો માટે, મોટા પાયે વિદેશી મૂડીરોકાણ આકર્ષવાના પ્રયત્નો હાથ ધરાયા છે.

**નવીન અભિગમ**

સૌથી મહત્ત્વપૂર્ણ જરૂરિયાત નવીનતાપૂર્ણ અભિગમની છે. ઉદ્યોગો માટે સરકાર ઘણું મહત્ત્વનું સ્થાન ભોગવે છે, તેનો અભિગમપત્ર કે નીતિવિષયક બાબતો વિશેષ સ્થાન ધરાવે છે. સરકાર નિયમનતંત્ર ધરાવે છે. તે દ્વારા ધરખમ ફેરફારો કરી શકે છે. ઉદ્યોગો માટે લાલજાજમ બિછાવે છે. ઉદ્યોગોની વર્તણૂક મહત્ત્વની બની હોય છે. વિકાસનું વાતાવરણ સર્જાય એ પ્રાથમિક જરૂરિયાત હોય છે. સરકાર ઉદ્યોગોના વિકાસ માટે પ્રતિબદ્ધ હોય છે. ઉદ્યોગો અને સરકારનો સંબંધ સુવિધા આપનાર અને પૂરી પાડનારનો છે.

દેશમાં મૂડીરોકાણને વેગ મળે તે માટે મૂડીરોકાણકાર પરિષદ યોજવામાં આવે છે. આ ઉપરાંત તેનું એક કાયમી મથક પણ ઊભું કરવામાં આવે છે, તેમાં મૂડીરોકાણકારને માર્ગદર્શન આપવામાં આવે છે. આ કેન્દ્રમાં વિવિધ વિષયોની જાણકારી મળી રહે છે. મંત્રીઓએ જાહેર કરેલી નીતિ અને તેના અમલીકરણની બાબતોની સમીક્ષા થાય છે. રાજ્ય કે કેન્દ્રની પ્રોત્સાહક યોજનાઓ વિશે પણ જાણકારી આપવામાં આવે છે. તેનાથી મૂડીરોકાણકારને આગળ વધવું સરળ બને છે. આ માટે મેઈક ઈન ઈન્ડિયાની અલગ વેબસાઈટ www.make in India.com પર માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત વિદેશી મૂડીરોકાણ અંગેની નીતિ, રાષ્ટ્રીય ઉત્પાદન નીતિ, બૌદ્ધિક સંપત્તિના અધિકારો વિશેની માહિતી પણ આપવામાં આવી છે.

**ઈ-બ્રીઝ પ્રોજેક્ટ**

ઉત્પાદન, ઉદ્યોગ-સાહસિકતા અને રોજગારી માટે આ એક વધુ મહત્ત્વનું પગલું ભરવામાં આવ્યું છે. સરકારે ૩૧ જેટલા મિશનમોડ પ્રોજેક્ટ (MMPS)ને રાષ્ટ્રીય ઇ-ગવર્નન્સ પ્લાન હેઠળ આવરી લીધા છે. તેનો મહત્ત્વનો મુદ્દા એ છે કે તેમાં ગવર્મેન્ટ ટુ બિઝનેસ G 2 B પોર્ટસ તૈયાર કરવામાં આવ્યું છે. આ પોર્ટસ એક વન સ્ટોપ શોપ છે. મૂડીરોકાણકારની તમામ જરૂરિયાતો, સેવાઓને તેમાં આવરી લેવામાં આવી છે. સમગ્ર બિઝનેસ સાયકલ દરમિયાનની તમામ બાબતોનો સમાવેશ થાય છે. છેલ્લે તેમાં તમામ કેન્દ્રીય સેવાઓને પણ ઉમેરી દેવામાં આવે છે.

આ ઈ-બ્રીઝ પ્લેટફોર્મમાં નાણાકીય બાબતોનો ગેટ વે પણ જોડવામાં આવ્યો છે. ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી અને પ્રમોશનની બે સેવાઓને સાંકળી લેવામાં આવી છે. સેન્ટ્રલ બૅન્ક ઑફ ઈન્ડિયા તથા ઈલેક્ટ્રોનિક પે ઍન્ડ એકાઉન્ટસી - EPAO ઑફિસનો તેમાં સમાવેશ થયો છે. આ ઉપરાંત કર્મચારી રાજ્ય વીમા નિગમ - ESICની સેવાઓ પણ જોડી છે. વધુ આઠ સેવાઓ VIZPAN, TAN, CBDT, DIN, નામ પસંદગીની બાબત, વેપારી એકમની રચનાનું મંજૂરી પ્રમાણપત્ર, વેપાર શરૂ કરવાનું પ્રમાણપત્ર, કોર્પોરેટ બાબત મંત્રાલય, વિદેશ વેપાર મહાનિયામકના સેવાને લગતા નિયમો, EPFO માં નોંધણીને પણ સાંકળવાની બાબતોનો સમાવેશ થાય છે. EPAO હવે મહત્ત્વની બૅન્કો - સેન્ટ્રલ બેન્ક, કેનરા બૅન્ક, બૅન્ક ઑફ બરોડા, બૅન્ક ઑફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બૅન્ક સાથે સાંકળવામાં આવ્યું છે. સ્ટેટ બૅન્કનો પણ તેમાં સમાવેશ કરવામાં આવશે.

**વિદેશી સીધા રોકાણમાં ઉદારીકરણ**

સરકાર દ્વારા ઉત્પાદન ઉપરાંત રોજગારી ક્ષેત્રે મહત્ત્વનો આ એક નિર્ણય લેવાયો છે. વિદેશી સીધા મૂડીરોકાણમાં ઉદારીકરણ વ્યાપક બનાવ્યું છે. સંરક્ષણ ક્ષેત્રને લગતા ઉદ્યોગોમાં વિદેશી મૂડીરોકાણ સરકાર મારફત ૪૯ ટકા કરાયું છે. આ ઉપરાંત પણ વધુ મૂડીરોકાણની છૂટ પ્રત્યેક કિસ્સાના આધારે સરકાર આપી શકે છે. આ ઉપરાંત ચોક્કસ પોર્ટફોલિયોમાં મૂડીરોકાણને પણ મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે અને તેને ઓટોમેટિક રૂટ પર ૨૪ ટકા સુધીની મંજૂરી આપી છે. તેમાં બીજા મહત્ત્વના સુધારા મુજબ ત્રણ વર્ષનો લોક ઈન સમયગાળો પણ દૂર કરાયો છે. જો કે તેમાં મૂળ ભારતીય કે નિવાસી ભારતીય પાસે તેની આત્મનિર્ભરતા કે સલામતિને લગતી બાબત રહેવી જોઈએ. વિદેશી મૂડીરોકાણને બાંધકામ ક્ષેત્ર, કામગીરી, સંચાલનને લગતી બાબતો, રેલવેની પરિવહનને લગતી માળખાકીય બાબતોમાં ઓટોમેટિક રૂટ પર ૧૦૦ ટકા વિદેશી મૂડીરોકાણ માટે મંજૂરી આપવામાં આવી છે. કેટલાંક સંવેદનશીલ ક્ષેત્રમાં સલામતિના હેતુથી વિદેશી સીધું મૂડીરોકાણ ૪૯ ટકા સુધી મંજૂર કરવામાં આવ્યું છે.

બાંધકામ ક્ષેત્રના ૧૦૦ ટકા મૂડીરોકાણમાં તાજેતરમાં વધુ છૂટ આપવામાં આવી છે, તેમાં ઓછામાં ઓછી અમુક જમીન જરૂરી છે તે બાબત રદ કરાઈ છે. વિકાસલક્ષી પ્રોજેક્ટ હોય

તો ૫૦ હજાર ચોરસ મીટરના બદલે ૨૦ હજાર ચોરસ મીટર વિસ્તાર જરૂરી હોવાનું કર્યું છે. મૂડીરોકાણમાં પણ લઘુતમ મર્યાદા એક કરોડ ડૉલર કરી છે, જે અગાઉ પાંચ કરોડ ડોલર હતી. મૂડી રોકવાની સમય મર્યાદા એક સાથે છ મહિનામાં રખાઈ હતી, તેને હવે દસ વર્ષ સુધી લંબાવી છે.

**બૌદ્ધિક સંપત્તિના અધિકારો (IPR)**

બૌદ્ધિક સંપત્તિના અધિકારનો મુદ્દો પણ મહત્ત્વનો બને છે. કેટલીક સેવાઓ કે સુવિધાઓમાં બૌદ્ધિક સંપત્તિનો મુદ્દો મહત્ત્વનો હોય છે. કેટલાકમાં કોપી રાઇટ સંકળાયેલા હોય છે, જે બાદમાં યોગ્ય કાયદાના અભાવે જળવાતા નથી. વિદેશી મૂડી રોકનાર કંપનીઓ આ મુદ્દે પણ ચિંતા દર્શાવે છે. આ હેતુથી દેશમાં આધુનિકીકરણને ઓપ આપ્યો છે, તેની નોંધણી કચેરીઓમાં પણ વધુ સુવિધાને સરળ કરવામાં આવી છે. પારદર્શકતા સાથેની બાબતોને પણ આવરી લીધી છે, પરિણામે અરજીકર્તાને તમામ બાબતોની ચકાસણી કરવા મળે છે.

**ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર**

વિદેશી મૂડીરોકાણકાર દ્વારા મૂડીરોકાણ કરવામાં આવે ત્યારે તેને માળખાકીય સવલતો મળી રહે તે આશયથી દેશમાં જુદા જુદા ૬ જેટલા ઔદ્યોગિક પથ કોરિડોર તૈયાર કરાયા છે.

**દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (DMIC)**

દિલ્હી અને મુંબઈ વચ્ચેના માર્ગમાં ઔદ્યોગિક પ્રવૃત્તિને વેગ આપવા સમગ્ર ૧૪૦૦ કિ.મી.ના વિસ્તારને ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર જાહેર કરાયા છે. આ હેતુથી જુદાં જુદાં ૬ રાજ્યોમાં માળખાં વિકસાવવામાં આવશે. તેમાં સૌ પ્રથમ ઔરંગાબાદ ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશીપ અસ્તિત્વમાં આવી. તે રીતે જ નોઇડા, ઉજ્જૈન, ધોલેરા, શેન્દ્રા-બિડકીન (મહારાષ્ટ્ર)નો પણ સમાવેશ થાય છે. આ તમામને પર્યાવરણલક્ષી મુંજૂરી મળી ગઈ છે. અન્ય ત્રણ પ્રોજેક્ટ માનેસર બાવલ (હરિયાણા), ખુશખેરા ભિવંડી નીમરાણા (રાજસ્થાન) અને ધોલેરા (ફેઝ-૨)ને પણ મંજૂરી આપવામાં આવી હોવાથી તેનું કામ પ્રગતિમાં છે.

BRTS (MRTS) અમદાવાદથી ધોલેરા માટે અને ગુડગાંવથી બાવલ માટે મંજૂર થયા છે અને તે પ્રગતિમાં છે. રાજસ્થાનના નીમરાણા ખાતે જાપાનની ભાગીદારીથી નમૂનારૂપ સૌરઊર્જા પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. લોજિસ્ટિક ડેટા બૅન્કના પ્રોજેક્ટનો પણ અમલ થઈ રહ્યો છે. વપરાશકર્તાના દર નક્કી કરવા સત્તામંડળ નક્કી કરાયા છે, તેને જાપાનના કોર્પોરેશન દ્વારા અમલી બનાવવામાં આવશે.

**ચેન્નાઈ-બેંગ્લોર ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (CBIC)**

ચેન્નાઈ અને બેંગ્લોર દક્ષિણ ભારતના બે મહત્ત્વના મહાનગરોને જોડતા આ કોરિડોર માટેના પ્લાન તૈયાર કરાયા છે, તેમાં તુમકુર (કર્ણાટક), પાન્નેરી (તમિલનાડુ) અને કૃષ્ણાપટ્ટનમ (આંધ્ર પ્રદેશ)માં પ્રોજેક્ટ અમલી બનશે.

**વિઝાગ-ચેન્નાઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (VCIC)**

વિઝાગ અને ચેન્નાઈને જોડતા આવા જ એક ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર માટે આયોજન થયું છે, તેનો પ્રાદેશિક સ્તરનો પ્લાન તૈયાર થયો છે. તે માટે એશિયા વિકાસ બૅન્ક દ્વારા માસ્ટર પ્લાન મંજૂર થયા છે. વિઝાગ, યેરપેડુ-શ્રીકલાહસ્તી માટે જમીન પણ પસંદ થઈ છે. આ ઉપરાંત બેંગ્લોર-મુંબઈ ઇકોનોમિક કોરિડોર (BMEC), અમૃતસર - કોલકાતા ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (AKIC)નો પણ સમાવેશ થાય છે અને તેની કામગીરી પ્રગતિમાં છે. કેન્દ્ર સરકારે આ માટે એક મહત્ત્વના સત્તામંડળ - નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ ઓથોરિટી (NICDA)ની રચના કરી છે.

ઔદ્યોગિક માળખાના વિકાસ માટે ૨૧ પ્રોજેક્ટ મંજૂર કર્યા છે અને તેના માટે ૫૫૦ કરોડ રૂપિયા મંજૂર કરાયા છે. આ ઉપરાંત ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન ઍન્ડ પ્રમોશન (DIPP) એ ચર્મ ઉદ્યોગ, બોઈલર, મીઠા ઉદ્યોગ, વિસ્ફોટકો જેવાં ક્ષેત્રોને પણ વિશેષ મહત્ત્વ આપ્યું છે. આ ઉપરાંત અન્ય વિકસિત ક્ષેત્રમાં વિદેશ વેપાર અને તે અંગેની નીતિ, વિશ્વ વેપાર સંસ્થા -WTOને લગતી બાબતોનું સરળીકરણ, અન્ન સલામતિના મુદ્દે ભારતની સ્પષ્ટતા, ખાસ આર્થિક ઝોન અને દ્વિપક્ષી સંબંધોની બાબતમાં પણ પ્રગતિ કરી છે. નિકાસને પ્રોત્સાહન આપવા માટે ૩૩ કાઉન્સિલ માટે સુધારાઓ સૂચવાયા છે.

**લેખક આકાશવાણીના સમાચાર વિભાગમાં કાર્યરત છે અને સ્પીપા, અમદાવાદ તથા નોલેજ એકેડેમી જેવી સંસ્થાઓમાં સિવિલ સર્વિસીસ કોર્સમાં ફેકલ્ટી છે.**

ઈ-મેઈલ : **hgpandya@gmail.com**

# રોજગારી સર્જનમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું મહત્ત્વ

● ડૉ. મહેશ આર. સોનારા ●

કોઈ પણ દેશના આર્થિક વિકાસ અને રોજગારી સર્જનમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો ફાળો મહત્ત્વનો હોય છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં વિકાસની સાથે સાથે લોકોનું ભારણ ખેતીક્ષેત્ર પરથી ઘટીને બિનખેતીક્ષેત્ર તરફ વધે છે અને તેમાં પણ ખાસ કરીને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર અને સેવાક્ષેત્ર તરફ. ઉદ્યોગો અને સેવાક્ષેત્રમાં ઉત્પાદન વધારવા મશીનરી અને વિવિધ પ્રકારનાં સાધનોની જરૂર પડે છે, જે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર જ પૂરાં પાડે છે. આથી કોઈ પણ ક્ષેત્રનો વિકાસ કરો પણ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર તેના પાયામાં આવે જ. ભારતમાં પણ વિકાસ માટે અને રોજગારી સર્જન માટે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર મહત્ત્વનું પુરવાર થઈ રહ્યું છે. ભારતમાં રોજગારી માટે મોટી સંખ્યામાં લોકો ખેતીક્ષેત્ર પર અવલંબિત છે પણ જીડીપીમાં ખેતીક્ષેત્રનો ફાળો ઘટતો જાય છે. ભારતમાં વસ્તીનું વર્ગીકરણ જોતાં કહી શકાય કે નજીકના ભવિષ્યમાં કામ માગનારા લોકોની સંખ્યામાં વધારો થશે. આ લોકોને રોજગારી પૂરી પાડવા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર મહત્ત્વનું પુરવાર થઈ શકે છે. હાલમાં કુલ રોજગારીમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો ફાળો લગભગ ૧૨ ટકા જેટલો છે. આવનારા સમયમાં આ ક્ષેત્રમાં રોજગારીની વિપુલ તકો રહેલી છે પરંતુ તેમાં રોજગારી મેળવવા કુશળ શ્રમિકોની જરૂર પડશે. માનવ મૂડીરોકાણ દ્વારા આ ક્ષેત્રની રોજગારીની માગને પહોંચી વળી શકાય. માનવ સંસાધન ક્ષેત્રે જેટલું વધુ મૂડીરોકાણ થશે તેટલા પ્રમાણમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વધુ રોજગારી આપી શકાશે. દેશમાં મોટાપાયા પર કુશળ શ્રમિકો તૈયાર કરવા માનવમૂડીમાં વધુ રોકાણ કરવું પડશે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના વિકાસ સાથે અન્ય ક્ષેત્રોનો પણ વિકાસ થશે અને તેમાં પણ રોજગારીની વિપુલ તકો સર્જાશે તેમાં પણ કુશળ શ્રમિકોની જરૂર પડશે.

**મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો વિકાસ**

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના એક અભ્યાસ મુજબ ભારતમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો ફાળો વર્ષ ૨૦૧૨માં જીડીપીમાં ૧૬ ટકા જેટલો અને રોજગારી આપવામાં ૧૨ ટકા જેટલો હતો. આ ક્ષેત્ર ૨૦૦૫-૦૬ પછી ધીરે ધીરે મજબૂત થઈ રહ્યું છે. ભારતની મેન્યુફેક્ચરિંગ કંપનીઓના ઉત્પાદન અને નફાકારકતામાં પણ વધારો થઈ રહ્યો છે. રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના એક અભ્યાસ મુજબ વર્ષ ૨૦૦૦ની સરખામણીએ વર્ષ ૨૦૦૫માં કંપનીઓની ઉત્પાદકતામાં ૨૪ ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ સમયગાળામાં કંપનીઓની નફાકારકતામાં પણ વધારો થયો હતો. ભારતની મેન્યુફેક્ચરિંગ કંપનીઓની હરિફાઈ ક્ષમતા પણ ઘણી વધારે છે. આથી વિશ્વમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં હરિફાઈ ક્ષમતામાં ભારતનો નંબર ચીન પછી બીજા ક્રમે છે. વિશ્વના ઘણા વિકસિત અને વિકસતા દેશો જેવા કે, અમેરિકા, બ્રાઝિલ, જાપાન, જર્મની, સિંગાપુર કરતાં આ ક્ષેત્રે ભારત અગ્રેસર જોવા મળે છે. ટેક્સટાઇલ, ફાર્માસ્યુટિકલ કેમિકલ, મેટલ, ઇલેક્ટ્રિકલ, મશીનરી અને સ્પેરપાર્ટસ વગેરે જેવા મેન્યુફેક્ચરિંગના ઉત્પાદનમાં વિશ્વમાં ભારતનું ઉત્પાદન કદ ઘણું મોટું છે. આ ક્ષેત્રોના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. હાલમાં ચીન પછી ભારતનો બીજો ક્રમ છે જે નોંધનીય છે.

ભારતમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર હાલમાં રોજગારી આપવામાં નોંધપાત્ર ફાળો આપે જ છે સાથે સાથે દેશના આર્થિક વિકાસમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ખેતીક્ષેત્રમાં જે વધારાનો શ્રમ છે તેને અન્ય ક્ષેત્રો તરફ વાળવો હોય તો મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર જ તેના માટે શ્રેષ્ઠ છે. દેશના આર્થિક વિકાસ માટે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું ઉત્પાદન વધે તે આવશ્યક છે સાથે સાથે ખેતીક્ષેત્રમાં જે વધારાનો શ્રમ છે તેને આ ક્ષેત્ર તરફ વાળવાથી ખેતીક્ષેત્રનું ઉત્પાનદ ઘટાડ્યા સિવાય મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું ઉત્પાદન વધારી શકાય છે. આનાથી આ ક્ષેત્રો સાથે સંકળાયેલા અન્ય ક્ષેત્રો જેવાં કે, સેવાક્ષેત્ર વગેરેમાં પણ વિકાસની તકો ઊજળી બને છે અને તેમાં રોજગારીની તકો વધે છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના વિકાસથી અન્ય સંલગ્ન ક્ષેત્રોમાં પણ ૨ થી ૩ ટકા જેટલી રોજગારીનું સર્જન કરી શકાય છે.

ભારતમાં ટેક્સટાઈલ અને ગારમેન્ટ્સ્, ચામડાની બનાવટો, ફુડ પ્રોસેસિંગ, કાગળ અને લાકડાનું ફર્નિચર, ઈલેક્ટ્રિક સાધનો, ટ્રાન્સપોટેશન વગેરે એવા ક્ષેત્રો છે કે જેમાં મેન્યુફેક્ચરિંગમાં રોજગારીની વિપુલ તકો છે અને આ ક્ષેત્રો વધુ રોજગારી આપે પણ છે. આ ક્ષેત્રો એવાં છે જેમાં મૂડીરોકાણની સરખામણીએ વધુ રોજગારી પૂરી પાડી શકાય છે. ભારતમાં ઈકોનોમિક સર્વે ૨૦૧૧માં પણ એ જણાવ્યું છે કે ૨૦૦૫ પછી મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં રોજગારીમાં સતત વધારો થઈ રહ્યો છે. વધુ ને વધુ લોકોને રોજગારી આપવા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર સક્ષમ છે.

### લુઘુ, નાના, મધ્યમ ઉદ્યોગોનો ફાળો

ભારતમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં લઘુ, નાના, મધ્યમ ઉદ્યોગોના વિભાગમાં પણ તાજેતરમાં રોજગારીમાં વૃદ્ધિ થઈ છે. ભારત સરકારના લઘુ, નાના, મધ્યમ ઉદ્યોગ ખાતાના વાર્ષિક અહેવાલ ૨૦૧૧ મુજબ દેશમાં લઘુ, નાના, મધ્યમ ઉદ્યોગોના અંદાજે ૩૧૦ લાખ એકમો ૭૩૦ લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે. ઉદ્યોગોમાં લઘુ, નાના, મધ્યમ ઉદ્યોગોની સ્થાપનાનો દર ઘણો ઊંચો જઈ રહ્યો છે. લઘુ, નાના, મધ્યમ ઉદ્યોગો દ્વારા ભારતમાં પરંપરાગત વસ્તુઓથી લઈને આધુનિક કક્ષાની આશરે ૬,૦૦૦ જેટલી વસ્તુઓ બનાવવામાં આવે છે. ખેતીક્ષેત્ર પછી આ ક્ષેત્ર એવું છે જે વધુમાં વધુ સ્વરોજગારી તથા નોકરી આપે છે. લઘુ, નાના, મધ્યમ ઉદ્યોગો દ્વારા જે વસ્તુઓનું ઉત્પાદન થઈ રહ્યું છે તેમાં ટેક્સટાઈલ તથા ગારમેન્ટ્સનો ફાળો વધુ છે. ત્યાર બાદ મેટલ પ્રોડકટસ, ફુડ પ્રોડક્ટસ વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે લાકડાની બનાવટો તથા ફર્નિચર, વિવિધ મશીનરી તથા તેના સ્પેર પાર્ટ્સનો ફાળો પણ નોંધનીય છે. ભારતમાં આ એવાં ક્ષેત્રો છે જેમાં તાજેતરમાં રોજગારી મોટા પ્રમાણમાં જોવા મળે છે અને ભવિષ્યમાં વધુ રોજગારીની સંભાવના છે.

### શ્રમની માગ વધવાનું કારણ

મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર એ એવું ક્ષેત્ર છે કે જેમાં ખેતીક્ષેત્રમાંથી શ્રમિકો અહીં આવે છે. વિકાસનો એ સિદ્ધાંત છે અને ઘણા વિકસિત અને વિકસતા દેશોનો અનુભવ છે કે જ્યારે દેશનો વિકાસ થઈ રહ્યો હોય ત્યારે ખેતીક્ષેત્રમાં રહેલા અકુશળ શ્રમિકો ખેતીક્ષેત્રમાંથી અન્ય ક્ષેત્રો તરફ ખાસ કરીને મેન્યુફેક્ચરિંગ અને સેવાક્ષેત્ર તરફ વળે છે. ખેતીક્ષેત્રમાં જે વધારાના શ્રમિકો છે તે ખેતીક્ષેત્રમાંથી દૂર થઈ અન્ય વૈકલ્પિક ક્ષેત્ર તરફ વળે છે. આથી વિકાસની પ્રક્રિયા દરમ્યાન મેન્યુફેક્ચરિંગ અને સેવાક્ષેત્રમાં શ્રમની માગ વધતા આ વધારાના શ્રમિકોને અહીં રોજગારી પ્રાપ્ત થાય છે. અહીં ખેતીક્ષેત્રના આ અકુશળ શ્રમિકોને કુશળ બનાવવા યોગ્ય તાલીમની જરૂર પડે છે. યોગ્ય તાલીમ પ્રાપ્ત કર્યા બાદ જ તેઓ મેન્યુફેક્ચરિંગ તથા સેવાક્ષેત્રમાં રોજગારી મેળવી શકે છે. આથી ખેતીક્ષેત્ર પરથી વધારાનું ભારણ ઓછું થાય છે, અહીં ખેતીક્ષેત્રના ઉત્પાદન પર કોઈ અસર પડતી નથી તથા અન્ય ક્ષેત્રોના ઉત્પાદન અને રોજગારી વધે છે. આ પણ કારણ છે કે ઉત્પાદન અને રોજગારી વધારવા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર મહત્ત્વ ધરાવે છે.

વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારત વિશ્વના બહુ ઓછા દેશોમાંથી એક હશે કે જેમાં કામ કરતા લોકોની સંખ્યા ખૂબ વધારે હશે. ૨૦૦૭માં કામ કરતા લોકોનો આયુષ્ય વર્ગ (૨૦-૫૦ વર્ષ)ની વસ્તી આશરે ૬૦ ટકા જેટલી હતી, જે વર્ષ ૨૦૨૦ સુધીમાં વધી જશે. આ લોકોની સંખ્યા ખૂબ વધવાની સંભાવના છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાના મત મુજબ વર્ષ ૨૦૫૦ની આસપાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકોની સંખ્યા અમેરિકામાં ૩૯ ટકા, જર્મનીમાં ૫૩ ટકા, જાપાનમાં ૬૭ ટકા થવાનો અંદાજ છે જ્યારે ભારતમાં આ સમયે આ પ્રમાણ એટલે કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોનું પ્રમાણ ૧૯ ટકા જેટલું હશે. આ રીતે ભારતમાં કામ કરવા માગતા લોકોની સંખ્યામાં મોટો વધારો થવાનો છે તેને સમાવવા માટે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર જ મહત્ત્વનું પુરવાર થાય તેમ છે. આટલી મોટી વસ્તીને રોજગારી અપાવવા અને શ્રમની માગ વધારવા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર જ સક્ષમ છે. આ ક્ષેત્રે શ્રમની જે માગ ઊભી થશે તે કુશળ શ્રમિકોની હશે. આથી ભારતે કુશળ શ્રમિકોનો મોટો જથ્થો તૈયાર કરવો પડશે. સરકાર આ બાબતે હકારાત્મક અભિગમ ધરાવે છે. આ માટે સરકારે નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કાઉન્સિલની રચના કરી છે, જેની મદદથી ટ્રેનિંગ સંસ્થાઓની સ્થાપના કરી માનવમૂડીમાં રોકાણ કરી કુશળ શ્રમિકો તૈયાર કરવા પડશે. સરકારની રાષ્ટ્રીય મેન્યુફેકચરિંગ પોલિસી ૨૦૧૧માં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૨ સુધીમાં ભારતમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ૧૦ કરોડ રોજગારીની તકો સર્જાવાની અને જીડીપીમાં મેન્યુફેકચરિંગ ક્ષેત્રનો ફાળો

૨૫ ટકા થવાની આશા છે. આ ઉદ્દેશ સિદ્ધ કરવા નેશનલ ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ મેન્યુફેક્ચરિંગ ઝોન રચવાની ભલામણ કરી છે, જેનાથી વિશ્વસ્તરીય માળખાકીય સગવડો ધરાવતા ઔદ્યોગિક ટાઉનશીપ ઊભા થશે. વ્યાપારનું વાતાવરણ સર્જાય તે માટે એક બારી પરવાના પદ્ધતિ તથા ઉદાર નિકાસ નીતિ ઘડવી પડશે. આ સાથે ઔદ્યોગિક ટાઉનશીપમાં ઉદ્યોગ ધરાવનારાઓ માટે કેટલાક લાભો પણ આપવા પડશે જેવા કે, લોન સબસિડી, કરવેરા, ટૅકનોલૉજી, પર્યાવરણ વગેરે.

**અન્ય ક્ષેત્રોનો વિકાસ**

મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર દેશના વિકાસમાં એટલા માટે પણ મહત્ત્વ ધરાવે છે કે આ ક્ષેત્રના વિકાસની ગુણાત્મક અસરો અન્ય ક્ષેત્રોના વિકાસ પર થાય છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને ઉત્પાદન માટે કાચોમાલ અને અન્ય સેવાઓ માટે અન્ય ક્ષેત્રો પર આધાર રાખવો પડે છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો વિકાસ થશે અને ઉત્પાદન વધશે એટલે તેને કાચા માલની સાથે બૅન્કિંગ સેવાઓ, સોફ્ટવેર સેવાઓ, આરોગ્ય સેવાઓ, પરિવહન સેવાઓ, ટૅકનોલૉજી સેવાઓ સહિત અનેક પ્રકારની સેવાઓની જરૂર પડશે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર તેનું તૈયાર થયેલું ઉત્પાદન અન્ય ક્ષેત્રોમાં વેચશે અને સામે આ ક્ષેત્રને પણ અન્ય અનેક ક્ષેત્રોની સેવાઓની જરૂર પડશે. આમ, ગુણાત્મક અસરોના પ્રભાવથી મેન્યુફેક્ચરિંગ સાથે અનેક ક્ષેત્રોનો વિકાસ શક્ય બનશે અને બીજા ક્ષેત્રોમાં પણ રોજગારીની તકો સર્જાશે.

દેશના આર્થિક અને સામાજિક વિકાસ માટે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં પણ લઘુ, નાના, મધ્યમ ઉદ્યોગનો વિકાસ થાય તે જરૂરી છે. આ ક્ષેત્રમાં મૂડી શ્રમ ગુણોત્તર અન્ય ઉદ્યોગોની સરખામણીએ વધુ જોવા મળે છે. એટલે કે મૂડીરોકાણના પ્રમાણમાં વધુ રોજગારી આપી શકાય છે. આથી આ વિભાગ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આ વિભાગ દેશના જીડીપીમાં, મેન્યુફેક્ચરિંગના ઉત્પાદનમાં, નિકાસમાં અને રોજગારીમાં મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે. હાલમાં ભારતમાં આ લઘુ, નાના, મધ્યમ ઉદ્યોગોનો વિભાગ મેન્યુફેક્ચરિંગના ઉત્પાદનમાં ૪૫ ટકા અને નિકાસમાં ૪૦ ટકા ફાળો આપે છે. આ ક્ષેત્રનો હજુ વધુ વિકાસ કરવાથી ઉત્પાદન, રોજગારી, નિકાસ અને જીડીપીમાં વધુ વધારો કરી શકાશે.

**આયોજન**

મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર ઉત્પાદન અને રોજગારીમાં તથા દેશના જીડીપીમાં આવનારા સમયમાં વધુ મહત્ત્વનું ક્ષેત્ર સાબિત થાય તેમ છે ત્યારે એ પણ નોંધનીય છે કે, સરકારે આ ક્ષેત્રના વિકાસ માટે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું પડશે, જેમાં ખાસ કરીને આ ક્ષેત્રને વધુ ધિરાણ મળે તથા યુવાન સાહસિકો આ ક્ષેત્રમાં વધુ રોકાણ કરતા થાય તેવા પ્રોત્સાહનો આપવા પડશે. વર્તમાન સમયમાં મહિલા સાહસિકો પણ આગળ આવી રહી છે ત્યારે કૉલેજ કક્ષાએથી જ વધુ મહિલા અને યુવાન સાહસિકો તૈયાર થાય અને ખાસ કરીને તેઓને યોગ્ય તાલીમ મળે તેવું આયોજન કરવું જોઈએ. આ સાથે ગુણવત્તાયુક્ત ઉત્પાદન થાય તે બાબત પણ ધ્યાનમાં રાખવી પડશે, વર્તમાન સમયમાં ભારતની હરિફાઈ ક્ષમતા વધી રહી છે ત્યારે વૈશ્વિક હરિફાઈમાં ટકવા ગુણવત્તાયુક્ત ઉત્પાદન થાય તે જરૂરી છે. આવા યુવા સાહસિકો અને કુશળ શ્રમિકો તૈયાર કરવા સરકારે વિશ્વકક્ષાના તાલીમ કેન્દ્રો તૈયાર કરવા પડશે. આવા તાલીમ કેન્દ્રોની મદદથી જ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર સારું ગુણવત્તાયુક્ત ઉત્પાદન અને વધુ રોજગારી આપી શકાશે. આ ક્ષેત્રના વધુ વિકાસથી વધુ રોજગારી આપી શકાશે. આ ક્ષેત્રના વધુ વિકાસ માટે અને આવનારી જરૂરિયાતો અને પડકારો માટે વધુ ને વધુ પ્રચાર-પસાર થાય તે પણ એટલું જ જરૂરી છે. પ્રચાર-પસાર માધ્યમો દ્વારા તથા સેમિનારો દ્વારા વધુ ને વધુ લોકો સુધી મેન્યુફેચરિંગ ક્ષેત્રની માહિતી પહોંચાડવી જોઈએ જેનાથી લોકોમાં જાગૃતતા લાવી શકાય.

આવનારા સમયમાં ભારતમાં રોજગારી માગનારાની સંખ્યામાં મોટો વધારો થવાનો છે. જ્યારે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના વિકાસથી શ્રમની માગમાં ખાસ કરીને કુશળ શ્રમિકોની માગમાં પણ વધારો થવાનો છે. ત્યારે આ બંને બાજુને પહોંચી વળી શકાય અને તેનાથી આવક, રોજગારી, ઉત્પાદન, નિકાસ વધારી શકાય તે માટે અત્યારે જ આયોજન કરવું પડશે. સરકાર આ દિશામાં તેના વિવિધ વિભાગોના સહકારથી આ ક્ષેત્રમાં કામ કરી રહી છે ત્યારે લોકોએ પણ આ વિષયની ગંભીરતાને ધ્યાનમાં લઈ આયોજન કરવું જોઈએ. જો આ થશે તો આવનારા સમયમાં ભારત મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં વિશ્વમાં પ્રથમ ક્રમાંકે પહોંચશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

**(લેખક એચ. એ. કૉલેજ ઑફ કોમર્સ, અમદાવાદમાં અર્થશાસ્ત્ર વિષયમાં એસોસિયેટ પ્રોફેસર છે.)**

# કેન્દ્રીય અંદાજપત્ર : કરવેરામાં થયેલા ફેરફારોની અસરો

● પ્રો. આત્મન શાહ ●

**પ્રસ્તાવના :**

ભારત સરકારની કરવેરાની આવક ૨૦૧૫-૧૬માં રૂ. ૧૪,૪૯,૪૯૦ કરોડ રહેવાનો અંદાજ છે. જ્યારે બિન-કર આવક રૂ. ૨, ૨૧,૭૩૩ કરોડ રહેવાનો અંદાજ છે. કરવેરાની આવકમાં પ્રત્યક્ષ કર અને પરોક્ષ કર બંનેનો સમાવેશ કરવામાં આવે છે. એટલે કે સરકાર પ્રત્યક્ષ કર અને પરોક્ષ કરમાં ફેરફાર કરની તેની આવકમાં ફેરફાર કરી શકે છે. સરકારની કુલ આવકમાં કરવેરાની આવકનો હિસ્સો કેટલો છે તે કોઠા ૧માં દર્શાવેલ છે.

**કોઠા નં. ૧ કેન્દ્રની કર આવકનો GDPમાં હિસ્સો (%)**

| વર્ષ | હિસ્સો (ટકામાં) |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૮.૫ |
| ૨૦૦૩-૦૪ | ૯.૦ |
| ૨૦૦૪-૦૫ | ૯.૪ |
| ૨૦૦૫-૦૬ | ૯.૯ |
| ૨૦૦૬-૦૭ | ૧૧.૦ |
| ૨૦૦૭-૦૮ | ૧૧.૯ |
| ૨૦૦૮-૦૯ | ૧૦.૮ |
| ૨૦૦૯-૧૦ | ૯.૬ |
| ૨૦૧૦-૧૧ | ૧૦.૨ |
| ૨૦૧૧-૧૨ | ૯.૯ |
| ૨૦૧૨-૧૩ | ૧૦.૨ |
| ૨૦૧૩-૧૪ | ૧૦.૨ |
| ૨૦૧૪-૧૫ | ૧૦.૬ |

સ્રોત : આર્થિક સર્વે ૨૦૧૪-૧૫

કોઠા નં. ૧માં દર્શાવ્યા પ્રમાણે ૨૦૦૨-૦૩માં કેન્દ્રની કર આવકનો GDPમાં હિસ્સો ૮.૫ ટકા જેટલો હતો. આ હિસ્સો ૨૦૦૭-૦૮માં ૧૧.૯ ટકા જેટલો હતો. જ્યારે ૨૦૧૪-૧૫માં તે હિસ્સો ઘટીને ૧૦.૬ ટકા થયો હતો. આમ, કેન્દ્રની કર આવકનો GDPમાં જે હિસ્સો છે તેમાં મોટો ફેરફાર જોવા મળતો નથી. કરના દરમાં ફેરફાર કરવાથી વસ્તુઓ અને સેવાઓના ભાવ, સરકારની આવક તેમજ સમગ્ર અર્થતંત્ર પર તેની અસરો જોવા મળે છે. અંદાજપત્રમાં કરમાં શું ફેરફારો કરવામાં આવ્યા છે અને અર્થતંત્ર પર શું અસર પડશે તે નીચે દર્શાવેલ છે.

**કંપની વેરો :**

ભારતમાં કોર્પોરેટ વેરો ૩૦ ટકાના દરે પ્રવર્તમાન હતો. આ દર બીજા એશિયન સ્થાનિક ઉદ્યોગોની સ્પર્ધાત્મકતામાં ઘટાડો કરે છે. સ્થાનિક ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપવા માટે તેમજ સ્થાનિક ઉદ્યોગો સ્પર્ધામાં ટકી રહે તે માટે કોર્પોરેટ વેરો ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યો છે. અહીં એ બાબત ખૂબ જ મહત્ત્વની છે કે ભાગીદારી પેઢી, વ્યક્તિગત પ્રોપરાઇટર, હિંદુ અવિભક્ત પેઢી માટે વેરાનો દર ૩૦ ટકા જેટલો યથાવત રાખવામાં આવ્યો છે. તેમના માટે કોર્પોરેટ વેરામાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. સરકાર દ્વારા તેવી દલીલ કરવામાં આવી છે કે જો કોર્પોરેટ વેરામાં ઘટાડો થશે તો મૂડીરોકાણમાં વધારો થશે, આર્થિક વૃદ્ધિ થશે તેમજ સ્થાનિક ઉદ્યોગો વધુ સ્પર્ધાત્મક બનશે જેના કારણે રોજગારીનું નિર્માણ થશે.

આ વેરામાં જે ઘટાડો થયો છે તેની ભરપાઈ કરવા માટે સેવા વેરો વધારવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં કોર્પોરેટ વેરામાંથી પ્રાપ્ત થયેલી કુલ આવક રૂ. ૪૧.૯૫ લાખ કરોડ હતી. કોર્પોરેટ વેરામાં ઘટાડો થવાને કારણે સરકારને પ્રાપ્ત થતી આવક ઘટશે. અહીં એ બાબત પણ ખૂબ જ મહત્ત્વની છે કે કોર્પોરેટ વેરાની અસરકારક વસૂલાત માત્ર ૨૩ ટકા જ છે. વેરામાં અપાતી છૂટછાટોના કારણે સંપૂર્ણપણે વેરો ઉઘરાવી શકાતો નથી. આથી સરકારને નુકસાન જાય છે.

ભારતમાં આવકવેરા ધારો ૧૯૬૧ હેઠળ કોર્પોરેટ આવક વેરો નાંખવામાં આવે છે. આ વેરો નોંધાયેલ કંપની અને નિગમના નફા પર નાંખવામાં આવે છે. જે કંપનીઓની આવક રૂ. ૧ કરોડથી વધારે અને રૂ. ૧૦ કરોડથી ઓછી હોય તેના પર ૭ ટકા સરચાર્જ નાંખવામાં આવશે.

કેન્દ્ર સરકારની કંપની વેરાની આવક કેટલી છે તે કોઠા નં.૨માં દર્શાવ્યું છે.

**કોઠા નં. ૨ : કેન્દ્રની કંપની વેરાની આવક**

**(રૂ. લાખ કરોડમાં)**

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૨.૯૯ |
| ૨૦૧૧-૧૨ | ૩.૨૩ |
| ૨૦૧૨-૧૩ | ૩.૫૬ |
| ૨૦૧૩-૧૪ | ૩.૯૫ |
| ૨૦૧૪-૧૫ | ૪.૫૧ |

**નોંધ :** ૨૦૧૩-૧૪ના આંકડા કામચલાઉ છે. ૨૦૧૪-૧૫ના આંકડા બજેટ અંદાજ છે.

સ્રોત : આર્થિક સર્વે ૨૦૧૪-૧૫

કેન્દ્રની કંપની વેરાની આવક ૨૦૧૦-૧૧માં રૂ. ૨.૯૯ લાખ કરોડ હતી જે ૨૦૧૪-૧૫માં વધીને રૂ. ૪.૫૧ લાખ કરોડ થઈ છે. ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં આ વેરામાં ૫૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આથી સરકારની કંપની વેરાની આવકમાં ઘટાડો થશે.

**સંપત્તિ વેરો**

સંપત્તિ વેરો એ પ્રત્યક્ષ કર છે. સંપત્તિની માલિકીમાંથી મળતા લાભો ઉપર આ વેરો નાંખવામાં આવે છે. આ વેરો સંપત્તિ વેરા ધારો - ૧૯૫૭ હેઠળ લેવામાં આવે છે. તેમજ આ વેરાનું તમામ વહીવટી કામ આવક વેરા વિભાગ સંભાળે છે. સંપત્તિ વેરો ઉત્પાદકીય અસ્કયામતો પર નાંખવામાં આવતો નથી. એટલે કે સોર્સમાં ડિબેન્ચર્સ, મ્યુચ્યુઅલ ફંડમાં કરેલા મૂડીરોકાણ પર સંપત્તિ વેરો નાંખવામાં આવતો નથી. સંપત્તિ વેરા પ્રમાણે હિંદુ વ્યક્તિ કે હિંદુ અવિભક્ત કુટુંબ કે જેની સંપત્તિ રૂ. ૩૦ લાખથી વધારે હોય તેની ઉપર સંપત્તિ વેરો નાંખવામાં આવે છે. ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં નાણાંમંત્રીએ સંપત્તિ વેરો સંપૂર્ણપણે નાબૂદ કર્યો છે, તેમજ તેના બદલે જેની આવક રૂ. ૧ કરોડથી વધારે હશે તેની ઉપર વધારાનો ૨ ટકાનો સરચાર્જ નાંખવામાં આવશે.

સંપત્તિ વેરો નાબૂદ કરવાનું મુખ્ય કારણ એ છે કે તેનાથી ખૂબ જ ઓછી આવક સરકારને પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત આ વેરાને કારણે સરકારને વહીવટી ખર્ચનો બોજો આવે છે. ૨૦૧૩-૧૪માં સંપત્તિ વેરાથી સરકારને માત્ર રૂ. ૧૦૦૮ કરોડની આવક પ્રાપ્ત થઈ હતી. સરકારે આ વેરો નાબૂદ કર્યો છે. આથી તેની આવકમાં ઘટાડો થશે, પરંતુ વધારાના ૨ ટકાના સરચાર્જના કારણે રૂ. ૯,૦૦૦ કરોડની આવક પ્રાપ્ત થવાનો અંદાજ છે. જેમની પાસે વધારે સંપત્તિ છે અને જેઓ ધનિક છે તેમણે વધારે વેરો ભરવો જોઈએ તે હેતુથી ૨ ટકાનો વધારાનો સરચાર્જ નાંખવામાં આવ્યો છે. આમ, જે વ્યક્તિની આવક રૂ. ૧ કરોડથી વધારે અને જે કંપનીઓની આવક રૂ. ૧ કરોડથી રૂ. ૧૦ કરોડની વચ્ચે છે તેમની પર ૧૨ ટકાના દરે સરચાર્જ વસૂલ કરવામાં આવશે.

**સેવા વેરો**

સેવા વેરો ૨૦૦૩માં દાખલ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં અમુક નિશ્ચિત સેવાઓ ઉપર જ તે કર નાંખવામાં આવતો હતો. પરંતુ વર્ષ ૨૦૧૨થી નિશ્ચિત કરેલી અમુક સેવાઓ સિવાય તમામ સેવાઓ ઉપર સેવા વેરો નાંખવામાં આવે છે. ૨૦૧૨-૧૩માં સેવા વેરાની આવક રૂ. ૧.૩૨ લાખ કરોડ હતી. સેવા વેરાનો દર ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં ૧૨.૩૬ ટકા થી વધારીને ૧૪ ટકા કરવામાં આવ્યો છે. તેમજ ૨ ટકાની સ્વચ્છ ભારતની સેસ પણ સેવા વેરા પર લેવામાં આવશે. સેસમાંથી પ્રાપ્ત થતી આવકનો હિસ્સો રાજ્ય સરકારોને આપવામાં આવશે. ચોખા, કઠોળ, દૂધ, મીઠું અને દૂધ સિવાયની તમામ વસ્તુઓને સેવા વેરામાં આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત મનોરંજનના જે શો માટેની ટિકિટ રૂ. ૫૦૦ થી વધુ હોય તેના પર પણ સેવા વેરો નાંખવામાં આવશે. નાના પાયાના પુરવઠાકારની કુલ આવક જો રૂ. ૧૦ લાખથી ઓછી હોય તો તેને સેવા વેરો ભરવાનો રહેતો નથી. આરંભમાં સેવા વેરો માત્ર ત્રણ સેવાઓ ઉપર નાંખવામાં આવતો હતો. ૨૦૧૨માં ૧૧૯ સેવાઓ ઉપર સેવા વેરો નાંખવામાં આવે છે. સેવા વેરામાં વધારો થવાને કારણે સરકારની કરવેરાની આવકમાં વધારો થશે. બેંકો લોન કે ધિરાણ પરની આવક સિવાય તે બીજી સેવાઓ પૂરી પાડે છે, તેની પર સેવા વેરો વસૂલી શકે છે. દા.ત. ATMની સુવિધા, બેંક ખાતાંઓની જાળવણી, નાણાંની તબદિલી વગેરે. સેવા વેરામાં વધારો થવાને કારણે બેંકો પણ જે સેવાઓ પૂરી પાડે છે, તેની ઉપર નાંખવામાં આવતા વેરાનો દર વધારશે. અહીં એ બાબત પણ નોંધવા જેવી છે કે સેવા વેરા પર શિક્ષણ સેસ ૨ ટકા અને ઉચ્ચતર માધ્યમિક સેસ ૧ ટકા યથાવત્ રાખવામાં આવ્યો છે. આ બંને સેસ સેવા વેરાના દર ઉપર નાંખવામાં આવ્યા છે. જ્યારે સ્વચ્છ ભારત સેસ કે જે ૨ ટકાના દરે વસૂલવામાં આવશે તે સેવાની કિંમત ઉપર નાંખવામાં આવ્યો છે.

સેવા વેરામાં વધારાની અસરો જોતાં

સ્પષ્ટ રીતે જણાય છે કે તેનો બોજ દેશના સામાન્ય નાગરિક પર પડવાનો છે. તેના જીવન જરૂરિયાત ખર્ચમાં વધારો થશે કે જેની અસર સીધી જ રીતે તેના જીવન પર પડશે. કેન્દ્ર સરકારને સેવા વેરામાંથી કેટલી આવક પ્રાપ્ત થાય છે તે કોઠા નં-૩માં દર્શાવ્યું છે.

**કોઠા નં. ૩ : કેન્દ્રની સેવા વેરાની આવક (રૂ. લાખ કરોડમાં)**

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૦.૭૧ |
| ૨૦૧૧-૧૨ | ૦.૯૮ |
| ૨૦૧૨-૧૩ | ૧.૩૩ |
| ૨૦૧૩-૧૪ | ૧.૫૫ |
| ૨૦૧૪-૧૫ | ૨.૧૬ |

**નોંધ :** ૨૦૧૩-૧૪ના આંકડા કામચલાઉ છે. ૨૦૧૪-૧૫ના આંકડા બજેટ અંદાજ છે.

સ્રોત : આર્થિક સર્વે ૨૦૧૪-૧૫

કેન્દ્ર સરકારની સેવા વેરાની આવક ૨૦૧૦-૧૧માં રૂ. ૦.૭૧ લાખ કરોડ હતી જે ૨૦૧૪-૧૫માં વધીને રૂ. ૨.૧૬ લાખ કરોડ થઈ હતી. એટલે કે સરકારને સેવા વેરામાંથી પ્રાપ્ત થતી આવકમાં વધારો થયો છે. ૨૦૧૨-૧૩માં કેન્દ્રની સેવા વેરાની આવક રૂ. ૧.૩૩ લાખ કરોડ છે. જ્યારે તે જ વર્ષે ૨૦૧૧-૧૨ને આધાર વર્ષ ગણતાં ચોખ્ખી રાષ્ટ્રીય આવક (NNP) રૂ. ૮૧.૯૩ લાખ કરોડ હતી. એટલે કે સેવા વેરાની કુલ આવકમાં ફાળો માત્ર ૧.૬૨ ટકા છે. જ્યારે સેવા ક્ષેત્રનો GDPમાં ફાળો લગભગ ૬૪ ટકા છે. એટલે કે સેવા ક્ષેત્રમાંથી સરકારને પ્રાપ્ત થતી આવક ખૂબ જ ઓછી છે. સેવા વેરાની આવકમાં વધારો કરવા માટે જ સરકારે સેવા વેરામાં વધારો કર્યો છે.

**આબકારી જકાત**

આબકારી જકાત એ પરોક્ષ કર છે. દેશની અંદર ઉત્પન્ન થતી વસ્તુઓના ઉત્પાદન કે વેચાણ ઉપર આબકારી જકાત નાંખવામાં આવે છે. ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં તેમાં કરવામાં આવેલા ફેરફારો નીચે મુજબ છે :

૧. ઠંડા પીણાં ઉપરની આબકારી જકાત ૧૨ ટકાથી વધારીને ૧૮ ટકા કરવામાં આવી છે. આથી બજારમાં ઠંડાં પીણાંની કિંમતમાં વધારો થશે.

૨. કેન્દ્રીય આબકારી જકાત ૧૨.૩૬ ટકા વધારીને ૧૨.૫૦ ટકા કરવામાં આવી છે.

૩. પાનમસાલા પરની આબકારી જકાત ૧૨ ટકાથી વધારીને ૧૬ ટકા કરવામાં આવી છે. તમાકુ પરની આબકારી જકાતમાં પણ ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તેની પર નાંખવામાં આવતી આબકારી જકાત ૫૦ ટકાથી વધારીને ૫૫ ટકા કરવામાં આવી છે. આ જકાતોમાં વધારો કરવાનો હેતુ એ છે કે તેમની બજાર કિંમતોમાં વધારો થશે. એટલે કે આ તમામ વસ્તુઓ મોંઘી બનશે કે જેથી તેની વપરાશ ઘટશે અને આથી સામાજિક કલ્યાણમાં વધારો થશે.

૪. જો ચામડાનાં પગરખાંની કિંમત રૂ. ૧૦૦૦ થી વધારે હોય તો તેના પરની આબકારી જકાતમાં ૬ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. તેના પર નાંખવામાં આવતી આબકારી જકાત ૧૨ ટકાથી ઘટાડીને ૬ ટકા કરવામાં આવી છે. આથી તે વસ્તુ બજારમાં પહેલાં કરતાં સસ્તી કિંમતે ઉપલબ્ધ થશે.

૫. મોબાઈલ ફોન, પાણી, સિગારેટ વગેરે પર નાંખવામાં આવતી આબકારી જકાતમાં ૧ ટકાથી ૫ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આથી આ વસ્તુઓની કિંમતમાં વધારો થશે.

લેખક સૅન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં મુલાકાતી પ્રાધ્યાપક છે.

**યોજના આગામી આકર્ષણ**

**મે : ૨૦૧૫**
**પ્રવાસન તંત્ર**

**જૂન : ૨૦૧૫**
**વૈકલ્પિક દવાઓ (Alternative Medicine)**

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# મહાપથિક
# ડો. બાબાસાહેબ આંબેડકરનું શબ્દચિત્ર

• નટવર ગોહેલ •



વાત છે મહાપથિકની. વાત છે મહામાનવની. જીવન છે દિવ્ય વિભૂતિનું. ૧૪ એપ્રિલ, ૧૮૯૧ની રાત્રે મધ્યપ્રદેશના મહુ વિસ્તારની એક લશ્કરી છાવણીમાં ખુશીનું વાતાવરણ હતું. પિતા રામજી સકપાલ અને માતા ભીમાબાઈના હૈયે આનંદના ઓઘ ઉછળતા હતા. ભીમાબાઈએ રૂપકડા પુત્રરત્નને જન્મ આપ્યો હતો.

દીકરાનું નામ ભીમરાવ. ભીમરાવના પિતા રામજી સકપાલ લશ્કરમાં સુબેદાર હતા. તેમના પૂ. પિતાજી માલોજી સકપાલ લશ્કરમાં સૈનિક તરીકે સેવા આપી ચૂક્યા હતા. એ સમાજમાં આંબેડકરનું અવતરણ અને ત્યાર પછીનો તેમનો શૈશવકાળ અને યુવાવસ્થા પછીનો સામાજિક સંઘર્ષ અને તેમના વિચારો મનન-મંથન અને ચિંતન માગી લે છે. અહીં પ્રસ્તુત છે જુદા જુદા સમયકાળ વખતે આંબેડકરે વ્યક્ત કરેલા તેમના વિચારો, મત અને મંતવ્યો !

ઈતિહાસપુરુષ ડૉ. આંબેડકરનું શબ્દચિત્ર કંડારવું અઘરું ગણાય. આ એક એવી દિવ્ય પ્રતિભા છે જે શરૂથી જ ઓજસ્વી છે, એને રંગોની કશી જરૂર નથી. સૂરજ કદી છાબડે ઢાંકી શકાયો નથી. તેનાં તેજ છૂપાં રહી શકે નહીં, એ રીતે બાબાસાહેબનું તેજ આજેય તેની ચોક્કસ આબોહવામાં જૈસે થે છે. વિરલ વિભૂતિ ડૉ. આંબેડકરને સન્માનવા માટેના અનેક વિશેષણો છે, અલબત્ત, કોઈ સન્માન, બહુમાન તેમના નામ અને કર્મથી ઊંચું નથી.

આર્થિક, સામાજિક ગરીબાઈની વચ્ચે રહી એમાંય ટાંચાં સાધનો સાથે પગરણ માંડનાર આ વિભૂતિએ સદૈવ સમાજજીવનના તાણાવાણાને ગૂંથવાનું અને સમજવાનું કામ કર્યું અને ખુદનું દૈવત દાખવ્યું.

રાજનીતિક અને કાનૂની બાબતોમાં ડૉ. આંબેડકરની વિદ્વત્તા અને પંડિતાઈ નોંધનીય બની રહે તે સ્વાભાવિક ગણાય. તેમના વિશાળ અને તેજસ્વી લાંબા જીવનનો કયો પ્રસંગ લેવો અને કયો નહીં તેની મથામણ અને મૂંઝવણ લેખનપ્રક્રિયા દરમિયાન અવશ્ય થાય.

ડૉ. બાબાસાહેબ આંબેડકર જગત સેવકોની આગલી હરોળનું નામ છે, તેમની મૂલવણી લાંબુ ગહન ચિંતન માંગી લે છે. એમના વિચારો ઝીલવા માટેય વિશાળ હૃદય જોઈએ. કાનૂની ગૂંચ ઉકેલવાની તેમની પ્રતિબદ્ધતા સરાહનીય હતી.

જીવનના છેલ્લા શ્વાસ સુધી ઝૂઝનાર ડૉ. ભીમરાવ આંબેડકર અટલ અને અડગ વિચારથી દોડતા રહેતા હતા. કચડાયેલા, પછાત અને છેવાડાના જણની એમણે સદૈવ ચિંતા કરી હતી. તેઓ પાસે લોકજીવનના ઉદ્ધાર માટેનું ઘણું વિશાળ વિચારભાથું હતું. ડૉ. ભીમરાવ આંબેડકરના અથાક પ્રયાસોના ભાગરૂપે જાગૃતિનો નવો ઉજાસ રેલાયો હતો.

તેઓ સાચે જ પ્રજા-જાગૃતિની દિશામાં ઉત્તમ કામ કરી ગયા. ભારત દેશની એકતા માટે આંબેડકરે ખૂબ ચિંતા કરી હતી. તેમણે કાશ્મીર પ્રશ્ને પોતાની ચિંતા પ્રગટ કરી હતી. પોતાના તે સંદર્ભે વિચારો પણ પ્રગટ કર્યા હતા.

લખનૌ વિશ્વવિદ્યાલયના જિજ્ઞાસુ

વિદ્યાર્થીઓ સમક્ષ એમણે કહ્યું હતું : આપણે કાશ્મીરને બચાવવું જોઈએ, કાશ્મીરને બચાવવા માટે આપણે આપણા નાગરિકોને બચાવવા પડશે. તે સમયે તેમણે આ મુદ્દે વિશેષમાં કહ્યું હતું : કાશ્મીરની સમસ્યાના ઉકેલ માટે રસ્તો સાવ કઠિન નથી. આ ભૂભાગનું ભારતમાં સંપૂર્ણ રીતે વિલીનીકરણ થવું જોઈએ. ત્યાંથી નિરાધાર બનીને ભાગતા નાગરિકોને બચાવવા પડશે. બૌદ્ધોનું પણ રક્ષણ કરવું પડશે.

ડૉ. આંબેડકરે દલિતો તથા આદિવાસીઓને કેન્દ્રમાં રાખીને જે વાત કરી, તે મનન્ય અને ચિંતન કરવા પ્રેરે તેવી છે : દલિતો તથા આદિવાસીઓને દૂર રાખીને એક પણ પાર્ટી સાચા અર્થમાં રાષ્ટ્રીય પાર્ટી બની શકે નહીં.

આજે આપણા દેશમાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારાનો માનવ માનસ ઉપર પ્રભાવ પડ્યો છે. આ વિચારધારાના અનુયાયી જો ડૉકટર ભીમરાવ આંબેડકર દ્વારા પ્રસ્તુત કરાયેલ શરતોનું પાલન કરશે તો એમાં દેશનું હિત હશે એમ અભ્યાસુઓ કહે છે.

ન્યાય કલ્પનાની બાબતમાં રાષ્ટ્રીય સહમતિ પેદા કરવી એમનું મિશન હતું. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને ડૉ. ભીમરાવનો માનવવાદ વાસ્તવમાં સમાનાર્થી વિચાર છે. ટૂંકમાં રાષ્ટ્રવાદી સંગઠન સર્વસ્પર્શી ત્યારે જ વિજયી બને જ્યારે ગામોમાં વસવાટ કરતા અલ્પ જમીનધારક કૃષિકારો તથા જાહેરમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો અને શ્રમિકો જાગૃત થાય. એ તો આજની તાતી જરૂરિયાત છે.

ડૉ. ભીમરાવ આંબેડકરે સંવિધાન સભામાં કહ્યું હતું : સામાજિક અને આર્થિક સમતા જ રાજનીતિક સમતાને ટકાવી રાખે છે. ત્યારે એમની વ્યવસ્થાભિમુખ વ્રતનું નવું પ્રમાણ સાંપડે છે. આ વ્રતની પૂર્તિ માટે સવર્ણોએ શું વિચારવું જોઈએ એ અંગે પણ ઉત્તર આપ્યો. ડૉ. ભીમરાવ પોતે માનતા હતા કે સામાજિક અને આર્થિક સમતા ઉત્પન્ન કરવા માટે જો સવર્ણ પહેલ કરે તો વ્યવસ્થાની એક મહત્ત્વની શરત પૂરી થવાની સંભાવના છે. અનેક સંસ્થાઓમાં નોકરીઓ તથા શિક્ષણ ક્ષેત્રમાં આરક્ષણની વ્યવસ્થા કરવાના કારણે દલિત સમાજને સંરક્ષણ મળશે. આમ થાય તો અત્યાર સુધી અછૂતોએ વેઠેલા દર્દ અને પીડાને એક મધુરો સ્પર્શ આપ્યો ગણાશે.

તેમણે કહ્યું હતું : શું સવર્ણ ભાઈ-બહેન થોડાં વર્ષો માટે આરક્ષણનું સમર્થન કરશે ખરા ? ડૉ. આંબેડકરે આ શરત મૂકી હતી. અબ્રાહમ લિંકને અમેરિકન ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ કામગીરી અદા કરી હતી. દેશ અખંડ અને એકાત્મ રહે એ જ ઈચ્છા એમણે રાખેલ. છેવટે એ મહાપુરુષ શહીદ થયા પણ અમેરિકા અખંડ અને એકાત્મક બની રહેશે.

ડૉ. બાબાસાહેબે કહ્યું હતું : લિંકન સંધિને કેવળ ભૌગોલિક એકતા જ વહાલી હતી, એમ માનવું ભૂલભરેલું છે. ગોરા-કાળા લોકોના પ્રશ્નો દેશને છિન્ન-ભિન્ન કરી નાખે તેવી ફિકર તેમને હતી. અમેરિકા દેશ સમાજ બંધુભાવમાં જોડાયેલો રહે એ જ એક માત્ર અબ્રાહમ લિંકનનું સ્વપ્ન હતું.

ડૉ. ભીમરાવ આંબેડકરે લિંકનના બલિદાનના સામાજિક યોગદાન તરફ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. તેમણે ભારતના સવર્ણ ભાઈ-બહેનોને દલિત સમાજ પ્રત્યે કરુણા ભાવ વ્યક્ત કરવા માટે આહ્‌વાન કર્યું હતું. જ્યોતિબા ફુલેએ પણ દેશને એક સૂત્રે અને તાંતણે બાંધવા સૌને ''એક જ સમાજ'' જેવી પરિભાષા આપી હતી.

જગતમાં થઈ ગયેલા ચિંતકો, બૌદ્ધિકો સંતો-મહંતોએ અને વિચારકોએ ધર્મ વિશે ઘણી વ્યાખ્યાઓ કરી છે, ઘણા અર્થો પણ તારવ્યા છે. આમ છતાં ધર્મ એ અવ્યાખ્યેય રહ્યો છે. ધર્મ એ સંસ્કૃત શબ્દ છે, 'ધૃ - ધારયતિ ઈતિ ધમઃ' ધૃ ધાતુ પરથી આ શબ્દ ઊતરી આવ્યો છે. ધૃ એટલે ધારણ કરવું, ટકાવી રાખવું. ધર્મ એ વ્યક્તિને, સમાજને - રાષ્ટ્રને સમગ્ર જીવનને ધારણ કરનાર, રક્ષણ કરનાર શક્તિ છે.

ડૉ. આંબેડકર આવા ગહન વિચારના પ્રેરક હતા. તેમનો અવાજ સદૈવ સત્યની તરફેણ કરતો. તેમના અવાજને અને વિચારને કોઈ રુંધી શકતું નહીં. અરે, વિધાનસભામાં પણ તેમનો અવાજ વહેતો રહેતો. તેમના દ્રઢ વિચાર અને તટસ્થ શ્રદ્ધાભાવના પરિપાકરૂપે વિધાનસભામાં એક ખરડો પસાર કરાયો, એ ખરડા પ્રમાણે અસ્પૃશ્યતાનો હિન્દુ સમાજનો કાયદો રદ બાતલ થયો, એટલું જ નહીં, પણ અસ્પૃશ્યતાના પ્રશ્ને

અન્યાય કરવો એ ભયંકર ગુનો પણ ગણાયો.

ડૉ. ભીમરાવ આંબેડકરે એક સમયે હકડેઠઠ સભામાં પ્રભાવી સૂર સાથે કહ્યું હતું : "જો સોવિયેત સંઘ, યુગોસ્લાવિયા, ઝેકોસ્લોવેકિયા વગેરે બહુભાષી, બહુધર્મી તથા બહુવિધ સમૂહોથી ભરેલા દેશો માની જાય છે તો ભારત પણ એક રાષ્ટ્ર છે, આ રાષ્ટ્રે પણ એક નાના જૂથ માટે તેમના હક્કો પર સ્વીકારની મહોર મારવી જોઈએ, એમાં વાંધો પણ શું હોઈ શકે ? ભારતની વિવિધતામાં એકાત્મતા છે, એ સાંસ્કૃતિક એકાત્મતાના પરિણામ સ્વરૂપે ભારત એક રાષ્ટ્ર છે. આ એક રાષ્ટ્રને ત્યારે જ ગૌરવ મળી શકે જ્યારે તમામ વર્ગો એક થાય, એક થઈને કામ કરશે."

બાબાસાહેબ હંમેશાં જે પ્રવૃત્તિ હાથ ધરતા તેને તેઓ પૂરી કરીને જ રહેતા. એક જ સમયે એક જ કામ કરતા, અને તેને વ્યવસ્થિત રીતે પૂરું કરતા. કામ પૂર્વે શંકા-કુશંકા કરતા નહીં. તેમના મનમાં ક્યારેય નકારાત્મક વિચાર પેદા થતો નહીં.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે રાજનીતિના ક્ષેત્રે પણ ઘણું જતું કર્યું હતું. અંગત સ્વાર્થ અને પ્રસિદ્ધિની તેમણે ક્યારેય ચિંતા કરી ન હતી. હંમેશાં તંદુરસ્ત વિચારધારા સાથે અગ્રેસર થતા. પોતાના હિત કરતાં અન્યનું કલ્યાણ ઇચ્છતા.

ભૂતકાળમાં 'અછૂતકન્યા' અને 'અંન્કલ ટોમ' જેવી ફિલ્મો જોઈને તેમની આંખો સજળ બની ગઈ હતી. તેમને પૌરાણિક કથાઓમાં રસ પડતો. તેમની વાતો અને વિચારોમાં પૌરાણિકકથાઓ પ્રત્યેનો રસ ઊપસી આવતો. વાંચન કરતાં કરતાં તેઓ ભોજન કરતા.

આંબેડકરના અંગત પુસ્તકાલયમાં ઘણાં બધાં પુસ્તકો હતાં. તેઓ કહેતાં 'ભારતની સર્વ સંપત્તિ મારા ગ્રંથપ્રેમ સામે એકદમ તુચ્છ છે'.

ડૉ. આંબેડકરે તે સમયકાળમાં શોષિત, પીડિત, દલિત તથા શ્રમજીવી-ઓના ઉત્કર્ષ અને ઉત્થાન માટે ભગીરથ અભિયાન શરૂ કરી દીધું હતું. કોઈકે કહ્યું : તમે સતત દોડધામ કરો છો તેના બદલે આરામ કરો, પછી આગળ વધો.

ડૉકટર આંબેડકરે કહ્યું હતું : મેં દૃઢ વિચાર સાથે જ દલિતોના ઉદ્ધાર માટે ગતિ કરવાનું નિર્ધારિત કર્યું છે. હું દલિતોને સમર્પિત છું.

એમની વાણી કેટલીક વાર જલદ બની જતી. જો કે તે હૃદયસ્પર્શી તો રહેતી જ. તેમના સમાજસેવી વિચારો ચિંતકોને પણ સ્પર્શી જતા. એમણે એક વાર કહ્યું હતું : તમે જાગો, ઊઠો અને શિક્ષિત બનો, સંગઠિત બનો અને ધ્યેયપ્રાપ્તિ માટે પરિશ્રમ કરો. અન્યાયને પડકારો, ક્યારેય સિતમખોર સામે ઝૂકવું નહીં.

દૃઢ વિચાર અને દૃઢ નિર્ધાર !<br>
બસ અગ્રેસર થાવ,<br>
સમર્પિત બનો.

ત્યાગ આપો. સમર્પિત થઈને બંધુત્વ ભાવને વધુ દૃઢ બનાવો. તેઓએ કહ્યું હતું : આપણે હવે ઊંઘ ત્યજવી પડશે. ખૂબ જ ભણો, હોશિયાર થાય. તમે જ તમારી કેડી કંડારો. મને ખાતરી છે કે તમે તમારી અંદરના રાહબરને જરૂર જગાડશો અને ભીતરમાં પોઢેલા પથિકને બેઠો કરશો.

તેઓ કહેતા : જાગો બંધુ ! જાગો, હવે બહુ થયું. ઘણું સહન કર્યું. જરા ખમૈયા કરો, અમે તમારા ગુલામ નથી. આ કુદરતી ઝાડ, પાન, ફૂલ ઉપર તમારો ઈજારો નથી, આ હવા પર તમારું માલિકીપણું ક્યાંથી આવ્યું ? કોણે બક્ષ્યું ?

આંબેડકર ન્યાયની વાત કરતા, સહયોગની વાત કરતા અને સમાન અધિકારોની વાત કરતા. તેઓ કહેતાંઃ "અન્યાય હવે જરા પણ ચલાવી લેશું નહી, દેશમાં અન્યને જે મળે છે તે તમને પણ મળવું જોઈએ ? તમારું પણ એક મકાન હોય. હવા-પાણી પર તમારો અધિકાર હોય."

એક વાર મલબારથી સંદેશો આવ્યો : "તમે આ તરફ આવી જાવ, અહીંના દલિતોને પારાપાર તકલીફો અપાય છે. તમે જરૂરથી આવજો !

સંદેશો મળતાં જ આંબેડકર ઊપડી ગયા અને મલબાર આવીને એમણે સરસ રીતે આખીય પરિસ્થિતિનો અભ્યાસ શરૂ કરી દીધો હતો.

મલબારમાં અન્યાયનું હવામાન સર્જાયેલું હતું. સ્ત્રી-પુરુષની દશા જોઈ તેમની આંખો ભીની બની ગઈ હતી. આંબેડકરે ઘરે ઘરે જઈને દલિતોને ભણવાનો બોધ આપ્યો. દુઃખ વેઠો પણ

ભણવાનું શરૂ કરો. સંકટ વેઠો પણ શિક્ષણ મેળવો.

એમણે લોકોને કહ્યું : ''એક બ્રાહ્મણ ગરીબ હોવા છતાં તેની દીકરી કે દીકરાને ભણાવે છે. તમે પણ તમારા સંતાનોને ભણાવી શકો છે. ક્યારેક લોકો ભૂખ-દુઃખ વેઠીને સંતાનોને ભણવા બેસાડે છે. ત્યાર પછી તેમને શાળા, કૉલેજ અને યુનિવર્સિટી સુધી પહોંચાડે છે. કષ્ટ વિના સુખ મળતું નથી. મજૂરીને લમણેથી દૂર કરવી હોય અને હડધૂત થતા અટકવું હોય તો શિક્ષણનો માર્ગ પકડો. આ શિક્ષણ જ તમને તમારા અધિકારો અપાવશે.''

૧૯૨૭માં કોરેગાંવના યુદ્ધ સ્મારક પર દલિતબંધુઓની એક જાહેરસભા યોજાઈ. આ વિશાળ સભામાં બાબાસાહેબે કહ્યું : આપણા ભાઈઓએ બ્રિટિશ સેનામાં તનતોડ સેવા આપી છે. હવે એ જ વર્ગનું લશ્કર પ્રવેશ માટે મુખ ફેરવી રહ્યું છે. આ બરાબર નથી. ચલાવી શકાય નહીં. આપણે આપણા અધિકાર માટે લડીશું.''

એ અરસામાં મહાડમાં અછૂતોની સ્થિતિ દયનીય હતી. તેઓ ઘણા પ્રકારે દુઃખી હતા. તેઓ બધા ભય વચાળે જીવતા હતા. અછૂતો એક તળાવેથી પાણી મેળવી શકે નહીં. ખોંખારો સુદ્ધાં ખાઈ શકે નહીં. મહાડના તળાવે કૂતરો, ગાય, ભૂંડ, ભેંસ પાણી પી શકતાં, દલિતને ત્યાં પાણી મળતું નહીં.

ડૉ. આંબેડકરે મહાડના તળાવને દલિતો માટે ખુલ્લું કરવા માટે અભિયાન શરૂ કર્યું, એટલું જ નહીં, તે તળાવને ખુલ્લું પણ મૂક્યું.

તેઓએ કહ્યું હતું : ''હવા-પાણી કુદરતનાં સર્જનો છે, તેની ઉપર કોઈ એક વર્ગનો અધિકાર નથી, પ્રભુની કૃપાપ્રસાદી પર સૌનો સરખો સમાન અધિકાર છે.''

આ એક મોટી અને મહાન ચળવળ હતી. સૌ કોઈ આશ્ચર્યચક્તિ બની ગયા હતા.

ધનંજય કિર નામના સદ્‌ગૃહસ્થ લખે છે : ''ચેતના માટેની કોઈ પણ ચળવળ કરતા વિશેષ મહત્ત્વની ચળવળ બાબાસાહેબે આરંભેલી મહાડ સત્યાગ્રહની ચળવળ હતી... !''

ધર્માંતરની બાબતમાં ડૉ. બાબાસાહેબે કહ્યું હતું : ''જે ધર્મ તમારી માણસાઈની કિંમત આંકતો નથી તે ધર્મમાં તમે શું કામ પડી રહ્યા છો ? જે ધર્મ તેમને મંદિરમાં પ્રવેશ કરવા દેતો નથી તેમાં તમે શા માટે રહો છો ? જે ધર્મ તમને પાણીથી વંચિત રાખે છે તેને શું કામ વળગી રહો છો ? જે ધર્મ તમને શિક્ષણથી દૂર રાખવાનો પ્રયત્ન કરે છે તેને શું કરવા બાથ ભીડો છો ?''

ડૉ. આંબેડકરે ધર્માંતર પૂર્વે અને તે પછી જે વાતો કરી છે તે સઘળી વાતો, વિચારો અને પ્રવચનો દલિત સમાજ માટે પ્રભાવક અને અસરદાર રહ્યા.

ડૉ. આંબેડકરના ધર્માંતર સામે કેટલાક ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. જુદા જુદા મહાનુભાવોએ તેમના ધર્માંતર વિશે વિવિધ મત પ્રગટ કર્યા હતા. ધર્માંતર પૂર્વે આંબંડકરે દલિત સમાજને સમજાવવાનું શરૂ કર્યું હતું અને તેની અસર પ્રભાવી રહી હતી.

નટવર ગોહેલ જાણીતા લેખક છે.


**યોજના**

**આગામી આકર્ષણ**

**મે : ૨૦૧૫**

**પ્રવાસન તંત્ર**

**જૂન : ૨૦૧૫**

**વૈકલ્પિક દવાઓ**

**(Alternative Medicine)**


### લેખકો માટે અગત્યની સૂચના

**લેખકોને નમ્ર વિનંતી કે, તેઓ યોજના માટેના લેખો શક્ય હોય ત્યાં સુધી કમ્પોઝ કરીને મોકલે અથવા સુવાચ્ય અક્ષરોમાં કાગળની એક જ બાજુ લખીને મોકલે. લેખ મોડામાં મોડા દર મહિનાની ૧૫મી તારીખ સુધીમાં મળી જાય તે રીતે મોકલવા.**

# ઔદ્યોગિક ઉત્પાદનોના વધારા માટે ઉદ્યોગ સાહસિકતા અને વ્યાપક રોજગારી સર્જન જરૂરી

● હરસુખ શાહ ●

ગુજરાત સહિત દેશભરમાં આજે મોટાભાગના મેન્યુફેક્ચરિંગ ખાસ કરીને મધ્યમ કદના અને લઘુ ઉદ્યોગો કાર્યકારી મૂડીથી માંડીને કુશળ કારીગરોની તંગી સુધીની અનેક મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે. તેમાં પણ ગુજરાતમાં રસાયણ ઉદ્યોગ, ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ તથા હીરા ઉદ્યોગે જે હરણફાળ પ્રગતિ કરી છે તેની કદર કરવી જ જોઈએ. રાજ્યમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કાર્યરત હોવા છતાં કમનસીબે ખાસ કરીને રસાયણ ઉદ્યોગનાં એકમો હજી પણ અપવાદરૂપ કિસ્સા સિવાય ઔદ્યોગિક કચરાના નિકાલમાં બેદરકારી સેવી રહ્યા છે. કેટલીકવાર તો શુધ્ધિકરણની પ્રક્રિયા કર્યા વિના નદીઓમાં ઠલવાતા આવા ગંદવાડથી કલુષિત થતા વાતાવરણને કારણે આસપાસની વસતી રોગચાળાનો ભોગ બને છે. જલ્દી કમાઈ લેવાની વૃત્તિથી પીડાતા મધ્યમવર્ગના કેટલાક ઉદ્યોગપતિઓ ઝેરી રસાયણોનું ઉત્પાદન કરતા પણ ખચકાતા નથી. જ્યાં સુધી રોજગારીને લાગવળગે છે ત્યાં સુધી એક વાત તો સ્વીકારવી જ જોઈએ કે લઘુ ઉદ્યોગોએ મોટા ઉદ્યોગોની મશીનરી સ્પેરપાર્ટ્સ વગેરેની જરૂરિયાતો પૂરી કરવા માટે કડીરૂપ બનવું જોઈએ અને મોટા ઉદ્યોગોએ પણ તેમને નાનાભાઈ ગણીને કાર્યકારી મૂડી વગેરેની તેમની જરૂરિયાતો પૂરી કરીને તેમને સહાયભૂત થવું જોઈએ. વળી આજે જ્યારે શિક્ષણનો ફેલાવો વ્યાપક બન્યો છે ત્યારે ખાસ કરીને ૧૦-૧૨ ધોરણથી જ વિદ્યાર્થીઓને ટેક્નિકલ શિક્ષણ તરફ વાળવા જોઈએ. ઘણા વખતથી શિક્ષણને રોજગારલક્ષી બનાવવાની વાતો ચાલે છે ત્યારે દરેક તબક્કે વ્યાવસાયિક શિક્ષણ ઉપલબ્ધ બનાવવાની જરૂર છે. માહિતી ટેક્નોલૉજી ક્ષેત્રે આપણને મળેલી સફળતાએ તો અગાઉ પ્રતિવર્ષ યુનિવર્સિટીઓમાંથી નીકળતા આર્ટ્સના હજારો વિદ્યાર્થીઓને નોકરી માટે વલખાં મારવા પડતા હતા એવી કરૂણ પરિસ્થિતિમાંથી બચાવી લીધા હતા એમ કહીએ તે તેમાં કોઈ અતિશ્યોક્તિ નથી.

**ગુજરાતના ઔદ્યોગિક વિકાસની પૂર્વ ભૂમિકા**

અત્રે ગુજરાત રાજ્યની ૧લી મે, ૧૯૬૦ના રોજ રચના થઈ ત્યારથી મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ ક્ષેત્રે થયેલા વિકાસ પર નજર દોડાવવી અસ્થાને નહીં ગણાય. ગુજરાતને ઔદ્યોગિક અને આર્થિક ક્ષેત્રે ભારતનું ટોચનું રાજ્ય બનાવવાની તેની દોડ જરાય ધીમી પડી નહોતી. અન્ય રાજ્યોની સરખામણીએ સામાજિક શાંતિ અને ગુજરાતની ઉદ્યોગ સાહસિક પ્રજાના લીધે જ કદાચ આ એકધારી પ્રગતિ ચાલુ રહી શકી. છેલ્લાં ૫૫ વર્ષમાં ખેતી અને કાપડ ઉદ્યોગ પરનું અવલંબન ઘટીને નાનાં મોટાં અનેક ઉદ્યોગક્ષેત્રોમાં રાજ્યે હરણફાળ ભરી છે, એમ કહીએ તો ખોટું નથી.

આજે ગુજરાતે કાપડ, રસાયણ અને પેટ્રો રસાયણોમાં બધાંને પાછળ છોડી દઈને એન્જિનિયરિંગ, લોખંડ અને રાસાયણિક ખાતરો સહિત બીજા ઘણા ઉદ્યોગોમાં પોતાની વિકાસયાત્રા ચાલુ રાખી છે. એ વખતે રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્રે ઝડપી વિકાસ માટે રાજ્ય સરકારે સ્થાપેલાં જીઆઈડીસી, જીએસઆઈસી અને જીઆઈઆઈસી અને જીએસએફસી જેવાં નિગમોનો ફાળો પણ ઘણો મોટો હતો. આ સંસ્થાઓએ રાજ્યમાં ઉદ્યોગ સ્થાપવા ઈચ્છતા ઉદ્યોગ સાહસિકોને માત્ર મૂડી જ નહીં, ઉદ્યોગ માટે જમીન, પ્રાથમિક સુવિધાઓ, તાલીમ, કાચો માલ અને બજાર ઉપલબ્ધ કરાવી આપવા સુધીની બહુલક્ષી સેવાઓ બજાવી છે. પૂરી પાડી હતી.

કેન્દ્ર સરકારે દેશની સૌ પહેલી ઔદ્યોગિક વસાહત પણ ઈ.સ. ૧૯૫૫માં રાજકોટમાં ભક્તિનગરમાં સ્થાપીને રાજ્યનો ઔદ્યોગિક વિકાસ સાધવા બળ પૂરું પાડ્યું હતું. ઉદ્યોગ સ્થાપવા માટે ઉત્પાદનની મંજૂરીથી લઈને જમીન ખરીદવી, કારખાનાનું મકાન બાંધવું વગેરે બીજી સગવડો ઊભી કરવી, કામદારો શોધવા અને કાચો માલ, મૂડી તેમજ તૈયાર માલના બજાર સહિતની વ્યવસ્થા કરવાનું કામ ખૂબ કપરું હોય છે. ઉદ્યોગ સાહસિકોની આ તકલીફો દૂર કરવાના હેતુથી જ રાજ્ય સરકારે જીઆઈડીસીની સ્થાપના કરી હતી.

અગાઉ સ્થપાયેલી ત્રણેય વસાહતોના વહીવટથી શરૂ કરીને આ સંસ્થાએ આજે રાજ્યભરમાં સંખ્યાબંધ હજારો કારખાનાં ધમધમતાં થયાં છે અને લોકોને રોજી-રોટી મળતી થઈ છે. રાજ્ય સરકારનાં આ પગલાંથી ઔદ્યોગિક એકમોની સંખ્યામાં ચોક્કસ વધારો થયો, પરંતુ યોગ્ય સંચાલનક્ષમતાના અભાવે અન્ય રાજ્યોની કે વિદેશી કંપનીઓ સાથે માલસામાનની ગુણવત્તા વગેરેની હરીફાઈમાં ગુજરાતના ઉદ્યોગ સાહસિકો ઘણા ઊણા ઊતરતા હતા. પરિણામે, ઘણાં એકમો કાં તો ખોટમાં ચાલતાં હતાં અથવા તો બંધ કરવાનો વારો આવતો હતો.

આ સમસ્યાના ઉકેલ રૂપે જ રાજ્યમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ પણ શરૂ થઈ. આથી ધંધો-ઉદ્યોગ શરૂ કરતાં ઉદ્યોગ સાહસિકોને પૂરતી તાલીમ મળવા લાગી. કેટલાંક માંદાં એકમોને ફરી ચેતનવંતા બનાવવામાં અમદાવાદની ભારતીય વ્યવસ્થાપન સંસ્થા (આઈઆઈએમ) પણ મદદે આવી. હવે તો અમદાવાદ મેનેજમેન્ટ એશોસિએશન અને મોટી સંખ્યામાં મંજૂર થયેલી ખાનગી તબીબી અને એન્જિનિયરિંગ કૉલેજો પણ ઘર આંગણે ઉચ્ચતર શિક્ષણ આપી રહી છે. આ દરમિયાન ગુજરાત અને ભારતને વિશ્વના તેલના નકશા ઉપર મૂકવાનું કામ કરનાર તેલ અને કુદરતી વાયુ પંચ, વડોદરામાં ગુજરાત રિફાઈનરી, તથા આઈપીસીએલ, કલોલ-ગાંધીનગરમાં રાસાયણિક ખાતરનાં કારખાનાં સ્થાપનાર ઈફકો, જીએસએફસી વડોદરા અને જીએનએફસી વડોદરા અને જીએનએફસી નર્મદાનગર વગેરેના આગમન અને વિકાસે ગુજરાતના ઔદ્યોગિક વિકાસને ધમધમતો કરી દીધો.

**ધોલેરા સર પ્રોજેક્ટ રોજગારીની વિપુલ તકોના દ્વાર ખોલી દેશે**

છેલ્લા દાયકા દરમિયાન ગુજરાતે વિકાસની જે મેરેથોન દોડ લગાવી છે અને આંતરમાળખાકીય સુવિધાઓ સહિતના પ્રોજેક્ટોમાં રોજગારી મુખ્ય છે, તેનો નિર્દેશ કરવો જરૂરી છે. ભારત સરકારે ધોલેરા સર ધોલેરા સ્માર્ટ સિટી અને તે અંતર્ગત ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (સર)ના પ્રથમ તબક્કાના વિકાસકાર્યો ઝડપભેર હાથ ધરાય તે માટે રૂ. ૨૪૮૯ કરોડની જંગી રકમ મંજૂર કરતા ધોલેરા વિસ્તારમાં આ દિશામાં કાર્યવાહીનો આરંભ થઈ ગયો છે. ધોલેરા સ્માર્ટ સિટી કે જે દેશના એકસો સ્માર્ટ સિટી પૈકીનું પ્રથમ સ્માર્ટ સિટી બનશે, તેના પ્રથમ તબક્કામાં રૂ. ૨૪૮૯ કરોડના ખર્ચે ૨૨ ચો.કિ.મી. વિસ્તારમાં રોડ સર્વિસિઝ, વહીવટી મકાન અને વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટની કામગીરી ટૂંક સમયમાં શરૂ થઈ જશે. આ કામગીરીના સતત મોનિટરિંગ માટે ધોલેરા સર અંતર્ગત પ્રથમ અને બીજા તબક્કામાં રોડ સર્વિસિઝ, વહીવટી બિલ્ડિંગ, વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ, સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાઈપલાઈન દ્વારા પાણી, સૂએઝ ટ્રિટમેન્ટ, કોમન એફલ્યુઅન્ટ ટ્રિટમેન્ટ પ્લાન્ટ તથા પાવર ટ્રાન્સમિશન, ઈન્ટરનેટ તથા ગેસ પાઈપલાઈન જેવી કામગીરી ઝડપભેર હાથ ધરાશે. આ તમામ કામગીરી ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં પૂર્ણ થઈ જાય તે રીતે આયોજન કરાયું છે. ઉલ્લેખનીય છે કે રસ્તાઓ માટે રૂ. ૨૦૦૦ કરોડનો ખર્ચ થશે. જ્યારે ધોલેરા સર માટે રૂ. ૧૦૦ કરોડનો ખર્ચ થશે. ભારત સરકારે પણ ધોલેરા સર પ્રોજેક્ટ માટે નાણાકીય મંજૂરી આપતા દેશમાં બનનાર એકસો સ્માર્ટ, સિટીમાંથી સ્માર્ટ સિટી તરીકે સૌ પ્રથમ ધોલેરાનું કામ શરૂ થશે. ધોલેરા સરની મંજૂરી મળતા હવે રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય ધોરણે ટેન્ડર બીડની કાર્યવાહી ઝડપી બનશે. હાલમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનાં ૧૩ બીડ તો નોંધાઈ પણ ગયા છે. ધોલેરા સરના પ્રોજેક્ટના કારણે એક સમયના અતિ પછાત એવા ધોલેરા પંથકની રોનક તેના સર્વોચ્ચ શિખરે હશે એટલું જ નહીં પણ ધોલેરા સમગ્ર દેશનું ગૌરવ બને એવું આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્માર્ટ સિટી બનશે એમાં કોઈ શક નથી.

**ધોલેરામાં બનાવાશે દુબઈને ટક્કર માટે એવું એરપોર્ટ**

આ દરમિયાન ગુજરાત સરકાર રાજ્યના પ્રાચીન બંદરીય શહેર ધોલેરામાં નવું એરપોર્ટ બનાવવા વિચારે છે, આ એરપોર્ટને તે એવું વર્લ્ડ ક્લાસ સુવિધાવાળું બનાવવા માગે છે જે ગ્લોબલ હબ તરીકે દુબઈની ટક્કર લેશે. ગુજરાત સરકારનો ધોલેરા એરપોર્ટ પ્રોજેક્ટ અંદાજે રૂ. ૧૦૦૦ કરોડનો છે. સરકાર હસ્તકની કંપની ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટના જનરલ મેનેજરનું કહેવું છે કે ધોલેરા એરપોર્ટ અમદાવાદ માટે વૈકલ્પિક એરપોર્ટ બનશે. અમદાવાદ એરપોર્ટની ક્ષમતા આવતા પાંચ વર્ષમાં પૂરી થઈ જશે. ધોલેરા શહેર અમદાવાદથી લગભગ ૧૦૦ કિ.મી. દૂર આવેલું છે. શાંઘાઈ કરતા કદમાં છ ગણા મોટા ધોલેરા શહેરને ૨૦૨૫ સુધીમાં મેગાસિટી બનાવવાની યોજના છે.

## ઊડીને આંખે વળગે એવો મુંદ્રાબંદરનો વિકાસ

છેલ્લા દાયકામાં અગાઉ માત્ર એક ગામ તરીકે જાણીતા કચ્છના મુંદ્રાબંદરનો જે વિકાસ થયો છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. કચ્છના કિનારે વર્ષોથી કંડલા મહાબંદર કાર્યરત છે પરંતુ તેની ઊણપોનો અભ્યાસ કરીને અને દેશવિદેશમાંથી ઉપલબ્ધ અનેક આધુનિક ટેક્નોલૉજી દ્વારા મુંદ્રા બંદરને દરિયાઈ માર્ગે આવતા માલસામાનની હેરફેર માટે અદ્યતન બંદર બનાવી નાખ્યું છે. રેલવેલાઈન દ્વારા કન્ટેનરો દેશના દૂરદૂરના ભાગોમાં પહોંચાડાય છે અને મોટરકારો તથા વિદેશથી આવતા મોટા-મોટા યંત્રોને દેશમાં જે તે સ્થળે પહોંચાડતા આઠ થી બાર પૈડાંના ખટારાઓની અવરજવરથી આ બંદરનો માર્ગ સદાય વ્યસ્ત રહે છે. અહીં પણ સારી એવી સંખ્યામાં એન્જિનિયરો, તજજ્ઞો અને સામાન્ય કર્મયોગીઓને રોજગારી ઉપલબ્ધ થઈ છે. મુંદ્રા બંદરના વિકાસને કારણે મુંબઈ અને કંડલા બંદરોએ વિદેશથી માલ લાવતી સ્ટીમરો, કાર્ગો જહાજો વગેરેને માલ લોડ-અનલોડ કરવા માટે જે રાહ જોવી પડતી હતી તેમાં પણ ઘણી રાહત થઈ ગઈ છે.

## મેન્યુફેક્ચરિંગને વેગ આપવા કરરાહતોથી આગળ વિચારવું પડશે

રોકાણકારોને ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન મળે તે માટે કરરાહતોનો વરસાદ વરસાવવાનું અગાઉ સરકાર વિચારી રહી હતી. ખરેખર તો કરમાળખાંને ખોરવી નાખતી છૂટછાટો-સબસિડી વગેરે ઓછામાં ઓછી આપવાની નીતિ હોવી જોઈએ. નાણાં મંત્રાલયે સેઝ (સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન)માં ડેવલપર્સ અને યુનિટ્સ પર લઘુત્તમ વૈકલ્પિક ટેક્સ લદાય તે માટે બહુ કપરી લડત આપી રહ્યું છે. વાણિજ્ય મંત્રાલય ઘરઆંગણે ઉત્પાદનને વેગ આપવા માટે સેઝમાં આ મેટના પસંદગીના દરો રાખવા આગ્રહ કરી રહ્યું છે. માત્ર સેઝ જ મેન્યુફેક્ચરિંગને વેગ આપી શકે તે તર્ક જ ખોટો છે કારણ કે ખરેખર તો સમગ્ર દેશને કાર્યક્ષમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કરવેરા શ્રૃંખલાઓમાંથી છૂટકારાની જરૂર છે. શક્ય છે કે અલગ અલગ દરોનો દુરુપયોગ થઈ શકે કારણ કે પછી ઉત્પાદકો કર બચાવવા માટે યુનિટ્સનું વિભાજન કરી દેશે. સરકારે સીધા વેરામાં સુધારા માટે સરળીકરણનો આદર્શ ત્યાગવો ન જોઈએ. આવું જ પરોક્ષ વેરાની બાબતમાં છે. આર્થિક સુધારા પહેલાંના દિવસોમાં થતું હતું તેમ ચોક્કસ સેક્ટર્સ માટે ખાસ રચાયેલાં ડ્યૂટી માળખાં ઓફર કરવાની લાલચ ત્યજવી જ જોઈએ. બહુવિવિધ દરો, છૂટછાટો ડ્યૂટી રાહતો વગેરે સીધા વેરા સુધારાના ખ્યાલથી વિરુદ્ધ જાય છે. ૧૯૯૮માં તત્કાલીન કેન્દ્રીય નાણાંમંત્રી શ્રી યશવંતસિંહાએ પરોક્ષ વેરાઓની સંખ્યા ઘટાડવાનો પ્રારંભ કર્યો હતો અને ત્યારથી મોટાભાગે આ વેરાઓ એકબીજામાં ધીમે ધીમે વિલીન થતા જાય છે. અત્યારે નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આ પ્રથા ત્યજવાની જરૂર નથી. અર્થતંત્રમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો હિસ્સો વધારવો હોય તો કેન્દ્ર અને રાજ્યોએ ઉત્પાદનના દરેક તબક્કે વેરાને નાબૂદ કરતા ગુડ્ઝ ઍન્ડ સર્વિસ ટેક્સનો તાકીદે અમલ કરવો જોઈએ. નિકાસો પર શૂન્ય વેરાનો મતલબ થશે કે વિશ્વ બજારમાં આપણાં ઉત્પાદનો કિફાયતી બનશે. રાજ્ય સરકારોએ પણ જમીન સંપાદન નિયમો, પર્યાવરણીય મંજૂરીઓ, શ્રમ કાયદાઓમાં સુધારા કરવા પડશે અને ઘરઆંગણે ઉત્પાદનને રોકાણકારો માટે આકર્ષક બનાવવું પડશે.

## ગુજરાત પર કુદરત મહેરબાન

ભારતના પશ્ચિમ કિનારે આવેલા ગુજરાતને કુદરતે ઘણું બધું આપ્યું છે. સમગ્ર રાજ્યમાં સૂર્યદેવ મહેરબાન, ૧૫૦૦ કિલોમીટરનો દરિયાકિનારો અને એ કારણે પવનચક્કીની મદદથી વીજઉત્પાદન. બીજી તરફ સિંચાઈનાં સ્રોત મર્યાદિત હોવા છતાં મગફળીનું મબલખ ઉત્પાદન, વિપુલ કપાસ અને શેરડીનું ઉત્પાદન અને કેરી અને કેળાં જેવાં ફળોનું ઉત્પાદન. આ બધાનો અત્રે ઉલ્લેખ કરવો એટલા માટે જરૂરી છે કે ખાસ કરીને કાચા માલની નિકાસ કરવાને બદલે તેમાંથી ખાદ્યપદાર્થો દ્વારા મૂલ્યવર્ધનનો લાભ લઈને તેના સંગ્રહ માટેના પ્લાન્ટો અને કારખાનાઓ સ્થાપી ખાદ્ય પદાર્થ પ્રક્રિયા ઉદ્યોગનું મોટાપાયા પર વિસ્તરણ થઈ શકે એમ છે. તેમાંથી પુષ્કળ વળતર મળવા ઉપરાંત જબરજસ્ત રોજગારી ઊભી કરી શકાય એમ છે. આ માટે સાંગોપાંગ ઉત્પાદન અને વિતરણનું કાર્યક્ષમ નેટવર્ક સ્થાપવું સલાહભર્યું છે.

**લેખક ગુજરાતી યોજનાના પૂર્વ તંત્રી છે.**

**યોજના વાંચો**
**યોજના વંચાવો**
**યોજના વસાવો**

# માનવ વિકાસના તત્ત્વો

• ડૉ. કે. ડી. સોલંકી •

ઐતિહાસિક પુરાવા દર્શાવે છે કે, માનવ સમાજે આર્થિક અને સામાજિક પ્રગતિ બહુ જ ધીમી ગતિએ કરી છે. આ ગતિમાં ઝડપ લાવવા સમાજની માનવશક્તિનો અને સંસ્થાઓનો વિકાસ કરી તેમનો ઉપયોગ કરવો જોઈએ. શિક્ષણ એ માનવ સંશાધન વિકાસ માટેનું સર્વોત્તમ સાધન છે. શિક્ષણ દ્વારા જ સર્વાંગી વિકાસ શકય છે. પછી તે કોઈપણ ક્ષેત્રે હોય પરંતુ તેના વિકાસ માટે તેને સંલગ્ન શિક્ષણ અતિ આવશ્યક અંગ છે. માનવીના સર્વાંગી વિકાસ માટે લોકોની જરૂરિયાત અને સહયોગ ઉપર શિક્ષણ રચાયેલું હોવું જોઈએ. આ વિધાન સૂચવે છે કે, શિક્ષણને માનવી સાથે સંબંધ છે અને માનવીને સર્વાંગી વિકાસ સાથે સંબંધ છે. આ માનવીઓ ગામડાંના કે શહેરના પણ હોઈ શકે. તેઓ સ્ત્રી, પુરુષ અથવા બંને સમૂહમાં પણ હોઈ શકે. શિક્ષણ આ તમામનો આર્થિક, સામાજિક, ભૌતિક, માનસિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિકાસ કરવા માટે છે. એટલું જ નહિ પરંતુ આ વિકાસ લોકોના સહયોગ અને સ્વપ્રયત્નથી મેળવવાનું ધારવામાં આવે છે.

શિક્ષકે શૈક્ષણિક પ્રક્રિયા દ્વારા વૈજ્ઞાનિક જ્ઞાન લોકોને આપવાનું છે. આ જ્ઞાન સાથે લોકોના પ્રત્યક્ષ ઉપયોગી અનુભવો તેમજ તેમની પરિસ્થિતિમાં વિજ્ઞાનમાંથી તારવેલા સિદ્ધાંતોનો સમન્વય કરી લોકોને ઉપયોગી એવું માર્ગદર્શન પૂરું પાડે છે. આ જ્ઞાન દ્વારા લોકો પોતાની જરૂરિયાતો ઓળખે છે, પોતાના સંજોગો પ્રમાણે તે જ્ઞાનનો ઉપયોગ કરે છે. આ જ્ઞાનના ઉપયોગથી અનેક પ્રશ્નો ઉદ્ભવે છે, જેનો નિવેડો સંશોધન પ્રક્રિયા દ્વારા મેળવવામાં આવે છે. આમ શિક્ષણ દ્વારા લોકોમાં રસ અને ઈચ્છા પેદા કરી શકાય છે અને લોકોને પોતાની શક્તિમાં આત્મવિશ્વાસ કેળવવામાં મદદ કરે છે. આ આત્મવિશ્વાસ દ્વારા તેઓ રૂઢિચુસ્ત માનસ પ્રમાણે વર્તન કરવાને બદલે નવા વિચારો અને પ્રવૃત્તિઓ અપનાવવા માટે પ્રેરણા મેળવે છે. આમ શિક્ષણ લોકોને જવાબદારી ઉપાડવાની તેમજ નિર્ણય લેવાની શક્તિ પ્રદાન કરે છે. લોકોને આયોજન, અમલ અને મૂલ્યાંકનની પ્રક્રિયામાં સામેલ થવાની પૂરતી તકો પૂરી પાડે છે. ઉચ્ચ જીવનની આકાંક્ષાઓ અને ઈચ્છાઓ સિદ્ધ થવા માટે કાર્યશીલ થવા માટે પ્રેરણા પૂરી પાડે છે. લોકો જે રીતનું જીવન જીવે છે. તેમાં અસંતોષ ઉભો કરવામાં આવે છે. આવું ઉચ્ચ જીવન જીવવાની અભિલાષા અને અભિરુચિ ઉત્પન્ન કરવામાં આવે છે. આવું ઉચ્ચ જીવન જીવવાના ખ્યાલ આપવા માટે શિક્ષણના જુદા જુદા પ્રકારો અને જુદી જુદી પદ્ધતિઓ દ્વારા સત્ય હકીકતની રજૂઆત કરવામાં આવે છે. સત્ય હકીકતની રજૂઆત, પૃથ્થકરણ અને ચર્ચાથી લોકોના પ્રશ્નો ઓળખી શકાય છે. આ પ્રશ્નોના નિરાકરણની પદ્ધતિઓનો ઉપયોગ તેમજ નિર્ણય કરવાનું કામ લોકો ઉપર છોડી દેવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થા તો ફક્ત કયા કયા પ્રશ્નો છે તે ઓળખવામાં અને નિરાકરણ કરવામાં શૈક્ષણિક પ્રક્રિયાનો ઉપયોગ કરે છે. પરંતુ છેવટનો નિર્ણય લેવાનું કામ તો લોકો ઉપર જ છોડવામાં આવે છે. કારણ કે આ શૈક્ષણિક પ્રક્રિયા લોકોની સ્વતંત્રતામાં માને છે.

**શિક્ષણના તત્ત્વો**

**(૧) માનવી પોતે**

આપણો દેશ લોકશાહી સિંદ્ધાતોને વરેલો છે. તેમાં લોકશાહી અને આગેવાનોના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેથી દેશના વૈજ્ઞાનિકોએ, કેળવણીકારોએ, સામાજિક કાર્યકરોએ અને વહીવટકર્તાઓએ વિકાસ કાર્યક્રમમાં માનસ પરિવર્તન ઉપર વધુને વધુ ભાર મુકવો જોઈએ. શૈક્ષણિક કાર્યક્રમને બહુ જ ઓછા લોકોએ માનવ તત્વના વિકાસની દ્રષ્ટિએ નિહાળ્યો છે. તેમણે ભૌતિક લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં જ પોતાની સિધ્ધિ માની છે. પરંતુ વહીવટમાં કામ કરતી એક એક વ્યક્તિ આ કાર્યક્રમને માનવીના વિકાસની દ્રષ્ટિએ ન જુએ ત્યાં સુધી શૈક્ષણિક કાર્યક્રમ અસરકારક થવાની શકયતા ઓછી છે. શિક્ષણની પ્રક્રિયામાં માનવી એક મુખ્ય અંગ છે. આ અંગના વિકાસ માટે માનવ વ્યક્તિત્વને ઓળખવું જોઈએ અને નીચેની માનવ શક્તિઓમાં વિશ્વાસ રાખવો જોઈએ.

(૧) માનવી પોતાની સામાજિક અને ભૌતિક પરિસ્થિતમાં અને

વાતાવરણમાં માનસિક પરિવર્તન કરવાની શક્તિ ધરાવે છે.

(૨) નવા વિચારો, વલણો, કુશળતા અને કાર્ય શક્તિ વારસાગત ધરાવે છે.

(૩) દલીલ કરવાની, પ્રેમની અને ધિક્કારની લાગણી પણ ધરાવે છે.

(૪) પૂરેપૂરી હકીકત અને તક પૂરી પાડવામાં આવે તો નિર્ણય લેવાની શક્તિ ધરાવે છે.

(૫) વાતાવરણને સુધારવા માનસિક અને શારીરિક બળ વાપરવાની શક્તિ ધરાવે છે.

આ માનવ શક્તિઓને ઓળખવામાં આવે અને તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો શૈક્ષણિક કાર્ય વધુ અસરકારક થઈ શકે.

**(૨) માનવીની આજુબાજુનું વાતાવરણ**

માણસ ગમે તેટલી માનવશક્તિ ધરાવતો હોય પરંતુ તેણે સામાજિક પરિબળોને ધ્યાનમાં લેવા પડે છે. સમાજના મૂલ્યો, રૂઢિઓ, રીતરિવાજો, જ્ઞાતિઓ, જૂની પુરાણી સંસ્થાઓ વગેરે તેના જીવન ઉપર આરૂઢ થયેલા પરિબળો હોય છે. આ પરિબળોનો સામનો કરવો મુશ્કેલ હોય છે. તેથી તેણે પોતાની ઈચ્છા વિરૂદ્ધ પણ અમુક રીતે વર્તવાની ફરજ પડે છે. આર્થિક અને ભૌતિક વાતાવરણના પરિબળો તેના વર્તન ઉપર અસર કરે છે કારણ કે માનવ એ એક સામાજિક પ્રાણી છે. ઓછી આવક, નાણાકીય સુવિધાઓ, રહેઠાણની અગવડ, બેકારી, અપુરતું શિક્ષણ, વધુ વસ્તી અને જીવન જરૂરિયાતની પ્રાથમિક જરૂરિયાતની અગવડ વગેરે પરિબળો પણ લોકોના વર્તનમાં અને કાર્યમાં મહત્વનો ફાળો આપે છે.

નવીન વિચારો અને પ્રવૃત્તિઓ અપનાવવા માટે માનવીની અંતરની ઈચ્છાઓ હોવા છતાં તેની આજુબાજુનું વાતાવરણ અને તેની અસર કરતાં પરિબળો એટલાં હોય છે કે તે અંતરની ઈચ્છાના બળને પ્રગટ થવા દેતા નથી. તેથી માનવી પોતાની ઈચ્છા પ્રમાણે નિર્ણય લઈ શકતો નથી. તેણે વાતાવરણના પરિબળોનો સામનો કરવા માટે માનવસર્જિત સાધનો અને ઉપયોગોનો આશરો લેવો પડે છે.

**(૩) માનવસર્જિત સાધનો**

માનવી પોતાની બુદ્ધિ, શક્તિ અને સમાજનો ઉપયોગ કરી લોકોના વિકાસમાં મદદરૂપ થાય એવા ઉપાય, સાધન સામગ્રી અને સંસ્થાઓ ઉભી કરે છે.

સ્વતંત્રતા પહેલાં ભારતમાં પણ વિકાસની પ્રગતિ બહુ જ ધીમી હતી. આઝાદી બાદ આ પ્રગતિમાં વેગ લાવવા માટે સામુદાયિક વિકાસ યોજનાઓ, પંચવર્ષિય યોજનાઓની શરૂઆત કરવામાં આવી છે. આ યોજનાઓ એક માનવ સર્જિત બાહ્ય છે કે જેના દ્વારા લોકોનું સર્વાંગી વિકાસ સાધવાનું આપણું ધ્યેય છે. એક બાજુએ માનવીની લાગણી અને જરૂરિયાતો દ્વારા તેની ઉર્મિઓ પ્રદર્શિત થાય છે જયારે બીજી બાજુ બાહ્ય પરિબળોની અસર હોય છે. અંતરની લાગણીઓ અને બાહય પરિબળો વચ્ચે સંઘર્ષ ઉભો થાય છે. જેટલા પ્રમાણમાં આ બંને વચ્ચેનું અંતર વધારે તેટલા પ્રમાણમાં માનવીની જરૂરિયાત કહી શકાય.

**ઉદાહરણ તરીકે**

(૧) પાકનું ઉત્પાદન ઓછું છે તે વધારવાની ખેડૂતની ઈચ્છા છે.

(૨) પરંતુ તેની પાસે આર્થિક સગવડ નથી તે તેનું વાતાવરણ છે.

(૩) વધુ ઉત્પાદન મેળવવા માટે ધિરાણની સગવડ મળે તે ખેડૂતની જરૂરિયાત છે.

(૪) સહકારી સંસ્થા ઉભી કરવી તે માનવસર્જિત ઉપાય છે.

આમ આ સંસ્થા દ્વારા ખેડૂત ધિરાણ મેળવી અને વધુ ઉત્પાદન મેળવે અને તેનું જીવન આબાદ થાય તે શિક્ષણનું ધ્યેય છે.

માનવીની અંતરની ઉર્મિઓ અને શક્તિઓ તેમજ વાતાવરણમાંથી ઉદભવતાં અનૌપચારિક પરિબળો વચ્ચેનો ગાળો ઓછો કરવા માનવી પોતે હંમેશાં પ્રયત્નશીલ રહે છે, ઉપાયો શોધે છે તે માટે સંસ્થાઓ ઉભી કરે છે. આ સંસ્થાઓના ઉપયોગ અને દોરવણીથી તેની જરૂરિયાતો સંતોષાય છે.

તાલીમ પામેલા માણસો, વૈજ્ઞાનિક જ્ઞાન, સુધારેલાં ઓજારો, સુધારેલી ખેતી પ્રવૃતિઓ, વાહન વ્યવહારની સગવડો, જુદી જુદી સમિતિઓ વગેરેને પણ માનવ સર્જિત સાધનો ગણી શકાય છે.

આ રીતે માનવ તત્વને યોગ્ય રીતે સમજી લોકોના ઉત્કર્ષ માટે માનવ સર્જિત સાધનોનો ઉપયોગ વાતાવરણમાં પ્રતિકૂળ પરિબળોનો સામનો કરવાની તાકાતનો જેટલા પ્રમાણમાં સંચાર કરી શકે તેટલા પ્રમાણમાં માનવ વિકાસનું કામ ઝડપી થાય છે જે માટે શિક્ષણ મેળવવાની સગવડ પૂરી મળે તે માટે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લોકોને શિક્ષિત બનાવવાની બાબતને અગ્રિમતા આપવી જોઈએ.

**લેખક સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં સહ વિસ્તરણ શિક્ષણ નિયામક છે.**


જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા

# ગાંધીકથાના રચયિતા નારાયણભાઈ દેસાઈ

ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ, વિખ્યાત ગાંધીવાદી અને ગાંધીકથાના રચયિતા એવા નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈનું ૯૦ વર્ષની વયે તાજેતરમાં અવસાન થયું. આ વિરલ વ્યક્તિના જીવનમાં ડોકિયું કરતાં જણાશે કે તેઓ સાચા અર્થમાં ગાંધીવાદી હતા.

૨૪ ડિસેમ્બર, ૧૯૨૪ના રોજ તેઓનો જન્મ વલસાડ ખાતે થયો હતો. તેઓએ તેમના જીવનનાં પ્રથમ ૨૦ થી વધુ વર્ષો મહાત્મા ગાંધીના સાબરમતી આશ્રમમાં અને સેવાગ્રામ આશ્રમોમાં ગાળ્યાં હતાં. જીવનનાં ઉચ્ચ મૂલ્યોનું શિક્ષણ તેઓને મહાત્મા ગાંધી, આચાર્ય વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણના સાંનિધ્ય દ્વારા શીખવા મળ્યું હતું. તેઓએ શાળા શિક્ષણ પ્રાપ્ત નહોતું કર્યું, પરંતુ આશ્રમમાં જ આચાર્ય ભણશાળી, રાજકુમારી અમૃતકૌર, સાદિક અલી, આચાર્ય નરેન્દ્ર દેવ તથા ચક્રવર્તી રાજગોપાલાચારી જેવા અધ્યાપકો દ્વારા સમયાંતરે શિક્ષણ મળતું રહ્યું, કોઈ અભ્યાસક્રમ નહિ, કોઈ પરીક્ષા નહિ એવી તાલીમ તેઓને સેવાગ્રામની ખુલ્લી વિદ્યાપીઠ દ્વારા મળી. ૧૯૪૬ સુધી તેઓએ પિતા શ્રી મહાદેવભાઈ દેસાઈના સહાયક તરીકે ગાંધીજીના સચિવાલયમાં કાર્ય કરતાં શિક્ષણ પ્રાપ્ત કર્યું. સેવાગ્રામની પ્રાથમિક શાળા અને સુરત જિલ્લાના વેડછી ખાતેની ગ્રામશાળામાં શિક્ષક તરીકે તેઓએ કામ કર્યું. સમયાંતરે અખિલ ભારતીય શાંતિસેના તેમજ રાષ્ટ્રીય લોકસમિતિના મંત્રીપદ, પીસ બ્રિગેડ ઇન્ટરનેશનલનું ડાયરેક્ટર પદ સંભાળ્યું તથા 'ભૂમિપુત્ર' (ગુજરાતી), યકીન, બુનિયાદી યકીન, તરૂણાયન (હિન્દી)નું સંપાદન કાર્ય સંભાળવા સહિતનાં સમાજ નિર્માણનાં કાર્યો કર્યાં. આ બધાં કાર્યોમાં નારાયણભાઈના ચારિત્ર્ય ઘડતરનું તત્ત્વ હતું, ગાંધીજીની નિકટતામાં પસાર કરેલ ૧૦ વર્ષ, વિનોબા ભાવેના ભૂદાન યજ્ઞમાં વિતાવેલ ૧૪ વર્ષ તથા જયપ્રકાશ નારાયણની સાથે શાંતિસેનાની કામગીરીમાં સમર્પિત ૧૮ વર્ષ.

૧૯૪૭માં નારાયણ દેસાઈ પરિવાર સહિત આદિવાસી ગામ વેડછી ખાતે સ્થાયી થયા અને અહીંથી જ તેઓનાં સાહિત્ય સર્જનની શરૂઆત થઈ. તેઓને સંયુક્ત રાષ્ટ્રનો શાંતિ પુરસ્કાર, નર્મદ ચંદ્રક, રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર, રણજીતરામ સુવર્ણચંદ્રક, જમનાલાલ બજાજ એવોર્ડ, દર્શક એવોર્ડ, ઉમાશંકર-સ્નેહરશ્મિ જેવા નામાંકિત પુરસ્કારોથી સન્માનિત કરાયા છે. ''મારું જીવન એ જ મારી વાણી'' શીર્ષક હેઠળ મહાત્મા ગાંધીનું જીવનચરિત્ર લખવા બદલ તેઓને ભારતીય



જ્ઞાનપીઠનો ૨૦૦૪ના વર્ષનો મૂર્તિદેવી એવોર્ડ મળેલ હતો. ચાર ભાગમાં લખાયેલ આ ગ્રંથ એક વિરલ રચનાત્મક સિમાચિહ્ન છે. આ કૃતિ દ્વારા ગાંધીજીના જીવન, ચિંતન અને તેઓએ આપેલ યોગદાનનું આત્મીય વિવેચન અને મૂલ્યાંકન કરાયેલ છે. આ ગ્રંથમાં વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીના પળેપળનું મહાકાવ્યાત્મક વિવેચન આલેખવામાં આવ્યું છે.

નારાયણભાઈ દેસાઈ ગાંધીકથા થકી બોલાતા લોક માધ્યમ તરફ વળ્યા હતા. તેમણે રાજ્ય, રાષ્ટ્ર અને વિદેશમાં ૧૦૮ જેટલી ગાંધીકથાઓ કરીને ગાંધી વિરોધી કેટલીક ગેરસમજ દૂર કરીને ગાંધીવિચારના અમૂલ્ય વારસાનો અહેસાસ કરાવ્યો છે.

અનેક ભાષાના જાણકાર એવા નારાયણભાઈએ ૫૦ જેટલાં પુસ્તકો લખેલ છે. તેઓની જાણીતી સાહિત્યિક કૃતિઓમાં ''સંત સેવતા સુકૃત વાધે', 'રવિ છબી', ''ટુવર્ડઝ અ નોન-વાયોલન્ટ રિવોલ્યુશન', 'મને કેમ વિસરે રે' 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' તથા 'મારું જીવન એ જ મારી વાણી' (ભાગ ૧ થી ૪)નો સમાવેશ થાય છે. ''અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ''માં પિતા શ્રી મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર આલેખાયું છે જેને તેઓ પિતૃતર્પણ તરીકે ગણાવ્યું છે. મહાદેવભાઈએ જીવનનાં મોટા ભાગનાં વર્ષો ખાદી, નઈ તાલીમ, ભૂદાન-ગ્રામદાન, શાંતિસેના અને અહિંસક આંદોલન પાછળ ગાળ્યાં હતાં. તેઓએ સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછી દ્વારા સાચા અર્થમાં કેળવણી, તાલીમ અને વૈકલ્પિક જીવનશૈલીના ઘડતરનું કાર્ય કર્યું છે. દુનિયાભરમાં ચાલતી નિઃશસ્ત્રીકરણ અને પરમાણુવિરોધી ચળવળના સક્રિય કાર્યકર તરીકે તેમણે વિશ્વના ૪૦ દેશોમાં ભ્રમણ કર્યું હતું.

**– શ્રી રાજેન્દ્ર ખીમાણી**
કુલસચિવ
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ માર્ચ, ૨૦૧૫
પોસ્ટિંગ તા. ૧ એપ્રિલ, ૨૦૧૫

## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| પુસ્તકનું નામ | કિંમત |
|---|---|
| માદામ ભિખાઈજી રુસ્તમજી કામા | ૬૦-૦૦ |
| ઠક્કરબાપા | ૮૦-૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦-૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ | ૭૦-૦૦ |
| વૈજ્ઞાનિકો | ૪૫-૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦-૦૦ |
| આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫-૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬-૦૦ |
| સૌંદર્ય મીમાંસકો | ૫૦-૦૦ |
| કાલીદાસ કહાની | ૩૨-૦૦ |
| વાલ્મીકિ અને વ્યાસ | ૨૨-૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦-૦૦ |
| રામાયણ, મહાભારત અને ભાગવત લેખકો | ૮૫-૦૦ |
| દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮-૦૦ |
| તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮-૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | ૧૦૦-૦૦ |
| રાજકુમારી નિહાલદે | ૧૨-૦૦ |
| દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦-૦૦ |
| સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮-૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦-૦૦ |
| સંગીતજ્ઞો | ૪૫-૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦-૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેર | ૭૨-૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫-૦૦ |
| કવિઓ નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫-૦૦ |
| લાલબહાદુર શાસ્ત્રી | ૭૦-૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦-૦૦ |
| ગુરુનાનકથી ગુરુગ્રંથ સાહેબ સુધી | ૧૬૦-૦૦ |
| ગાંધી-સચિત્ર જીવનકથા | ૧૨૫-૦૦ |
| નાના સાહેબ પેશ્વા | ૧૨૦-૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફુલે | ૧૫૦-૦૦ |
| | રૂ. ૭૦૫-૦૦ |
| | કુલ રૂ. ૨૫૯૮-૦૦ |

## યોજના કાર્યાલય

લૉંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅન્ક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail : yojanagujarati@gmail.com

O.I.G.S.

**YOJANA (GUJARATI), April 2015**

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેન્કની ઉપર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

**Printed and Published by Dr. (Ms) Sadhana Rout, Additional Director General and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, Lodhi Road, New Delhi-110 003**
Printed By : **Sahitya Mudranalaya Pvt. Ltd.**, 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 • Phone : 25469101-02
**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 26100207 / 26105590**